GOVERNMENT OF GUJARAT
ગુજરાત સરકાર

General Administration Department
સામાન્ય વહીવટ વિભાગ

“Sardar Patel Good Governance CM Fellowship Programme 2027–28”
“સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશિપ કાર્યક્રમ ૨૦૨૭–૨૮”

NOTIFICATION / જાહેરનામું

Enclosed with this notification are:

1. General Administration Department Government Resolution No. GAD/MSM/e-file/1/2023/7162/ARTD-2, dated 24/11/2023 (in Gujarati and English);
2. General Administration Department Government Resolution No. GAD/MSM/e-file/1/2024/6058/ARTD-2, dated 18/11/2024 (in Gujarati);
3. General Administration Department Government Resolution No. GAD/MSM/e-file/1/2025/6138/ARTD-2, dated 22/12/2025; and
4. General Administration Department Government Resolution No. GAD/MSM/e-file/1/2025/6138/ARTD-2, dated 26/10/2026.

In the event of any discrepancy or dispute concerning the GRs, the Gujarati version shall prevail.

આ જાહેરનામા સાથે નીચે મુજબના ઠરાવો સામેલ છે:

1. સામાન્ય વહીવટ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2023/7162/ARTD-2, તા. ૨૪/૧૧/૨૦૨૩ (ગુજરાતી અને અંગ્રેજીમાં);
2. સામાન્ય વહીવટ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2024/6058/ARTD-2, તા. ૧૮/૧૧/૨૦૨૪ (ગુજરાતીમાં);
3. સામાન્ય વહીવટ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2025/6138/ARTD-2, તા. ૨૨/૧૨/૨૦૨૫; અને
4. સામાન્ય વહીવટ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2025/6138/ARTD-2, તા. ૨૬/૧૦/૨૦૨૬.

ઠરાવો સંબંધે કોઈ પણ વિસંગતતા કે વિવાદના કિસ્સામાં ગુજરાતી સંસ્કરણ માન્ય ગણાશે.

The Government of Gujarat is implementing the Sardar Patel Good Governance CM Fellowship Programme to strengthen good governance through innovative approaches to policy formulation, public service delivery and administrative reform. The Programme aims to engage talented and motivated individuals who can contribute to the development of Gujarat, support government departments in improving administrative efficiency and service delivery, and act as catalysts for innovation, accountability and excellence. The Programme will be implemented in accordance with the applicable GRs and official communications issued by the General Administration Department, Government of Gujarat.

ગુજરાત સરકાર દ્વારા નીતિ ઘડતર, જાહેર સેવા વિતરણ તથા વહીવટી સુધારાના ક્ષેત્રે નવીન અભિગમો અપનાવીને સુશાસનને વધુ સુદૃઢ બનાવવા માટે સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશિપ કાર્યક્રમનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ એવી પ્રતિભાશાળી અને પ્રેરિત વ્યક્તિઓને જોડવાનો છે, જેઓ ગુજરાતના વિકાસમાં યોગદાન આપી શકે, વહીવટી કાર્યક્ષમતા તથા સેવા વિતરણમાં સુધારો લાવવામાં સરકારી વિભાગોને સહયોગ આપી શકે તથા નવીનતા, જવાબદારી અને ઉત્કૃષ્ટતા માટે પ્રેરક બળ તરીકે કાર્ય કરી શકે. આ કાર્યક્રમનો અમલ સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ લાગુ પડતા સરકારી ઠરાવો તથા સત્તાવાર પત્રવ્યવહાર અનુસાર કરવામાં આવશે.

Applicants must apply online on the CM Fellowship website (https://spggcmf.gujarat.gov.in/) or on the Online Job Application System (OJAS) website (https://ojas.gujarat.gov.in/) from **01/11/2026** to **15/12/2026 (up to 11:59 PM)**.

અરજદારોએ તા**.** ૦૧/૧૧/૨૦૨૬ થી તા**.** ૧૫/૧૨/૨૦૨૬ **(**રાત્રે ૧૧:૫૯ કલાક સુધી**)** દરમિયાન સી.એમ. ફેલોશિપની વેબસાઇટ (https://spggcmf.gujarat.gov.in/) અથવા ઓનલાઇન જોબ એપ્લિકેશન સિસ્ટમ (OJAS)ની વેબસાઇટ (https://ojas.gujarat.gov.in/) પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.

https://spggcmf.gujarat.gov.in/	Sardar Patel Good Governance CM Fellowship Programme 2027–28 સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશિપ કાર્યક્રમ ૨૦૨૭–૨૮
https://ojas.gujarat.gov.in/	Sardar Patel Good Governance CM Fellowship Programme 2027–28 સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશિપ કાર્યક્રમ ૨૦૨૭–૨૮

Monthly Stipend: ₹1,10,000 (₹1,00,000 stipend + ₹10,000 LTA), as per the GR dated 24/11/2023.
માસિક સ્ટાઇપેન્ડ**:** ₹૧,૧૦,૦૦૦/- (₹૧,૦૦,૦૦૦/- સ્ટાઇપેન્ડ + ₹૧૦,૦૦૦/- એલ.ટી.એ.), તા. ૨૪/૧૧/૨૦૨૩ના ઠરાવ મુજબ.

Tenure: One year, extendable as provided in the GR, subject to a satisfactory annual performance review.
સમયગાળો**:** એક વર્ષ; સંતોષકારક વાર્ષિક કામગીરી મૂલ્યાંકનને આધીન, ઠરાવમાં કરેલ જોગવાઈ મુજબ લંબાવી શકાશે.

Age Limit: Not more than 35 years as on 15/12/2026.
વયમર્યાદા**:** તા. ૧૫/૧૨/૨૦૨૬ની સ્થિતિએ ૩૫ વર્ષથી વધુ નહીં.

Application Fee: ₹500 (Rupees Five Hundred only), compulsory and non-refundable. An application without successful fee payment is invalid. Please retain the payment confirmation.
અરજી ફી**:** ₹૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા), ફરજિયાત અને પરત મળવાપાત્ર નથી. ફી ની સફળ ચૂકવણી વિનાની અરજી અમાન્ય ગણાશે. ફી ચુકવણીની પુષ્ટિ (પેમેન્ટ કન્ફર્મેશન) સાચવી રાખવી.

Important things to keep in mind while applying

- Applicants who have participated in CM Fellowship Programme in Gujarat or any other states are not eligible to apply for this Program.
- Applicants who are serving as Government Employees/Officers in Central Government, State Governments, PSU, Boards or Corporations are ineligible to apply for this Programme.
- Applicants must have passed the SSC, HSC and graduation examinations with a minimum of 60% marks each.
- Applicants who have completed graduation or post-graduation at a premier National Institutes (IIT, IIM, IISc, AIIMS, National Law Universities, IARI (Pusa)) must also provide those details.
- Applicants who have completed graduation or post-graduation at an international or foreign university or institute (from top 20, either from Times Higher Education (THE) or QS World University Rankings) must also provide those details.
- Applicants who have completed earlier any other Fellowship from the above mentioned (from top 20, either from Times Higher Education (THE) or QS World University Rankings, or premier National Institutes (IIT, IIM, IISc, AIIMS, National Law Universities, IARI (Pusa))) of one year or more tenure in the subject of General Administration/ Public policy must mention those details.
- Applicants must have at least three years of work experience in relevant subjects.
- In the online application, applicants must write a personal statement of 1,000 to 1,200 words on their suitability as a fellow. Do not use special characters (! @ # $ % & * ( ) ? | > < “ : ; etc.) in the personal statement; otherwise, the application cannot be submitted.
- Candidates shortlisted after the initial scrutiny must upload a video presentation through the link received by e-mail. The video file must not exceed 500 MB.
- Applicants must choose from the subjects/projects listed in Annexure I of the GR dated 26/10/2026 (revised list of 45 subjects/projects).
- The Knowledge Partner Institution shall be announced on the official website before the last date of submission of applications.

અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો

- ગુજરાત અથવા અન્ય કોઈ પણ રાજ્યના સી.એમ. ફેલોશિપ કાર્યક્રમમાં ભાગ લઈ ચૂકેલ અરજદારો આ કાર્યક્રમ માટે અરજી કરવાને પાત્ર નથી.
- કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU), બોર્ડ અથવા નિગમોમાં સરકારી કર્મચારી/અધિકારી તરીકે ફરજ બજાવતા અરજદારો આ કાર્યક્રમ માટે અરજી કરવાને પાત્ર નથી.
- અરજદારે એસ.એસ.સી., એચ.એસ.સી. અને સ્નાતક (ગ્રેજ્યુએશન)ની પરીક્ષાઓ દરેકમાં ઓછામાં ઓછા ૬૦% ગુણ સાથે ઉત્તીર્ણ કરેલ હોવી જોઈએ.
- જે અરજદારોએ પ્રીમિયર રાષ્ટ્રીય સંસ્થાઓ (IIT, IIM, IISc, AIIMS, નેશનલ લૉ યુનિવર્સિટીઓ, IARI (પુસા))માંથી સ્નાતક અથવા અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય, તેમણે તેની વિગતો પણ આપવાની રહેશે.
- જે અરજદારોએ ટાઇમ્સ હાયર એજ્યુકેશન (THE) અથવા QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ પૈકી કોઈ પણ એકમાં ટોચની ૨૦ માં સ્થાન ધરાવતી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કે સંસ્થામાંથી સ્નાતક અથવા અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરેલ હોય, તેમણે તેની વિગતો પણ આપવાની રહેશે.
- જે અરજદારોએ અગાઉ ઉપર જણાવેલ સંસ્થાઓ (ટાઇમ્સ હાયર એજ્યુકેશન (THE) અથવા QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ પૈકી કોઈ પણ એકમાં ટોચની ૨૦ સંસ્થાઓ, અથવા પ્રીમિયર રાષ્ટ્રીય સંસ્થાઓ (IIT, IIM, IISc, AIIMS, નેશનલ લૉ યુનિવર્સિટીઓ, IARI (પુસા)))માંથી જાહેર વહીવટ/ નીતિ વિષયમાં એક વર્ષ કરતાં વધારે સમય માટે ફેલોશિપ પૂર્ણ કરેલ હોય, તેમણે તેની વિગતો જણાવવાની રહેશે.
- અરજદાર સંબંધિત વિષયમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષનો કાર્ય અનુભવ ધરાવતા હોવા જોઈએ.
- ઓનલાઇન અરજીમાં અરજદારે ફેલો તરીકે પોતાની યોગ્યતા અંગે ૧,૦૦૦ થી ૧,૨૦૦ શબ્દોનું વ્યક્તિગત નિવેદન (Personal Statement) લખવાનું રહેશે. વ્યક્તિગત નિવેદનમાં સ્પેશિયલ કેરેક્ટર (! @ # $ % & * ( ) ? | > < “ : ; વગેરે) નો ઉપયોગ કરવો નહીં; અન્યથા અરજી સબમિટ થઈ શકશે નહીં.

- પ્રાથમિક ચકાસણી બાદ શોર્ટલિસ્ટ થયેલ ઉમેદવારોએ ઈ -મેઇલ દ્વારા પ્રાપ્ત લિંક મારફતે વીડિયો રજૂઆત (વીડિયો પ્રેઝન્ટેશન) અપલોડ કરવાની રહેશે. વીડિયો ફાઇલનું કદ ૫૦૦ MB થી વધુ હોવું જોઈએ નહીં.
- અરજદારે તા. ૨૬/૧૦/૨૦૨૬ના ઠરાવના પરિશિષ્ટ-૧માં દર્શાવેલ ૪૫ વિષયો/પ્રોજેક્ટ્સમાંથી પસંદગી કરવાની રહેશે.
- નોલેજ પાર્ટનર સંસ્થાની જાહેરાત અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ પહેલાં સત્તાવાર વેબસાઇટ પર કરવામાં આવશે.

Application Procedure

Step 1 – Submit the online application on OJAS and pay the application fee.

Step 2 – Upload the required documents within the deadline, through the link sent by E-mail. Documents must be in the prescribed format, complete, legible and consistent with the details entered on OJAS.

Step 3 – Applications and documents will be scrutinized against the prescribed eligibility conditions as mentioned in the GR.

Step 4 – Candidates who qualify after scrutiny of documents will receive a separate link to submit a video presentation (maximum 500 MB) on their qualifications, experience, skills and suitability. **(Submitting a video does not guarantee selection.)**

Step 5 – Candidates shortlisted after screening (scrutiny of the video presentations) will be called for a personal interview. Final selection will be made on the basis of the personal interview.

Note: Further steps in the selection process will follow the applicable GRs.

અરજી પ્રક્રિયા

સ્ટેપ ૧ **–** OJAS પર ઓનલાઇન અરજી સબમિટ કરવી અને અરજી ફી ભરવી.

સ્ટેપ ૨ **–** ઈ - મેઇલ દ્વારા મોકલવામાં આવેલ લિંક મારફતે નિયત સમયમર્યાદામાં જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવા. ડોક્યુમેન્ટ્સ નિયત ફોર્મેટમાં, સંપૂર્ણ, સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા અને OJAS પર દાખલ કરેલ વિગતો સાથે સુસંગત હોવા જોઈએ.

સ્ટેપ ૩ **–** સંબંધિત ઠરાવોમાં દર્શાવેલ નિયત પાત્રતાની શરતો મુજબ અરજીઓ અને ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવામાં આવશે.

સ્ટેપ ૪ **–** ડોક્યુમેન્ટ્સની ચકાસણી બાદ યોગ્ય ઠરેલ ઉમેદવારોને પોતાની લાયકાત, અનુભવ, કૌશલ્ય અને યોગ્યતા અંગે વીડિયો રજૂઆત (મહત્તમ ૫૦૦ MB) સબમિટ કરવા માટે અલગ લિંક મોકલવામાં આવશે. **(**વીડિયો સબમિટ કરવાથી પસંદગીની ખાતરી મળતી નથી.**)**

સ્ટેપ ૫ **–** વીડિયો રજૂઆતોના મૂલ્યાંકન બાદ શોર્ટલિસ્ટ થયેલ ઉમેદવારોને રૂબરૂ મુલાકાત (પર્સનલ ઇન્ટરવ્યૂ) માટે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાતના આધારે અંતિમ પસંદગી કરવામાં આવશે.

નોંધ**:** પસંદગી પ્રક્રિયાના આગળના તબક્કાઓ લાગુ પડતા ઠરાવો મુજબ રહેશે.

General Instructions

- Before applying, candidates shall read all the GRs dated 24/11/2023, 18/11/2024, 22/12/2025 and 26/10/2026, and all annexures, available under SPIPA Website "Download Dropdown and Government Resolutions section" - at https://spipa.gujarat.gov.in/government-resolution or at the website of Sardar Patel Good Governance CM Fellowship - "Join Us" at https://spggcmf.gujarat.gov.in/joinUs.

  In case of any discrepancy, the Gujarati version of the GR shall prevail.
- All information furnished by the applicant shall be true, accurate and complete.
- Incomplete, incorrect or ineligible applications shall be rejected. Applications received after the closing date and time will not be accepted. Applying confers no right to selection or appointment.
- Candidates shall check their e-mail regularly and comply with the deadlines. Please apply well before the closing date.
- In the event of any ambiguity, doubt, or matter not expressly provided in this notification or above mentioned Government Resolutions, the decision taken by the Government of Gujarat will be final and binding.

સામાન્ય સૂચનાઓ

- અરજી કરતા પહેલાં, ઉમેદવારોએ તારીખ 24/11/2023, 18/11/2024, 22/12/2025 અને 26/10/2026 ના તમામ ઠરાવો (GRs) તથા તમામ પરિશિષ્ટો (Annexures) વાંચી લેવાના રહેશે, જે SPIPA ની વેબસાઇટના "ડાઉનલોડ ડ્રોપડાઉન અને સરકારી ઠરાવ વિભાગ" - https://spipa.gujarat.gov.in/government-resolution પર અથવા સરદાર પટેલ ગુડ ગવર્નન્સ CM ફેલોશિપની વેબસાઇટ - "Join Us" https://spggcmf.gujarat.gov.in/joinUs પર ઉપલબ્ધ છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં, સરકારી ઠરાવની ગુજરાતી આવૃત્તિ આખરી અને માન્ય ગણાશે.
- અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ તમામ માહિતી સાચી, ચોક્કસ અને સંપૂર્ણ હોવી જોઈએ.
- અધૂરી, ખોટી અથવા અપાત્ર અરજીઓ રદ કરવામાં આવશે. અંતિમ તારીખ અને સમય બાદ મળેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અરજી કરવાથી પસંદગી કે નિમણૂકનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી.
- ઉમેદવારોએ પોતાનો ઈ -મેઇલ નિયમિત રીતે તપાસવાનો રહેશે અને સમયમર્યાદાનું પાલન કરવાનું રહેશે. અંતિમ તારીખ પહેલાં અરજી કરવી.
- આ જાહેરનામામાં અથવા ઉપર ઉલ્લેખિત સરકારી ઠરાવોમાં સ્પષ્ટ રીતે જોગવાઈ ન હોય તેવી કોઈ પણ બાબત, અસ્પષ્ટતા કે શંકાના કિસ્સામાં ગુજરાત સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

Contact
સંપર્ક

For any further queries kindly mail us at E-mail: cmfellows2026@gmail.com

વધુ કોઈ પ્રશ્નો માટે કૃપા કરીને ઇ-મેઇલ દ્વારા સંપર્ક કરો: cmfellows2026@gmail.com

Department wise Projects and Allocation of CM Fellows

GR No. GAD/MSM/e-file/1/2025/6138/ARTD2 | Date: 26/10/2026 | General Administrative Department | Government of Gujarat

ક્રમ / No.	Department / Head of Dept.	વિભાગ/ખાતાના વડાનું નામ	ફેલો / Fellows
1.	Primary Education Dept. (Nodal), Women & Child Development Dept.	પ્રાથમિક શિક્ષણ વિભાગ (નોડલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ	1
2.	ICDS, Women & Child Welfare Dept.	ICDS, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ	1
3.	Education Dept. (Primary & Secondary Education)	શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)	2
4.	Health & Family Welfare Dept.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	1
5.	Urban Development & Urban Housing Dept.	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	2
6.	Agriculture, Farmers Welfare & Cooperation Dept.	કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ	1
7.	Water Resources Division (Narmada, Water Resources, Water Supply & Kalpasar Dept.)	જળ સંપત્તિ પ્રભાગ (નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ)	1
8.	Tourism Division, Industries & Mines Dept.	પ્રવાસન પ્રભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ	1
9.	Forests & Environment Dept.	વન અને પર્યાવરણ વિભાગ	1
10	Hon. Chief Minister's Office	માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય	1
11	SPIPA, Ahmedabad	સ્પીપા, અમદાવાદ	3
12	Panchayat, Rural Housing & Rural Development Dept.	પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	1
13	Energy & Petrochemicals Dept.	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	1
14	Planning Division, General Administration Dept.	આયોજન પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ	1
15	Labour & Employment Dept.	શ્રમ અને રોજગાર વિભાગ	1
16	Sports, Youth & Cultural Activities Dept.	રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	1
17	Social Justice & Empowerment Dept.	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ	1

18	Tribal Development Dept.	આદિજાતિ વિકાસ વિભાગ	1
19	Ports & Transport Dept.	બંદરો અને વાહનવ્યવહાર વિભાગ	1
20	Gujarat State Institution for Transformation (GRIT)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	**8**
	Collector Office / કલેક્ટર કચેરી		
1.	Collector Office, Vadodara	કલેક્ટર કચેરી, વડોદરા	1
2.	Collector Office, Surat	કલેક્ટર કચેરી, સુરત	1
3.	Collector Office, Bhavnagar	કલેક્ટર કચેરી, ભાવનગર	1
4.	Collector Office, Rajkot	કલેક્ટર કચેરી, રાજકોટ	1
5.	Collector Office, Ahmedabad	કલેક્ટર કચેરી, અમદાવાદ	1
6.	Collector Office, Gandhinagar	કલેક્ટર કચેરી, ગાંધીનગર	1
7.	Collector Office, Junagadh	કલેક્ટર કચેરી, જુનાગઢ	1
8.	Collector Office, Jamnagar	કલેક્ટર કચેરી, જામનગર	1
	Municipal Corporation / મહાનગરપાલિકા		
1.	Rajkot Municipal Corporation	રાજકોટ મહાનગરપાલિકા	1
2.	Ahmedabad Municipal Corporation	અમદાવાદ મહાનગરપાલિકા	1
3.	Bhavnagar Municipal Corporation	ભાવનગર મહાનગરપાલિકા	1
4.	Jamnagar Municipal Corporation	જામનગર મહાનગરપાલિકા	1
5.	Surat Municipal Corporation	સુરત મહાનગરપાલિકા	1
6.	Vadodara Municipal Corporation	વડોદરા મહાનગરપાલિકા	1
7.	Gandhinagar Municipal Corporation	ગાંધીનગર મહાનગરપાલિકા	1
8.	Junagadh Municipal Corporation	જુનાગઢ મહાનગરપાલિકા	1
	Total	કુલ	**47***

* સી.એમ. ફેલોશીપ કાર્યક્રમમાં પસંદગી પ્રક્રિયાને અંતે 47 ફેલોને નિમણૂંક આપવામાં આવશે, જો કે, વાસ્તવિક જરૂરીયાત સમય પર નકકી કરવામાં આવશે.
* At the end of the selection process, 47 Fellows will be appointed under the CM Fellowship Programme; however, the actual requirement will be determined at the appropriate time.

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ કાર્યક્રમ

સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪/૧૧/૨૦૨૩નો ઠરાવ

(તા.૧૮/૧૧/૨૦૨૪, તા.૨૨/૧૨/૨૦૨૫ અને તા.૨૬/૧૦/૨૦૨૬ના સુધારા ઠરાવથી થયેલ સુધારા સહિત)

સામાન્ય વહીવટ વિભાગ

વસુતાપ્ર–૨ શાખા, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ

સચિવાલય, ગાંધીનગર.

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ અંતર્ગત ફેલો તરીકે નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2023/7162/ARTD2
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૧૧/૨૦૨૩

વંચાણમાં લીધા:- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૯/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:વહસ/૧૦૨૦૦૯ /૧૭૬૩/વસુતાપ્ર(૨)
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૪/૧૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૦૯/૧૭૬૩/વસુતાપ્ર(૨)

પ્રસ્તાવના:-

વંચાણમાં લીધેલ ઠરાવોથી મુખ્યમંત્રીશ્રી ફેલોશીપ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ. યુવાવર્ગ રાજ્ય અને દેશના વિકાસમાં શ્રેષ્ઠ ફાળો આપી શકે તે આ કાર્યક્રમનો ધ્યેય છે. ઠરાવોની જોગવાઈઓમાં સુધારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

આ કાર્યક્રમ "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ" તરીકે ઓળખાશે.

(૧) ફેલોશીપ કાર્યક્રમમાં પસંદગી પ્રક્રિયાને અંતે ***૪૭ ફેલોને***[1] નિમણૂક આપવામાં આવશે, જો કે, વાસ્તવિક જરૂરિયાત સમય પર નક્કી કરવામાં આવશે.

(૨) આ કાર્યક્રમ માટે પસંદગી પામનાર ફેલોને માસિક સ્ટાઈપેન્ડ રૂ.૧,૦૦,૦૦૦+ રૂ.૧૦,૦૦૦/- (એલ.ટી.એ) આપવામાં આવશે.

(૩)આ કાર્યક્રમ અંગે ફેલોની બોલીઓ અને શરતો, વિવિધ વિભાગ/પ્રભાગ કચેરીઓ અને એજન્સીઓએ કરવાની કામગીરી, અલગ અલગ સમિતિઓની કામગીરી વિગેરે બાબતોને આવરી લઇ માર્ગદર્શિકા નિયત કરવામાં આવેલ છે જે પરિશિષ્ટ-૧ મુજબની રહેશે. જે મુજબ સબંધિતોએ કામગીરી હાથ ધરવાની રહેશે.

[1] તા.૨૬/૧૦/૨૦૨૬ના સુધારા ઠરાવથી સંખ્યા વધારવામાં આવેલ છે.

(૪)આ કાર્યક્રમનુ સમગ્ર સંકલન સામાન્ય વહીવટ વિભાગ, વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ દ્વારા કરવામાં આવશે અને આ અંગેની ગ્રાન્ટ સ્પીપાના હવાલે મુકવાની રહેશે.

(૫) સ્પીપા દ્વારા બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપીને સમાન પ્રવેશ, ખુલ્લી સ્પર્ધા અને પારદર્શક પસંદગીના સિધ્ધાંતોનુ પાલન કરીને ઓનલાઇન અરજીઓ મેળવવાની રહેશે.

(૬) આ કાર્યક્રમ અન્વયે પસંદગીની પ્રકીયા હાથ ધરવા જરૂરી કામગીરી અર્થે ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ(SSC), પસંદગી સમિતિ (SC) અને ખાસ પસંદગી સમિતિ (SSC)નુ પરિશિષ્ટ–૧ માં દર્શાવ્યા મુજબ ગઠન કરવામાં આવેલ છે.

(૭) ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC) આવેલ અરજીઓની ચકાસણી કરીને ઓછામાં ઓછા છ ગણા ઉમેદવારોના વ્યક્તિગત એકરાર **Knowledge Partner (નોલેજ પાર્ટનર)**[2] ના નિષ્ણાત પાસે મુલ્યાંકન કરાવશે અને તે પૈકીના ઓછામાં ઓછા ત્રણ ગણા ઉમેદવારોની પેનલની પસંદગી સમિતિને ભલામણ કરશે. પસંદગી સમિતિ શૈક્ષણિક લાયકાત, વ્યક્તિગત નિવેદન અને રૂબરુ મુલાકાતના આધારે આ કાર્યક્રમના ધ્યેયો અને ઉમેદવારની સુસંગતતા ધ્યાને લઈ પસંદગી માટે ભલામણ કરશે.

(૮)આ કાર્યક્રમ અંતર્ગત નિમણૂક પામનાર ફેલોએ પ્રથમ સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, ઇસરો સામે, અમદાવાદ ખાતે હાજર થવાનુ રહેશે. જયાં તેમણે ૨ અઠવાડિયાની તાલીમ મેળવવાની રહેશે. સ્પીપા દ્વારા **Knowledge Partner (નોલેજ પાર્ટનર)**ના સહયોગથી ફેલો માટેની તાલીમનું આયોજન કરવાનુ રહેશે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવાનુ રહેશે. તાલીમ કાર્યક્રમની મુખ્ય બાબતો પરિશિષ્ટ–૩ મુજબ રહેશે.

(૯)આ કાર્યક્રમમાં નિમણૂક મેળવનાર ફેલો પાસેથી આ સાથે સામેલ પરિશિષ્ટ– ૪ મુજબનુ બાંહેધરી પત્રક તથા નિયમોનુસારનુ મેડીકલ પ્રમાણપત્ર મેળવી લેવાના રહેશે.

(૧૦) નિમણૂક પામેલ ફેલોને સરકારશ્રીની જુદી જુદી યોજનાઓ/પ્રોજેકટ માટે સબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરીમાં ફાળવણી કરવામાં આવશે અને સબંધિત ફેલોને માર્ગદર્શક ફાળવવામાં આવશે. જે આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ મુજબ રહેશે. ફેલોની ફાળવણી અને માર્ગદર્શક અંગે સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી જરૂરી ફેરફાર કરી શકાશે.

(૧૧) સબંધિત વિભાગ/ખાતાના વડાની કચેરી દ્વારા ફેલોની નોંધાયેલ હાજરીના આધારે દરમાસની ત્રીજી તારીખ સુધીમાં સ્પીપા અમદાવાદને પ્રમાણપત્ર મોકલી આપવાનુ રહેશે ***તેમજ ફેલો દ્વારા કરવામાં આવેલ માસિક સંક્ષિપ્ત અહેવાલ અચૂકપણે રજૂ કરવાનો રહેશે***[3]જેના આધારે સ્પીપા

---

[2] તા.૨૬/૧૦/૨૦૨૬ના સુધારા ઠરાવથી સમગ્ર ઠરાવમાં IIM Ahmedabad શબ્દો છે, ત્યાં ત્યાં તે શબ્દોને સ્થાને Knowledge Partner (નોલેજ પાર્ટનર) કરવામાં આવેલ છે.

[3] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

અમદાવાદ દ્વારા સમયસર સ્ટાઈપેન્ડની ચુકવણી મોડામાં મોડી દરમાસની ૭મી તારીખ સુધીમાં અચૂક કરવાની રહેશે.

(૧૨) જે વિભાગ/ખાતાના વડાની કચેરીમાં ફેલો મુકવામાં આવે તેમના માટે નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧) બેઠક વ્યવસ્થા અને સ્વતંત્ર લેપટોપ ***અથવા ડેસ્કટોપ***[4]

(૨) ફેલોની કામગીરીનો વર્કચાર્ટ તૈયાર રાખવો.

(૩) ફેલોને પ્રોજેકટ માટે મુસાફરી કરવાની થાય તો વાહન ઉપલ્બ્ધ કરાવવું.

(૪) ફેલોની હાજરી અંગેનુ પ્રમાણપત્ર દરમાસની ત્રીજી તારીખ સુધીમાં સ્પીપા અમદાવાદને અવશ્ય મોકલી આપવું.

(૫) ફેલો ત્રિમાસિક અહેવાલ સમયસર સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદને મોકલી આપે તે સુનિશ્ચીત કરવું.

(૧૩) આ કાર્યક્રમ માટેનો ખર્ચ બજેટ સદર ખર્ચ ડીમાન્ડ નં.૩૩, મેજરહેડ–૨૦૫૨–સચિવાલય, સામાન્ય સેવાઓ, સબ મેજર હેડ–૦૦, માઈનોર હેડ–૦૯૦–સચિવાલય, સબ હેડ–૧૦–મુખ્યમંત્રીશ્રીનો ફેલોશીપ પ્રોગ્રામ–નોન પ્લાન ખાતે ઉધારવાનો રહેશે.

(૧૪) પ્રસ્તુત કાર્યકમના અમલ માટે અંદાજીત ૩.૫ કરોડ ના ખર્ચને ધ્યાને લઈને ચાલુ વર્ષ દરમ્યાન રૂા. ૫૧,૦૦,૦૦૦/–(એકાવન લાખ પુરા)નો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે તથા અન્ય જોગવાઇ આગામી નાણા વર્ષમાં કરવામાં આવશે.

(૧૫) આ ઠરાવ અને સાથે સામેલ પરિશિષ્ટ– ૧ થી ૪ ની જોગવાઈઓનુ પાલન કરવા જણાવવામાં આવે છે.

(૧૬) આ કાર્યક્રમનો પ્રગતિ અહેવાલ નિયમિત ધોરણે સામાન્ય વહીવટ વિભાગ વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ મારફતે માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયને સાદર કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ક્રમાંક પર નાણા વિભાગની તા.૧૦/૧૧/૨૦૨૩ અને સરકારશ્રીની તા.૨૪/૧૧/૨૦૨૩ થી મળેલ મંજુરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Sd/-

(રાજેન્દ્રસિંહ રાઠોડ)

સરકારના નાયબ સચિવ

સામાન્ય વહીવટ વિભાગ

---

4 તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

- ❖ માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- ➢ માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી/ સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ➢ માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- ➢ મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ➢ અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ,ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેક્ટર-૧૦, ગાંધીનગર
- ➢ મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ
- ➢ નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- ➢ શાખા સીલેકટ ફાઇલ.

❖ **પત્ર ધ્વારા**

(સા.વ.વિ. ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 તા.૨૪/૧૧/૨૦૨૩, સુધારા ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2024/6058/ARTD2 તા.૧૮/૧૧/૨૦૨૪ અને સુધારા ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2025/6138/ARTD2 તા.૨૨/૧૨/૨૦૨૫ના નું બિડાણ)

પરિશિષ્ટ–૧

સરકારમાં ફેલોની નિમણૂંક માટેની પ્રક્રિયા અને માર્ગદર્શિકા

ગુજરાત સરકારમાં ફેલોની નિમણૂક/ફેલોના જોડાણ માટેની કાર્યપદ્ધતિ અને માર્ગદર્શિકા રદ કરીને નીચે મુજબની કાર્યપદ્ધતિ અને માર્ગદર્શિકામાં જ્યાં સુધી આ માર્ગદર્શિકામાં સુધારો કરવામાં ન આવે કે નવી માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી નિયત કરવામાં આવે છે આ માર્ગદર્શિકા પ્રસિદ્ધ થયા તારીખથી અમલી બનશે.

યોજનાનો હેતુ અને અવકાશ

હેતુ – નીતિનિર્માણ અને સેવા વિતરણ પ્રક્રિયાઓમાં આધુનિક અને અસરકારક અભિગમનો ઉપયોગ કરીને ગુજરાત રાજ્યમાં સુશાસનની દિશામાં યોગદાન આપવું, સરકારી વિભાગોમાં પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપવી, નવીનતા કાર્યક્ષમતા અને શ્રેષ્ઠતાનું વાતાવરણ ઊભું કરવું.

વ્યાખ્યા: નીચેની વ્યાખ્યા વર્તમાન સૂચનાઓના હેતુ માટે લાગુ પડે છે

૨.૧ ફેલો એટલે સીએમ ફેલો જેમને તેમના અનુભવ ***અને કુશળતાને ધ્યાન રાખીને સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તે***[5] કાર્યક્ષેત્ર પર નિમવામાં આવશે તેઓ સ્વતંત્ર નિષ્ણાતો રહેશે. જે કોઈ ચોક્કસ સંસ્થા સાથે કાયમી રૂપે સંકળાયેલા ન હોય અથવા તેઓ વ્યક્તિગત ધોરણે ભરતી કરેલી સંસ્થાના કર્મચારી પણ હોઇ શકે. તેઓ સામાન્ય રીતે પ્રોજેક્ટ અમલીકરણ દેખરેખ, ઉચ્ચ તકનીકી વિષય પર વિશિષ્ટ નિષ્ણાત તરીકે રહેશે સલાહ, નીતિ માર્ગદર્શન, વિશેષ અભ્યાસ, અનુપાલન દેખરેખ, તાલીમ અથવા અમલીકરણ દેખરેખ માટે ભરતી કરવામાં આવે છે.

૨.૨ "CM ફેલોશિપ" સલાહ અથવા વ્યાવસાયિક પ્રકારની સેવાઓને આવરી લેતી શ્રેણી છે જે ફેલો દ્વારા પ્રદાન કરવામાં આવે છે. આ સેવાઓમાં સામાન્ય રીતે નિષ્ણાત અથવા વ્યૂહાત્મક સલાહ પૂરી પાડવાનો સમાવેશ થાય છે દા.ત. સંચાલન, નીતિ કે સંચાર. સલાહકાર અને પ્રોજેક્ટ સંબંધિત સેવાઓ જેમાં, ઉદાહરણ તરીકે, શક્યતા અભ્યાસ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ, એન્જિનિયરિંગ સેવાઓ, આર્કિટેક્ચરલ સેવાઓ, ફાઇનાન્સ એકાઉન્ટિંગ અને કરવેરા સેવાઓ, તાલીમ અને વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.

૨.૩ આ માર્ગદર્શિકાના હેતુ માટે સક્ષમ અધિકારી તરીકે અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર) રહેશે અથવા કોઈ પણ અધિકારી કે જેને અગ્ર સચિવશ્રી(વસુતાપ્ર) દ્વારા નિયુક્ત કરવામાં આવશે તે રહેશે.

૨.૪ "સ્ટાઇપેન્ડ"નો અર્થ છે સંકલિત ચુકવણી કે જે ગુજરાત સરકાર દ્વારા માસિક ધોરણે ફેલોને નિમણૂકની શરતો અનુસાર દર મહિને કરવામાં આવશે અને તે પગારની શ્રેણીમાં આવશે નહીં.

[5] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી સુધાર્યા મુજબની જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

૩. ફેલોશિપ નિયમો અને શરતો

૩.૧ કાનૂની દરજ્જો: ફેલો પાસે સ્વતંત્ર ફેલોનો કાનૂની દરજ્જો રહેશે અને તેને કોઈપણ હેતુ માટે, ગુજરાત સરકારના "સ્ટાફ મેમ્બર" તરીકે અથવા ગુજરાત સરકારના "અધિકારી/કર્મચારી" તરીકે ગણવામાં આવશે નહીં.

૩.૧.૧ અગાઉ સી.એમ. ફેલો તરીકે ગુજરાત રાજ્યમાં કે અન્ય રાજ્યમાં જેઓએ આ કાર્યક્રમ હેઠળ ભાગ લીધેલ હોય તેઓ આ કાર્યક્રમમાં અરજી કરી શકશે નહિ.

૩.૧.૨ ઉમેદવાર કેન્દ્ર સરકાર કે કોઈપણ રાજ્ય સરકાર કે સદરહુ સરકારોના જાહેર સાહસો/બોર્ડ/નિગમોમાં સરકારી કર્મચારી/અધિકારી તરીકે ફરજો બજાવતાં હોય તેઓ આ કાર્યક્રમમાં અરજી કરી શકશે નહિ. [6]

૩.૨ વર્તણૂકના ધોરણો:

૩.૨.૧ ફેલો તેમની કામગીરીના સંદર્ભમાં ગુજરાત સરકાર સિવાયના કોઈપણ સત્તાધિકારી પાસેથી સૂચના માંગશે નહીં કે સ્વીકારશે નહીં, ફેલો તેમની કામગીરીના સમયગાળા દરમિયાન સરકારના હિતોને પ્રતિકૂળ અસર કરે તેવા કોઈ પગલાં ભરશે નહીં.

ફેલો ગુજરાત સરકારના હિતોને સંપૂર્ણ રીતે ધ્યાનમાં રાખીને તેમની જવાબદારીઓ નિભાવશે ફેલો ગુજરાત સરકારના કોઈપણ પ્રતિનિધિ, અધિકારી/કર્મચારી અથવા અન્ય કામગીરીથી ઉદ્દભવતા અથવા તેના સંબંધિત કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મેળવશે નહી. રાજ્યના તમામ કાયદાઓ, વટહુકમો, નિયમોનું અને વર્તણૂકના ધોરણોનું પાલન કરશે. કામગીરી દરમ્યાન ફેલો વર્તુણકના ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો તેની ફેલોશીપનો અંત લાવવામાં આવશે.

જાતીય શોષણ અને દૂર વ્યવહાર પર પ્રતિબંધ

ફેલોએ તેમની કામગીરી દરમ્યાન કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી એક્ટ–૨૦૧૩નું અને ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા આ સંદર્ભે પ્રસિદ્ધ કરવામાં આવેલ કાયદા અને નિયમો અથવા કાયદા અથવા નિયમોમાં કરવામાં આવેલ સુધારાનું પાલન કરવાનું રહેશે તથા આ જોગવાઈઓનું ઉલ્લંઘન એ ફેલોશિપની શરતોનો ભંગ થયેલ ગણવામાં આવશે અને જેથી ફેલોશીપનો અંત લાવવા સહિતની સજાની જોગવાઈ કરવાની રહેશે.

વધુમાં, ઉક્ત કાયદા/નિયમનો ભંગ થયેથી સંબંધિત સત્તાધિકારીને યોગ્ય રીતે કાનૂની કાર્યવાહી કરવામાં ગુજરાત સરકાર બંધનકર્તા રહેશે નહીં.

૩.૩ **અધિકારો, કોપીરાઈટ્સ, પેટન્ટ્સ અને અન્ય માલિકીના અધિકારો:**

૩.૩.૧ રાજ્ય સરકાર દ્વારા સંબંધિત ફેલોને પુરા પાડવામાં આવેલ કોઈપણ સાધન કે સંસાધનની માલિકી ગુજરાત સરકારની રહેશે અને આ ફેલોશીપ પૂર્ણ થયેથી અથવા જરૂરિયાત પૂર્ણ થયેથી સંબંધિત વિભાગ/કચેરીને આ સાધનો પરત કરવાના રહેશે આ સાધન ફેલો અને જે તે વિભાગ કે કાર્યસ્થળ દ્વારા જે સ્થિતિમાં આપવામાં આવ્યા હોય તે જ

---

[6] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી ફકરા ઉમેરવામાં આવેલ છે.

સ્થિતિમાં પરત કરવાના રહેશે વધુમાં આ સાધનના સામાન્ય ઘસારા સિવાય થયેલ નુકશાનીની ગુજરાત સરકારને ભરપાઈ કરવા માટે ફેલો બંધનકર્તા રહેશે.

૩.૩.૨ ગુજરાત સરકાર તમામ બૌદ્ધિક સંપત્તિ અને અન્ય માલિકીના હકો માટે હકદાર રહેશે, જેમાં પેટન્ટ, કોપીરાઈટ અને ટ્રેડમાર્કનો સમાવેશ થાય છે, જે ઉપરાંત ઉત્પાદનો, પ્રક્રિયાઓ, શોધો, વિચારો, જાણકારીઓ અથવા દસ્તાવેજોના સંદર્ભમાં, અને અન્ય સામગ્રી કે જે ફેલોએ ફેલો પ્રોગ્રામ હેઠળ ગુજરાત સરકાર માટે વિકસાવી હશે અને જે ફેલો પ્રોગ્રામની કામગીરીના પરિણામે અથવા તે દરમિયાન ઉત્પાદન અથવા તૈયાર અથવા એકત્રિત કરવામાં આવશે. અથવા આ કામગીરી સાથે સંકળાયેલ તમામ બાબતો કે ઉત્પાદનો, દસ્તાવેજો અને અન્ય સામગ્રીઓ માટે ગુજરાત સરકારમાં નિમણૂંક દરમિયાન કરવામાં આવેલ કાર્યોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત જોગવાઈને આધીન, તમામ નકશા, રેખાંકનો, ફોટોગ્રાફ્સ, મોઝેઇક, યોજનાઓ, અહેવાલો, અંદાજો, ભલામણો, દસ્તાવેજો અને અન્ય તમામ ડેટા ફેલો પ્રોગ્રામ હેઠળ અથવા આવા ફેલો પ્રોગ્રામના પરિણામે ફેલો દ્વારા સંકલિત અથવા પ્રાપ્ત કરવામાં આવશે તેના પર ગુજરાત સરકારની માલિકી રહેશે અને ગુજરાત સરકાર દ્વારા વાજબી સમયે અને વાજબી સ્થળોએ ઉપયોગ અથવા નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેને ગોપનીય માનવામાં આવશે અને ફેલો પ્રોગ્રામ હેઠળ કામ પૂર્ણ થયા પછી માત્ર ગુજરાત સરકારના અધિકૃત અધિકારીઓને જ પહોંચાડવાના રહેશે, જેની ફેલોએ બાંહેધરી અને સંમતિ આપવાની રહેશે.

- દસ્તાવેજો અને માહિતીની ગોપનીયતા:

ફેલો ગુજરાત રાજ્યમાં લાગુ થતા સંબંધિત ગોપનીયતાના કાયદા અને નિયમોની જોગવાઈઓને આધીન કામગીરી કરવાની રહેશે. ફેલો, ગુજરાત સરકારની પૂર્વ મંજુરી સિવાય તેમની ફરજો અંગે કોઈ પુસ્તક અથવા લેખોનું સંકલન પ્રકાશિત કરી શકશે નહીં અથવા ટીવી/રેડિયો પ્રસારણ/સોશિયલ મીડિયામાં ભાગ લઈ શકશે નહીં અથવા લેખનું યોગદાન આપી શકશે નહીં અથવા લખી શકશે નહીં. કોઈપણ અખબારો અથવા સામયિકમાં તેમના પોતાના નામે અથવા અજ્ઞાત રૂપે અથવા અન્ય કોઈ વ્યક્તિના નામે અથવા ઉપનામથી પત્ર લખી શકશે નહી. ગુજરાત સરકાર દ્વારા તેમને સોંપવામાં આવેલ વિષય સાથે સંબંધિત હોય તે પ્રકારનું પુસ્તક, લેખ, પ્રસારણ અથવા પત્ર આ ફેલો (ઉપરના પેરા 3.3.2 માં વર્ણવ્યા પ્રમાણે) શેર કરી શકશે નહીં.

ફેલો પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી અથવા પુર્ણ થયા પહેલાં ફેલોશીપના અંતના તમામ સંબંધીત દસ્તાવેજો, સંદેશા વ્યવહાર, અહેવાલો વગેરે સંબંધિત અધિકારીઓને યોગ્ય રીતે સોંપી દેવાના રહેશે તેમજ ગોપનીયતા, કાયદા અને નિયમની જોગવાઈઓની જવાબદારીઓ તમામ હેતુ માટે લાગુ પડશે.

૩.૫ ગુજરાત સરકારના નામ, પ્રતીક અથવા અધિકૃત સીલનો ઉપયોગ: ગુજરાત સરકારની લેખિત પરવાનગી વિના નામ, પ્રતિક અથવા અધિકૃત સીલનો વ્યવસાયીક હેતુ અથવા અન્ય હેતુ માટે ઉપયોગ કરશે નહી.

૩.૬ વીમો: આ ફેલોશીપ દરમ્યાન જીવન, આરોગ્ય અથવા અન્ય જરુરી પર્યાપ્ત વિમો તેમના પોતાના ખર્ચે કરાવી લેવાની ફેલોની જવાબદારી રહેશે.

૩.૭ મુસાફરી, મેડિકલ ક્લિયરન્સ અને સેવા–મૃત્યુ, ઈજા અથવા માંદગી:

૩.૭.૧ ફેલો એ ગુજરાત સરકારની કોઈપણ કચેરીઓ અથવા પરિસરમાં કામ શરૂ કરતાં પહેલાં નોંધાયેલા ચિકિત્સક પાસેથી સારા સ્વાસ્થ્યનું પ્રમાણપત્ર મેળવી ગુજરાત સરકારને રજૂ કરવાનું રહેશે.

૩.૭.૨ ફેલો ગુજરાત સરકાર અથવા ગુજરાત સરકારની કોઈપણ કચેરીમાં ફેલો પ્રોગ્રામની નિમણૂંકની શરતો હેઠળ જવાબદારી નિભાવી રહ્યા હોય તે દરમિયાન વ્યક્તિગત મૃત્યુ ઇજા અથવા માંદગીના કિસ્સામાં ફેલો અથવા ફેલોના

આશ્રિતો કોઈપણ વળતર મેળવવા માટે હકદાર રહેશે નહીં કે આ સમયગાળા દરમિયાન તબીબી વળતર ઉપલબ્ધ થશે નહીં. રોજગાર/પેન્શન/ બોનસ/એલટીસી/ રજાનું રોકડ રૂપાંતર/એડવાન્સ અથવા અન્ય કોઈપણ નાણાકીય લાભ રાજ્ય સરકાર તરફથી પ્રાપ્ત થશે નહીં. કર્મચારીના મૃત્યુના કિસ્સામાં તેના દ્વારા આપવામાં આવેલ ફરજના સમય માટે સ્ટાઈપેન્ડ/માનદ રકમની બાકી રકમ કર્મચારીના પરિવારને ચૂકવવા પાત્ર રહેશે તે સિવાય અન્ય એક્સગ્રેસીયા, કાયમી રોજગાર જેવા લાભો અથવા કોઈપણ પ્રકારના લાભો આપવામાં આવશે નહીં.

૩.૮ કુદરતી આપત્તિ અને અન્ય શરતો:

૩.૮.૧ "કુદરતી આપત્તિ"નો અર્થ છે પ્રકૃતિની કોઈપણ અણધારી અને અનિવાર્ય ક્રિયા, યુદ્ધની કોઈપણ ક્રિયા (પછી જાહેર કરવામાં આવેલ હોય કે ન હોય), આક્રમણ, ક્રાંતિ, બળવો અથવા સમાન પ્રકૃતિ અથવા બળના અન્ય કોઈપણ કૃત્યો, જો કે આવા કૃત્યો નિયંત્રણની બહારના કારણોથી અને કોઈપણ ફેલોની ભૂલ અથવા બેદરકારી વિના ઉદ્દભવે છે.

૩.૮.૨ ફેલો સ્વીકારે છે અને સંમત થાય છે કે, ફેલો પ્રોગ્રામ હેઠળની કોઈપણ જવાબદારીઓના સંદર્ભમાં કે જેમાં ગુજરાત સરકાર રોકાયેલ છે, તેમાં સામેલ થવાની તૈયારી કરી રહી છે અથવા કોઈપણ શાંતિ રક્ષા, માનવતાવાદી, માનવતાવાદી કાર્યમાં સામેલ થવાની તૈયારી કરી રહી છે તેવા કોઈપણ ક્ષેત્રોમાં અથવા તેના માટે ફરજ બજાવે છે, અથવા સમાન કામગીરી, આવા વિસ્તારોની અંદરની કઠીન પરિસ્થિતિઓથી અથવા આવા વિસ્તારોમાં બનતી નાગરિક અશાંતિની કોઈપણ ઘટનાઓથી ઉદ્દભવતી અથવા સંબંધિત જવાબદારીઓને પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા નિષ્ફળતા, ફેલો પ્રોગ્રામ હેઠળ બળપ્રયોગની રચના કરશે નહીં.

૩.૯ સમાપ્તિ:

ગુજરાત સરકાર કોઈપણ સમયે આગોતરી સૂચના વિના અને તેનું કોઈ કારણ આપ્યા વિના ફેલો અથવા ફેલોશીપ પ્રોગ્રામને સમાપ્ત કરી શકે છે. સોંપાયેલ કાર્યની કામગીરીમાં ગંભીર નિષ્ફળતાના કિસ્સામાં અથવા નિર્ધારિત આચારના નિયત ધોરણોનું પાલન કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં ગુજરાત સરકાર કોઈ પણ તબક્કે ફેલોની સેવાઓને સમાપ્ત કરવાનો અધિકાર આ માર્ગદર્શિકાઓના પેરા 3.2 મુજબ અનામત છે. જો કે, સામાન્ય સંજોગોમાં, ગુજરાત સરકાર ફેલોને એક મહિનાની નોટિસ આપશે તથા ગુજરાત સરકારને એક મહિનાની નોટિસ આપીને ફેલો પણ ફેલો પ્રોગ્રામને સમાપ્ત કરવાની માંગ કરી શકશે. ***પરંતુ જો એક મહિનાની નોટિસ આપ્યા સિવાય એક મહિનાથી ઓછા સમયમાં ફેલોને કાર્યક્રમ સમાપ્ત કરવો હોય તો ફેલોએ એક માસનો નોટિસ પગાર આપી તેની કરેલ કામગીરીના તમામ પ્રકારના દસ્તાવેજો સરકારમાં જમા કરાવી અને ફેલો કાર્યક્રમ સમાપ્ત કરવાની રજૂઆત કરી શકશે.*** [7]

૩.૧૦ ઓડિટ અને તપાસ:

ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી દરેક ચૂકવણી ગુજરાત સરકારના આંતરિક કે બાહ્ય, ઓડિટર્સ દ્વારા અથવા ગુજરાત સરકારના અન્ય અધિકૃત અને લાયકાત ધરાવતા એજન્ટો દ્વારા કોઈપણ સમયે પોસ્ટ–પેમેન્ટ ઓડિટને આધીન રહેશે. ફેલો પ્રોગ્રામની મુદત દરમિયાન અને ફેલો પ્રોગ્રામની પૂર્વ સમાપ્તિ અથવા સમાપ્તિ પછીના એક (૧) વર્ષના સમયગાળા માટે, ફેલો પ્રોગ્રામના નિયમો અને શરતો અનુસાર ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ આવા

[7] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

ઓડિટ દ્વારા દર્શાવવામાં આવેલી કોઈપણ રકમ માટે ગુજરાત સરકાર ફેલો પાસેથી રિફંડ મેળવવા માટે હકદાર રહેશે. સમય સમય પર, ગુજરાત સરકાર ફેલો પ્રોગ્રામના કોઈપણ પાસાઓ અથવા તેના પુરસ્કાર, ફેલો પ્રોગ્રામ હેઠળ નિભાવવામાં આવતી જવાબદારીઓ અને વ્યક્તિની કામગીરીને લગતી તપાસ કરી શકે છે. જે અંગે ફેલોએ સ્વીકાર કરી સંમતિ આપવાની રહેશે.

સામાન્ય રીતે ફેલો પ્રોગ્રામની કામગીરીના સંદર્ભમાં ફેલોની તપાસ કરવાનો ગુજરાત સરકારનો અબાધિત અધિકાર રહેશે અને આવી તપાસનું પાલન કરવાની જવાબદારી ફેલોની રહેશે. ફેલો પ્રોગ્રામની પૂર્વ સમાપ્તી અથવા સમાપ્તિ થવા પર પણ આવી તપાસ ચાલુ રહેશે. ફેલો આવા નિરીક્ષણો, પોસ્ટ–પેમેન્ટ ઑડિટ અથવા તપાસમાં સંપૂર્ણ અને સમયસર સહકાર પ્રદાન કરશે. આવા સહકારમાં આવા હેતુઓ માટે વાજબી સમયે અને વાજબી શરતો પર આવા વ્યક્તિગત અને કોઈપણ સંબંધિત દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાની અને ગુજરાત સરકારને ફેલોના પરિસરમાં વાજબી રીતે પ્રવેશ આપવા માટે ફેલોની જવાબદારીનો સમાવેશ થાય છે.

૩.૧૧ **વિવાદોનું સમાધાન:**

કાયદાનો અમલ: ફેલો પ્રોગ્રામ ગુજરાત રાજ્ય/ભારત સરકારના કાયદા દ્વારા સંચાલિત થશે અને તે ગુજરાતની અદાલતોના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

કામગીરીની શરતો

૪.૧ વિભાગ/ખાતાના વડાઓ વિગતવાર કામગીરીની શરતો (TOR) તૈયાર કરવા માટે જવાબદાર છે. આ કામગીરીની શરતોમાં ફેલો દ્વારા કરવામાં આવનાર કામગીરીનું વર્ણન આપશે. કામગીરીની શરતો સંબંધિત વિભાગ/ખાતાના વડા દ્વારા નિયત ફોર્મેટમાં તૈયાર કરવામાં આવશે અને આપેલ સમયપત્રકમાં વહીવટી વિભાગ/સબંધિત ઓથોરીટીને સબમિટ કરવામાં આવશે.

૪.૨ કામગીરીની શરતો ફરજિયાત છે અને તે ફેલો કાર્યક્રમનો ભાગ બનશે

કામગીરીની શરતોમાં ફેલોએ શું કામગીરી કરવાની છે અને શું તેમની પાસેથી અપેક્ષા છે એનો સમાવેશ કરવાનો રહેશે જેમાં ચોક્કસ કામગીરી અને ચોક્કસ લક્ષ્યાંકો નિર્ધારિત કરવાના રહેશે, જેની સમયાંતરે મુલવણી થઈ શકે તેવા અને પરિણામલક્ષી હોવા જોઈએ.

૪.૩ આ કામગીરીની શરતો સંબંધિત વિભાગ/ખાતાના વડાએ તૈયાર કરી વહીવટી વિભાગ/સંબંધિત ઓથોરીટીને આપવાની રહેશે

૫.સામાન્ય નિયમો અને શરતો

નિમણૂંકનો સમયગાળો:

૫.૧ ફેલો એક વર્ષના નિશ્ચિત સમયગાળા માટે રોકવાના રહેશે, જે એક સમયે એક વર્ષ સુધી લંબાવી શકાશે. જો કે, પ્રથમ વર્ષ પછી તેમની કામગીરીના વાર્ષિક મૂલ્યાંકનની સમીક્ષા કરી સંબંધિત હોદ્દા પર ચાલુ રાખવા વિચારણા

કરવાની રહેશે. ~~ગુજરાત સરકારની મંજુરીથી અસાધારણ કિસ્સામાં બે વર્ષ ઉપરાંત વધુ એક વર્ષ માટે વિચારણા કરી શકાશે.~~ [8]

૫.૨ નિયત કરેલ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોને ફેલો તરીકે નિમણૂક આપી શકાશે.

૫.૩ ફેલો પૂર્ણ સમયના ધોરણે રોકાયેલા રહેશે. ફેલોને ગુજરાત સરકાર સાથેની તેમની નિમણૂંકના સમયગાળા દરમિયાન અન્ય કોઈ કામગીરી કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૫.૪ ફેલોની નિમણૂંક સંપુર્ણ હંગામી રહેશે અને ગુજરાત સરકાર કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ સમયે ફેલોની નિમણૂંક રદ કરી શકશે.

૫.૫ ફેલોની સંખ્યા– ફેલોની કુલ સંખ્યા ૨૫ રહેશે. જો કે, વાસ્તવિક જરૂરિયાત સમય પર નક્કી કરવામાં આવશે.

૬. શૈક્ષણિક લાયકાત, ઉંમર અને અનુભવ નીચે મુજબ રહેશે:

૬.૧ શૈક્ષણિક લાયકાત:

(૧) *ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં*[9] ન્યૂનતમ ૬૦% સાથે ઉત્તીર્ણ

(૨) ન્યૂનતમ ૬૦% સાથે સ્નાતકની ડિગ્રી

(૩) રાષ્ટ્રીય *કે આંતરરાષ્ટ્રીય* [10]મહત્વની સંસ્થાના ફેલોને વધુ મહત્વ આપવામાં આવશે.

૬.૨ ઉંમર:

અરજી કરવાની છેલ્લી તારીખે ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

૬.૩ અનુભવ:

સબંધિત વિષયનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ

૭. વળતર અથવા અનુદાન: ફેલોને યોગ્ય મંજૂરી સાથે મુખ્યમથક સિવાય અન્ય સ્થળે પ્રવાસની જરૂર પડે તે કિસ્સામાં તેમને નીચે દર્શાવેલ વિગતે વળતર અથવા એડવાન્સની મંજૂરી આપવામાં આવશે:–

હોદ્દો	મુસાફરીનો પ્રકાર	હોટેલ, ટેક્સી અને ફુડના બીલનું રીએમ્બર્સમેન્ટ
ફેલો	હવાઇયાત્રા ઈકોનોમી ક્લાસમાં અથવા રેલવે દ્વારા એસી ટુ ટાયરમાં	ગુજરાત સરકારના વર્ગ–૧ અધિકારીના નિયમ મુજબ

૮. પસંદગી પ્રક્રિયા

૮.૧ ફેલોની પસંદગી માર્ગદર્શિકામાં સમાવિષ્ટ જોગવાઈઓ તેમજ ફેલોશિપ અને અન્ય સેવાઓની પ્રાપ્તિ માટેની માર્ગદર્શિકા, (સમયાંતરે સુધારેલા અનુસાર) કરવામાં આવશે.

૮.૨ ગુજરાત સરકાર તેની સત્તાવાર વેબસાઇટ પર તેમજ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપશે.)

[8] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી જોગવાઈ રદ કરવામાં આવેલ છે.

[9] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

[10] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

૮.૩ નોંધ: સરદાર પટેલ ગુડ ગવર્નન્સ મુખ્યમંત્રી ફેલોશીપ માટે રસ ધરાવતા અરજદારો સ્પીપાની વેબસાઈટ – https://spipa.gujarat.gov.in/ પર અરજી કરી શકશે, અરજી ફી રૂ.૫૦૦/– રહેશે. *ઉમેદવારોની રૂબરૂ મુલાકાત વર્ચ્યુઅલી ગોઠવવા સંબંધિત રજૂઆતો ધ્યાને લેવામાં આવશે નહિ.* [11] આ ફેલોશીપમાં સમાન પ્રવેશ, ખુલ્લી સ્પર્ધા અને પારદર્શક પસંદગીના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવશે.

જેમણે આ કાર્યક્રમ હેઠળ કામગીરી કરેલ હોય તેઓએ ફરીથી આ કાર્યક્રમ માટે અરજી કરવાની રહેશે નહીં. જો તેઓ અરજી કરશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. [12]

૮.૪ ચકાસણી સમિતિ પોર્ટલ પર ઉપલબ્ધ અરજદારોના અરજીમાંથી જરુરીયાતના ફેલોની સંખ્યાના આધારે પાત્ર અરજદારોને શોર્ટલિસ્ટ કરશે.

ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC) ની રચના નીચે મુજબની રહેશે:

મહાનિદેશક, સ્પીપા	અધ્યક્ષ
નાયબ મહાનિદેશક, સ્પીપા	સભ્ય સચિવ
નાયબ સચિવ(આયોજન)	સભ્ય–૧
નાયબ સચિવ(વસુતાપ્ર)	સભ્ય–૨
માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાથી નિમાયેલ એક અધિકારી	સભ્ય–૩

૮.૫ ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ (SSC):

લાયક અરજદારોને શોર્ટલિસ્ટ કરશે. વધુ અરજીના કિસ્સામાં ઓછામાં ઓછા છ ગણા ઉમેદવારોના વ્યક્તિગત એકરાર **Knowledge Partner (નોલેજ પાર્ટનર)**ના નિષ્ણાત પાસે મુલ્યાંકન કરાવશે અને તે પૈકીના ઓછામાં ઓછા ત્રણ ગણા ઉમેદવારોની પેનલની પસંદગી સમિતિને ભલામણ કરશે. શોર્ટલીસ્ટ કરાયેલ અરજીઓ પસંદગી સમિતિ સમક્ષ રજુ કરશે.

પસંદગી સમિતિ (SC):-

અ.મુ.સચિવશ્રી,સા.વ.વિ	અધ્યક્ષ
મહાનિદેશકશ્રી, સ્પીપા	સભ્ય–૧
સચિવશ્રી, આયોજન	સભ્ય–૨
Knowledge Partner (નોલેજ પાર્ટનર)ના તજજ્ઞ	સભ્ય–૩
નાયબ સચિવ(વસુતાપ્ર)	સભ્ય સચિવ
સી.એમ. કાર્યાલયમાંથી નિમાયેલ એક અધિકારી	સભ્ય–૫

૮.૬ પસંદગી સમિતિ (SC)ના અધ્યક્ષની મંજૂરી સાથે ઉપરોક્ત સભ્યો ઉપરાંત કેસ–દર–કેસ આધારે પસંદગી સમિતિ (SC) માં બાહ્ય નિષ્ણાતોનો સમાવેશ કરી શકાશે. આ સમિતિ જરૂરિયાત મુજબ યોગ્ય ઉમેદવારોની

---

[11] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

[12] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

પસંદગી માટે તેની પોતાની પદ્ધતિ નિયત કરી શકશે.પસંદગી સમિતિ યોગ્ય ઉમેદવારોની પસંદગી કરશે અને ભલામણની તારીખથી એક વર્ષની અવધિ માટે પ્રતિક્ષા યાદી પણ તૈયાર કરશે.

પસંદગી પ્રક્રિયાનું માળખુ નીચે મુજબ રહેશે:

૧. શૈક્ષણિક લાયકાત અને કાર્ય અનુભવ માટે –૪૦% ભારાંક (ચકાસણી અને શોર્ટલિસ્ટિંગ સમિતિ દ્વારા)

ક્રમ	લાયકાત	માપદંડ	ગુણ	મહત્તમ માર્ક્સ
૧	સ્નાતક	સ્નાતક ડીગ્રીમાં ૬૦% થી ૭૫% સુધી	૫	૧૦
		૭૫% થી વધારે	+૫	
૨	અનુસ્નાતક	૬૦% થી ૭૫% સુધી	૫	૧૦
		૭૫% થી વધારે	+૫	
૩	શ્રેષ્ઠ સંસ્થાઓ	રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાંથી સ્નાતક અથવા અનુસ્નાતક *અથવા પી.એચડી* [13]ડીગ્રી (IIT/IIM/IISc,AIIMS,NATIONAL Law University,IARI(PUSA) ***Times Higher Education "THE"*** *તથા* ***Quacquarelli Symonds World University Rankings "QS"*** *રેટિંગ પ્રમાણે વિશ્વની ટોચની ૨૦ યુનિવર્સિટીઓમાંથી સ્નાતક કે અનુસ્નાતક ની પદવી.* [14] *નોંધ:-* *(૧) વિષય પ્રમાણે* ***"THE"*** *કે* ***"QS"*** *રેન્કિંગ અનુસાર વિશ્વની ટોચની ૨૦ યુનિવર્સિટી/સંસ્થામાંથી ઉમેદવારે અભ્યાસ પરિપૂર્ણ કરેલ હશે તેને પણ ગુણ આપવાના રહેશે.* *(૨) એક વર્ષ કરતાં વધારે સમય માટે ઉક્ત શ્રેષ્ઠ સંસ્થાઓમાંથી "જાહેર વહીવટ/ નીતિ"*	૧૦	૧૦

[13] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

[14] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

		માં ફેલોશીપ કરેલ હોય તેને પણ ગુણ આપવાના રહેશે. [15]		
૪	સબંધિત વિષયનો અનુભવ	૩ થી ૫ વર્ષ સુધીનો કામનો અનુભવ	૫	૧૦
		૫ વર્ષથી વધારેનો અનુભવ	+૫	
				૪૦

૨. વ્યક્તિગત એકરાર – ૨૦% ભારાંક (IIM-અમદાવાદ દ્વારા મુલ્યાંકન કરવામાં આવશે.) ***નોંધ:- આ માટે ઉમેદવારે પોતાનો બે થી ત્રણ મિનિટનો વિડીયો Upload કરવાનો રહેશે.*** [16]

૩. રૂબરૂ મુલાકાત– ૪૦% ભારાંક (પસંદગી સમિતિ દ્વારા)

૮.૭ ગુજરાત સરકારની મંજૂરીથી અમુક અસાધારણ કેસોમાં અને સમયની તાકીદમાં અને સંપૂર્ણ વાજબીપણા સાથે, એક જ સ્ત્રોતમાંથી પસંદગીને પણ ધ્યાનમાં લઈ શકાય છે, જેના માટે અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અધ્યક્ષ સ્થાને ખાસ પસંદગી સમિતિ રહેશે, જેમાં મહાનિર્દેશક, સ્પીપા અને **Knowledge Partner (નોલેજ પાર્ટનર)**, IIT-ગાંધીનગર અથવા અન્ય નામાંકિત સંસ્થા પૈકી કોઈ એક સંસ્થાના એક સભ્ય રહેશે.

૮.૮ સ્ટાઇપેન્ડ:

ફેલોશીપ ચાલુ રાખવા પરસ્પર સંમતિ દ્વારા નક્કી કરવામાં આવશે, એક વર્ષથી વધારે સેવાના કિસ્સામાં ફેલો 10% સ્ટાઈપેન્ડ વધારાનો લાભ મેળવશે. સ્ટાઇપેન્ડમાં વધારો પસંદગી સમિતિ(SC)ની ભલામણને અનુસરીને અને ગુજરાત સરકારની સક્ષમ સત્તાધિકારી દ્વારા વિધિવત રીતે વર્ષ દરમિયાનની તેમની કામગીરી પર આધારિત રહેશે.

ફેલો દ્વારા નોંધાયેલ હાજરીના આધારે અથવા સંબંધિત વિભાગ/પ્રભાગ/કચેરીના વડા દ્વારા અપાયેલ પ્રમાણપત્રના આધારે મહિનો પૂરો થયાના એક સપ્તાહની અંદર ગુજરાત સરકાર દ્વારા સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવશે. (ફેલોને અન્ય જગ્યાએ નિયુક્ત કરવામાં આવે તેવા કિસ્સામાં)

રજા: ફેલો પ્રો–રેટાના આધારે કેલેન્ડર વર્ષથી દરેક પૂર્ણ થયેલા મહિના માટે એક દિવસના દરે રજા મેળવવા માટે હકદાર રહેશે, વણવપરાયેલ રજાઓ આગામી વર્ષમાં ઉધારવામાં આવશે નહી. વધુમાં, અગ્ર સચિવશ્રી (વસુતાપ્ર), ગુજરાત સરકારની મંજૂરીથી સ્ટાઇપેન્ડ વિના એક મહિના સુધીની રજા ધ્યાનમાં લઈ શકશે.

આવકવેરાની કપાત (TDS):

આવકવેરો અથવા અન્ય કોઈપણ કર કપાત કરવા પાત્ર છે, જેમ કે પ્રવર્તમાન નિયમો અનુસાર, સ્ટાઇપેન્ડની ચુકવણી કરતા પહેલા કપાત કરવામાં આવશે, જેના માટે ગુજરાત સરકાર TDS સર્ટીફીકેટ આપશે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) નિયમોનુસાર ફેલોને લાગુ પડશે. ફેલો દ્વારા ચૂકવવાપાત્ર કર અથવા અન્ય યોગદાન માટે ફેલોશીપ હેઠળ ગુજરાત સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

---

[15] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી શબ્દ ઉમેરવામાં આવેલ છે.

[16] તા.૨૨/૧૨/૨૦૨૫ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

પોલીસ વેરિફિકેશન:

ફેલોનું પોલીસ વેરિફિકેશન ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી અદ્યતન સૂચનાઓ અનુસાર હાથ ધરવામાં આવશે. જો પોલીસ વેરિફિકેશનના પરિણામો નકારાત્મક હોય તો, ફેલોની ફેલોશિપ કોઈપણ સૂચના વિના તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.

તાલીમ:

- દરેક ફેલો માટે હાજર થયેથી ઓછામાં ઓછી ૨ અઠવાડિયાની તાલીમનું આયોજન કરવામાં આવશે (SPIPA અને **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** ના સહયોગથી)
- HOD સાથે જોડાણ અને બે અઠવાડિયા માટે વિભાગ/ખાતાના વડા સાથે વિષયને લગતી તાલીમ
- મેન્ટરશિપ પ્રભાગ/ખાતાના વડા અને સમકક્ષ અધિકારી દ્વારા કરવામાં આવશે (સામેલ પરિશિષ્ટ–૨ મુજબ)
- **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** પણ ફેલોને મેન્ટરશીપ એક્સેસ પૂરુ પાડશે.

છૂટછાટ/સુધારા: જ્યારે ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ આ માર્ગદર્શિકાની કોઈ પણ જોગવાઈમાં છૂટછાટ કે સુધારો કરવો જરુરી જણાય તો રાજ્ય સરકાર તે અંગેના લેખિત કારણો નોંધીને અને યોગ્યતે હુકમથી આ છુટછાટ કે જરૂરી સુધારા કરી શકશે.

(સા.વ.વિ. ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 તા.૨૪/૧૧/૨૦૨૩, સુધારા ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2024/6058/ARTD2 તા.૧૮/૧૧/૨૦૨૪ અને GAD/MSM/e-file/1/2025/6138/ARTD2 તા.૨૬/૧૦/૨૦૨૬ નું બિડાણ)

(પરિશિષ્ટ-૨)

ફેલોની ફાળવણી/માર્ગદર્શકની ફાળવણી

૧. ફેલોનું કાર્ય નીતિ ઘડતર અને સેવાઓના વિતરણમાં નવીન અભિગમ લાવવા માટે વિભાગ/પ્રભાગ/વિભાગીય કચેરીને મદદ કરવાનું રહેશે અને તેનો હેતુ શાસનમાં પરિવર્તન લાવવાનો છે.

૨. ફેલોને તેમની રુચિ અને વ્યાવસાયિક કુશળતાના આધારે તેમના પસંદગીના પાંચ વિષયો પસંદ કરવાની તક આપવામાં આવશે. વિષયોને ૧ થી ૫ સુધી ક્રમાંક આપવાનો રહેશે. જેમાં એક ટોચની પસંદગી છે અને પાંચ સૌથી છેલ્લો પસંદગીનો વિકલ્પ ગણાશે.

૩. દરેક ફેલો માટે માર્ગદર્શક:

મેન્ટરશિપ સપોર્ટ: પ્રોગ્રામમમાં ભાગ લેનાર દરેક ફેલોને માર્ગદર્શકની ફાળવણી કરવામાં આવશે. માર્ગદર્શક ફેલોના ફેલોશિપ સમયગાળા દરમિયાન માર્ગદર્શન અને મદદ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

માર્ગદર્શકની ભૂમિકા: તેઓ ફેલોને મૂલ્યવાન આંતરદ્રષ્ટિ, કુશળતા અને સલાહ આપશે. તેઓ ફેલોને તેમના સોંપાયેલ કાર્યો, પ્રોજેક્ટ્સ અને જવાબદારીઓને અસરકારક રીતે પૂર્ણ કરવામાં મદદ કરશે.

સતત શીખવું: માર્ગદર્શકની ભૂમિકા સંબંધો સતત શીખવા અને વિકાસને સરળ બનાવવા માટે નિયત થયેલ છે. ફેલો તેમના માર્ગદર્શકો પાસેથી તેમના કાર્યના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન મેળવી શકશે, જેમાં કાર્ય પ્રત્યેનો અભિગમ, નીતિ-નિર્માણ અને સેવા વિતરણનો સમાવેશ થાય છે.

આયોજનનાં માર્ગદર્શક: વ્યાવસાયિક માર્ગદર્શન ઉપરાંત, લીવ મેનેજમેન્ટ માટે પણ જવાબદાર રહેશે ફેલો તેની ફેલોશીપ દરમ્યાન રજાની વિનંતી કે આયોજન કરતી વખતે તેઓના માર્ગદર્શકો સાથે સંકલન કરી શકશે.

નિયમિત ચેક-ઇન્સ: માર્ગદર્શકો અને ફેલો પ્રગતિનું મૂલ્યાંકન કરવા, પડકારોને સંબોધવા અને લક્ષ્યો નક્કી કરવા માટે નિયમિત ચેક-ઇન મીટિંગ કરશે. આ આપ-લે ફેલોને સફળતા માટે જરૂરી સમર્થન અને સંસાધનો મળી રહે એ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

સંસાધનની ઉપયોગિતા: માર્ગદર્શક સંસાધનો, નેટવર્ક્સ અને સંપર્કોની ઉપયોગીતા પ્રદાન કરી શકે છે જે ફેલોને તેમના પ્રોજેક્ટ અને પહેલવૃત્તિમાં મદદ કરી શકે છે.

પ્રતિસાદ અને મૂલ્યાંકન: માર્ગદર્શક ફેલોની કામગીરીના પ્રતિસાદ અને મૂલ્યાંકન પ્રદાન કરવામાં પણ સામેલ થશે, તેમને સુધારણા માટેના ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરશે.

નીચેના પત્રકના કોલમ-૩માં દર્શાવેલ વિભાગ/ખાતાની વડાની કચેરીમાં ફેલોને નિમણુંક આપવામાં આવશે અને કોલમ -૪માં દર્શાવેલ અધિકારીશ્રી માર્ગદર્શક રહેશે. [17]

---

[17] તા.૨૬/૧૦/૨૦૨૬ના સુધારા ઠરાવથી ક્રમ ૧ થી ૪૫ વિષય/પ્રોજેક્ટ નિયત કરવામાં આવેલ છે.

અનુ.	પ્રોજેક્ટની વિગત	વિભાગ/ખાતાના વડાનું નામ	માર્ગદર્શક
૧	૨	૩	૪
૧	પીએમ પોષણ MDM અને ICDS યોજનાઓના અમલીકરણમાં ગુણાત્મક સુધારા માટે સમગ્ર રાજ્યમાં કેન્દ્રીયકૃત રસોઇ સુવિધાઓનું વિસ્તરણ. નિયમિત હાજરી વધારવા ઉપરાંત, MDM યોજના વિદ્યાર્થીઓના પોષણ અને આરોગ્યને પણ પ્રોત્સાહન આપે છે. **પ્રાથમિક શિક્ષણ વિભાગની પીએમ પોષણ યોજના માટેની નીચે મુજબની કામગીરી ફેલોશીપ પ્રોજેક્ટ હેઠળ ફેલોને સોંપવા વિચારણા થઈ શકે.** 1. કેન્દ્ર પુરસ્કૃત નેશનલ ફૂડ સિક્યુરીટી એક્ટ-૨૦૧૩ હેઠળની પીએમ પોષણ યોજનાના અમલીકરણમાં ગુણાત્મક સુધારા માટે રાજ્યમાં કેંદ્રીયકૃત રસોઇ સુવિધાઓ (સેંટ્રલાઇઝ કિચન)ના વિસ્તરણ હેતુ સેંટ્રલાઇઝ કિચનના વ્યવસ્થાપન અને કાર્યપદ્ધતિની વિગતો સાથેની ભારત સરકારની માર્ગદર્શીકા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમોને અનુરૂપ રાજ્ય સરકારની માર્ગદર્શીકા તૈયાર કરવાની કામગીરી સોંપવી. 2. સફળતાપૂર્વક સેંટ્રલાઇઝ કિચનનું સંચાલન કરતી અક્ષયપાત્ર જેવી સંસ્થાઓના ૫૦૦૦૦ અને ૨૫૦૦૦ મીલ સર્વીંગ કેપેસીટી ધરાવતા સેંટ્રલાઇઝ કિચનના આધારે રાજ્ય માટે મોડેલ પ્રોજેક્ટ તૈયાર કરવા તથા તે માટે ખર્ચના અંદાજો તૈયાર કરવાની કામગીરી સોપવી. 3. રાજ્યના જિલ્લાઓ/તાલુકઓની ભૌગોલીક સ્થિતીને અનુરૂપ ભારત સરકારની પીએમ પોષણ યોજના માટેની ગાઈડલાઈન મુજબ સારી રોડ કનેક્ટીવિટી ધરાવતી મહત્તમ શાળાઓને આવરી લેવાના ધ્યેય સાથે સેંટ્રલાઇઝ કિચનનું સ્થળ પસંદ કરવું. (તમામ જિલ્લા/તાલુકા) 4. પીએમ પોષણ માટે નિયત થયેલ ભોજનમાં વધારાના વિશિષ્ટ પોષક મુલ્યો ધરાવતા ખોરાકનું બાળકોની સ્વાદરૂચિ તથા શાળામાં હાજરીને પ્રોત્સાહિત કરે તે મુજબ મેનું તૈયાર કરવુ તથા યોજનાની સામાજીક અને બાળકોના આરોગ્ય પર પડતી અસરોનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી સોંપવી. 5. રાજ્યમાં પીએમ પોષણ યોજનાના અમલીકરણમાં ગુણાત્મક સુધારાઓ માટે પોષણ અને જાહેર આરોગ્યની વિશિષ્ટ જાણકારી અને કુપોષણ નિવારક ઉપાયોનું નિષ્ણાત કક્ષાનું જ્ઞાન અને તાંત્રિક આવડત ધરાવતા તજજ્ઞો સાથે સતત પરામર્શ કરવો અને યોજનાની અસરોના અભ્યાસ અહેવાલ આધારે યોજનામાં નવા સુધારાઓ/ઉમેરણ કરવા માટેની દરખાસ્ત કરવી. 6. કુપોષણ મુકત શાળાઓ : નેશનલ ફેમીલી હેલ્થ સર્વે	પ્રાથમિક શિક્ષણ વિભાગ(નોડલ) મહિલા અને બાળ વિકાસ વિભાગ	કમિશનરશ્રી, MDM

	તથા RBSK હેઠળ ઓળખાયેલ કુપોષિત અને ખામીવાળા બાળકો માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથે પીએમ પોષણ યોજના હેઠળ ખાસ યોજનાઓ ઘડવી અને અમલીકરણની પદ્ધતિ નિયત કરવી.		
૨	વિકાસશીલ જિલ્લો/બ્લોક પ્રોગ્રામ: બાળકોમાં દુબળાપણા/ઠીંગણાપણાનું પ્રમાણ ઘટાડવું:- બાળકો અને મહિલાઓનું આરોગ્ય અને પોષણ જળવાય તે ગુજરાત સરકારની પ્રાથમિકતા છે. રાજ્યમાં કુપોષણની સ્થિતિમાં સુધારો કરવા માટે ઘણી નવી પહેલો શરૂ કરવામાં આવી છે. ➢ **પોષણ યોજના અંતર્ગત પહેલ:** ➢ પૂરક પોષણ યોજના(SNP)-આ યોજના અંતર્ગત RDA (ભલામણ કરેલ આહાર જથ્થો) અને ADI (સરેરાશ દૈનિક સેવન) વચ્ચેના અંતરને પહોંચી વળવા માટે, 6 મહિનાથી 3 વર્ષના બાળકોને, સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને મલ્ટીવિટામીન યુકત સૂક્ષ્મ પોષકતત્વોના રૂપમાં પૂરક પોષણ (આરડીએનો 1/3 ભાગ) ફોર્ટિફાઈડ ટેક હોમ રાશન આપવામાં આવે છે. ▪ ટેક હોમ રેશન -અંતર્ગત RDA અને ADI વચ્ચેના અંતરને પૂર્ણ કરવા માટે, આંગણવાડી કેન્દ્રખાતે 3-6 વર્ષના બાળકોને ગરમ રાંધેલા ભોજનના રૂપમાં પૂરક પોષણ (RDAનો 1/3 ભાગ) આપવામાં આવે છે. HCM ની તૈયારી માટે વપરાતા તમામ ઉત્પાદનો ફોર્ટિફાઇડ છે જેમ કે. ઘઉં, ચોખા, તેલ અને મીઠું. ➢ **આંગણવાડી કેન્દ્રો પર કુપોષણના નિવારણ માટે 2019 પછી રાજ્યની પહેલ:** **પ્રથમ 1000 દિવસને પ્રાથમિકતા આપવા માટે -** ▪ મુખ્ય મંત્રી માતૃશક્તિ યોજના (MMY)-પ્રથમ વખતની ગર્ભવતી મહિલાઓ અને 2 વર્ષ સુધીના બાળકોની ધાત્રીમાતાઓને રો-રાશન તરીકે - 2 કિલો ચણા, 1 કિલો તુવેર દાળ અને 1 કિલો ફોર્ટિફાઇડ સીંગતેલ પૂરું પાડવામાં આવે છે. ▪ પોષણ સુધા-રાજયના આદિવાસી તાલુકાઓની 6 મહિના સુધીના બાળકોની ધાત્રીમાતાઓ અનેસગર્ભા સ્ત્રીઓને એક સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. ▪ દૂધ સંજીવની યોજના - રાજ્યના આદિવાસી તાલુકાઓ અને વિકાસશીલ તાલુકાઓમાં અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત 100 મિલી ફોર્ટિફાઈડ દૂધ 6 મહિનાથી 6 વર્ષ સુધીના બાળકોને અઠવાડિયામાં 5 દિવસ અને સગર્ભા તથા ધાત્રી માતાઓને અઠવાડિયામાં બે વાર 200 મિલી ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. ▪ પૂર્ણા- 15-18 વર્ષની કિશોરીઓમાં કુપોષણનું નિવારણ અને પોષણ વિષયક એનિમિયામાં ઘટાડો. ▪ પોષણ અભિયાનનો ઉદ્દેશ કન્વર્જન્સ, જીવનચક્ર અને	ICDS, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ	કમિશ્નરશ્રી અને સચિવશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગ

	પરિણામલક્ષી અભિગમ અપનાવીને કુપોષણ ઘટાડવાનો છે. તે કિશોરીઓ, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને 0 થી 6 વર્ષની વયના બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. **પોષણ અભિયાનના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.** ▪ **સમુદાય–આધારિત ઈવેન્ટ્સ (CBE)** પોષણ અભિયાન પંચાયતી રાજ સંસ્થાઓ, ગામો, સંગઠનો, સ્વસહાય જૂથો, સ્વયંસેવકો વગેરેના સહયોગથી પોષણ સંબંધિત કાર્યસૂચિને જન આંદોલનમાં પરિવર્તિત કરવા અને વ્યાપક જનભાગીદારી સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત છે.મહિનાના પ્રથમ અને ત્રીજા મંગળવારે રાજ્યભરમાં દરેક આંગણવાડી કેન્દ્રમાં ભારત સરકારના સહયોગથી CBEની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે બીજા અને ચોથા મંગળવારે અનુક્રમે બાળતુલા (ગ્રોથ મોનીટરીંગ) અને પૂર્ણા (કિશોરી) / ટીએચઆર વિતરણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સુપોષણ સંવાદ દર મહિનાના પહેલા મંગળવારે અને અન્નપ્રાશન દર મહિનાના ત્રીજા મંગળવારે ઉજવવામાં આવે છે. ▪ **માહિતી, શિક્ષણ અને સંચાર (IEC)** IEC અભિગમ પોષણ અને આરોગ્ય સંબંધિત ઘણા સરકારી કાર્યક્રમો દ્વારા પૂરા પાડવામાં આવતા ફાયદાઓ વિશે લોકોને શિક્ષિત કરવાનો છે અને તેમને સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 સાથે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે નિર્દેશિત કરવાનો છે. ▪ **પોષણ માહ અને પોષણ પખવાડા** માર્ચ 2018 માં પોષણ અભિયાનની શરૂઆત થઈ ત્યારથી, દેશમાં પોષણ પર કેન્દ્રિત સૌથી મોટા વાર્ષિક જન આંદોલનો દ્વારા સમુદાયો સાથે જોડાણ કરવામાં મદદ કરી છે.દેશમાં દરેક જગ્યાએ, સપ્ટેમ્બરને રાષ્ટ્રીય પોષણ માહ તરીકે મનાવવામાં આવે છે. એ જ રીતે, માર્ચમાંપોષણ પખવાડા ઉજવવામાં આવે છે. ▪ પોષણ ટ્રેકરરીઅલ ટાઇમ ડેટા અને તેનો ડાયનેમિક ડેટા એકત્રિત કરે છે. પોષણ ટ્રેકર રોજિંદી પ્રવૃત્તિઓની જાણ કરવાનો સૌથી સરળ રસ્તો બની ગયો છે જેણે સેવાઓની ડિલિવરી સુધારવામાં મદદ કરી છે. એપ્લિકેશનમાં મુખ્ય પ્રદર્શન સૂચકાંકોથી સંબંધિત ડેટા જેમ કે. યોજનાઓના આયોજન અને દેખરેખ, પૂરક પોષણ, વૃદ્ધિની દેખરેખ, ગૃહ મુલાકાત, પોષણ અને આરોગ્યની સ્થિતિ વગેરે માહિતી આવરી લેવામાં આવે છે. **ભાવિ આયોજન:** ➢ રાજ્યમાં બાળકોમાં પોષણની સ્થિતિ સુધારવા માટે યોગ્ય મોનીટરીંગ અને જરૂરી નીતિ–વિષયક ફેરફારો માટે થર્ડ પાર્ટી સર્વેને પ્રાથમિકતા આપવામાં આવશે. ➢ કિશોરીઓના પોષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું, જેમાં શાળામાં અને		

	શાળાએ ન જતી કિશોરીઓ બંને માટે સાપ્તાહિક આયર્ન-ફોલિક એસિડ પૂરકનો સમાવેશ થાય છે. ➢ આંગણવાડી કેન્દ્ર પર લાભાર્થીઓ આવવા માટે પ્રેરિત/આકર્ષિત થાય તે માટે 'સક્ષમ આંગણવાડી પોષણ ૨.૦' અંતર્ગત તબકકાવાર આંગણવાડી કેન્દ્રોને ભૌતિક સુવિધાઓ તથા ડીઝીટલ ઉપકરણોથી સુસજ્જ કરવામાં આવનાર છે. જેમાં ટી.વી., ખાસ ઇસીસીઇ કોર્નર, વોટર પ્યુરીફાયર, રેઇન વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર વગેરે બાબતોનો સમાવેશ થાય છે. ➢ તીવ્ર કુપોષણની સારવાર ➢ ગુણવત્તાયુક્ત સેવાઓ પહોંચાડવા માટે સહભાગીઓનું ક્ષમતાવર્ધન ➢ CMAM પર AAA ફ્રન્ટલાઈન કાર્યકરોનું ક્ષમતાવર્ધન ➢ દુબળાપણા/ ઠીંગણાપણાવાળાબાળકોની ઓળખ માટે સ્વસહાય જૂથોની સામેલગિરી ➢ **પોષણલક્ષી પ્રોગ્રામ ડિલિવરી પ્લેટફોર્મનો ઉપયોગ:** ▪ સમુદાયો માટે પોષણ શિક્ષણ અને પ્રમોશન (સમુદાય-આધારિત કાર્યક્રમો); ▪ ખાસ કરીને બાળપણમાં બીમારી સમયે (CMTC, NRC, વગેરે)ના સંકલનથી યોગ્ય આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી ▪ ખાનગી ક્ષેત્ર – મોટા પાયે ફૂડ ફોર્ટિફિકેશન.		
૩	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની કુલ નોંધણીમાં સુધારો : - ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ(GSOS) દ્વારા વિદ્યાર્થીઓની નોંધણી કરીને શિક્ષણકાર્ય કરાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ જઈ શકતા નથી કે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ(GSOS)માં રજીસ્ટ્રેશન કરાવીને બોર્ડની પરીક્ષા આપી શકશે. - ધોરણ-09 થી ધોરણ-12 GSOSના વિદ્યાર્થીઓની નોંધણીની પ્રક્રિયા તેમજ ધોરણ-10 અને ધોરણ-12 સામાન્યપ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો ભરવા અને તેના પરિણામ સુધીની ડેટા કામગીરી - GSOSના વિદ્યાર્થીઓના રેકર્ડ નિભાવવા માટે - GSOS સ્ટડી સેન્ટર ખાતે સંકલનમાં રહી કામગીરી બાબત - GSOS દ્વારા વિદ્યાર્થીઓ નોંધણી કરાવીને સમયાંતરે નોંધાયેલ સ્ટડી સેન્ટર ખાતે શિક્ષણ કાર્યમાં જોડાશે જેથી ડ્રોપ આઉટ ઓછો થશે - ધોરણ-10માં અગાઉ માર્ચ માસમાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની બે જ વિષયની પરીક્ષા લેવામા આવતી હતી તેના બદલે હવે શૈક્ષણિક વર્ષ-2023-24 થી ત્રણ વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને શાળાઓમાં વધુ વિદ્યાર્થીઓની નોંધણી થઈ શકશે જેથી પૂરક પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં	શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)	શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)

	નોંધપાત્ર વધારો થશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. તેની સાથે ડ્રોપઆઉટ ઓછો થશે. - ધોરણ–12 સામાન્યપ્રવાહમાં એક વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી તેને બદલે હવે શૈક્ષણિક વર્ષ–2023-24 થી બે વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ કરી શકશે જેથી પૂરક પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે તેમજ ઉચ્ચ અભ્યાસ અને પ્રવેશ પરીક્ષામા વિદ્યાર્થીઓની સંખ્યા વધશે. - શૈક્ષણિક વર્ષ 2023-24 થી NCERT મુજબ ગણિત, વિજ્ઞાન અંગ્રેજી જેવા મુખ્ય વિષયોમાં અભ્યાસક્રમ ઘટાડવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનું ભારણ ઘટશે. - અભ્યાસક્રમના બિનજરૂરી મુદ્દાઓ દૂર કરી વિદ્યાર્થીલક્ષી અને આગળના અભ્યાસ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે. - શૈક્ષણિક વર્ષ 2023-24 થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 અન્વયે ધોરણ–10 અને ધોરણ–12ની પરીક્ષાના પ્રશ્નપત્રોનું સરળીકરણ કરવામાં આવેલ છે. જેથી કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે. પ્રશ્નપત્રોના સરળીકરણથી ગોખણપટ્ટી થી નહીં પરંતુ સમજણથી વિદ્યાર્થી જવાબ આપી શકે અને તેની સમજણ પ્રમાણેનું મૂલ્યાંકન કાર્ય થાય તેવો પ્રયત્ન રહેશે તેમજ કોચીંગ કલાસીસને બદલે વિદ્યાર્થી શાળામાં અધ્યયન કરીને બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરી શકશે. ▪ માધ્યમિક શિક્ષણમાં ડ્રોપ આઉટનું ઉંચુ પ્રમાણ ▪ કન્યાઓમાં ડ્રોપ આઉટનું ઉંચુ પ્રમાણ ▪ વય અનુસાર અભ્યાસમાં રહેતી કચાશ ▪ માધ્યમિક શિક્ષણમાં ગણીત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં ઉદાસીનતા ▪ અંતરિયાળ વિસ્તારોમાં શાળાઓની ઘટ ▪ વિષયાનુસાર શિક્ષકોની વિલંબિત ભરતી ▪ નવી સરકારી માધ્યમિક શાળાઓની વિશેષ જરૂરિયાત ▪ કન્યાઓને શાળાઓમાં મુકવા સામે સામાજીક અડચણો ▪ આર્થિક રીતે ગરીબ વાલીઓના બાળકોને અન્ય કામગીરીમાં રોકવા		

	▪ આદિવાસી વિસ્તારોમાં રોજગારી માટે વાલીઓનું સ્થળાંતર ▪ ફક્ત બે કે ત્રણ વર્ગો કે શિક્ષકો હોય તેવી નાની શાળાઓ ▪ સ્કુલ ટ્રાન્સપોર્ટેશનનો અભાવ ▪ હોસ્ટેલ અને પેઈનગેસ્ટ તરીકે રહી અભ્યાસ માટે કરવો પડતો વધુ ખર્ચ ▪ તેજસ્વી બાળકોને શિષ્યવૃત્તિની વિશેષ જરૂરિયાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઉપર મુજબના તથા અન્ય લગત મુદ્દાઓનો ફેલો પાસેથી અભ્યાસ કરાવી તેઓનો અભિપ્રાય મેળવીએ.		
૪	માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિજ્ઞાન અને ગણિત પ્રવાહમાં વિદ્યાર્થીઓની નોંધણીમાં સુધારો કરવો : - શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તમામ વિષયોમાં અનુતીર્ણ થયેલા વિદ્યાર્થીઓની પુનઃ પુરક પરીક્ષા જુન/જુલાઈ માસમાં લેવામાં આવશે. જેથી ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ કરી શકશે. - ધોરણ–12 વિજ્ઞાન પ્રવાહમાં બધા જ વિષયોમાં અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પરીક્ષા આપી શકશે. જેથી વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ થવાનો વિકલ્પ મળશે અને કારકિર્દીનું મહત્વનું વર્ષ બચી જશે તેમજ પરીક્ષા યોજતાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે અને તેની સાથે ડ્રોપઆઉટ ઓછો થશે અને વધુ સંખ્યામાં આગળનો અભ્યાસ કરી શકશે. - શૈક્ષણિક વર્ષ 2023–24 થી ધોરણ–12 વિજ્ઞાનપ્રવાહમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ ઇચ્છે તો પોતાનું પરિણામ સુધારવા માટે તમામ વિષયોની પુનઃ પરીક્ષા જુન/જુલાઇ માસમાં આપી શકશે. બંને પરિણામ એટલે કે માર્ચ અને જુન/જુલાઇ માસની પરીક્ષામાંથી જે શ્રેષ્ઠ (Best of Two Exams) હોય તે પરિણામ સ્વીકારવાનું રહેશે. જેથી વિદ્યાર્થીઓને પરિણામ સુધારવા માટે પ્રોત્સાહન અને તક મળશે જેથી પુન: પરીક્ષા યોજતા ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધશે તેમજ પરીક્ષાના દિવસો, મૂલ્યાંકનના દિવસો અને પરિણામ તૈયાર કરવામાં વધુ માનવબળની જરૂર પડશે અને તેના રેકર્ડ અને પરીક્ષાની આનુષાંગિક વ્યવસ્થા માટે વધુ માનવબળની જરૂરીયાત ઊભી થશે - Best of Two Exams હોવાને કારણે ભવિષ્યને ધ્યાને રાખી ડેટા એકત્રિત કરી અને પ્રમાણભૂત રાખવાની વ્યવસ્થાઓ કરવાની થાય છે. - શૈક્ષણિક વર્ષ 2023-24 થી NCERT મુજબ ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા મુખ્ય વિષયોમાં અભ્યાસક્રમ ઘટાડવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ પર અભ્યાસક્રમનું	શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)	શિક્ષણ વિભાગ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)

	ભારણ ઘટશે અને વધારે વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં જોડાશે. - અભ્યાસક્રમના બિનજરૂરી મુદ્દાઓ દૂર કરી વિદ્યાર્થીલક્ષી અને આગળના પ્રવેશ પરીક્ષાને ધ્યાને રાખી અભ્યાસક્રમ ઘટાડી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને વિજ્ઞાન પ્રવાહ તરફ અભિમુખ થાય તેમ કરવાનો પ્રયાસ - BE (IT/COMPUTER]નો અભ્યાસ કરેલ હોય અને પાંચ વર્ષનો SDLC (Software Devloptment life cycle), Data base systemનો અનુભવ હોય તેવા અનુભવી ટેકનિકલ એક્સપર્ટની જરૂર પડશે. • વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનું ઓછું પ્રમાણ • વિજ્ઞાન પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં પૂરતી માળખાકીય સુવિધાઓનો અભાવ • વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે વાલીઓ/વિદ્યાર્થીઓનું ઉદાસીન વલણ • JEE અને NEET ની તૈયારી કરાવવા માટેની યોગ્ય ફેકલ્ટીનો અભાવ • સ્કુલ ટ્રાન્સપોર્ટેશનનો અભાવ • વિજ્ઞાન પ્રવાહની શાળા વિહોણા તાલુકાઓમાં આવી શાળાઓ શરૂ કરવી. • ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં ઓછી નોંધણી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ઉપર મુજબના તથા અન્ય લગત મુદ્દાઓનો ફેલો પાસેથી અભ્યાસ કરાવી તેઓનો અભિપ્રાય મેળવીએ.		
૫	PMJAY યોજના હેઠળ સરકારી હોસ્પિટલો/સુવિધાઓના વાર્ષિક આવકના હિસ્સામાં સુધારો કરવો : ➢ **સમસ્યાનું નિવેદન**: PM-JAY-MA યોજના હેઠળ સરકારી સુવિધાઓનો અસંતોષકારક ઉપયોગ. ➢ **પૃષ્ઠભૂમિ**: શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વડાપ્રધાન એ 2 લાખ રૂપિયાની પ્રારંભિક વીમા કવર સાથે MA યોજના શરૂ કરી હતી, જે પાછળથી ૩ લાખ રૂપિયા સુધી વધારવામાં આવી હતી. 2018માં, તેમણે આયુષ્યમાન ભારત PM-JAY. વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના શરૂ કરી, જેમાં પરિવાર માટે વાર્ષિક 5 લાખ રૂપિયાનું આરોગ્ય કવર આપવામાં આવે છે. ફેબ્રુઆરી 2023માં ગુજરાત સરકારે PMJAY-MA યોજનાને નવો દેખ આપીને વીમા કવરને બમણું કરીને 10 લાખ રૂપિયા કર્યું. PMJAY-MA યોજના હેઠળ, રાજ્યના 2,027 સરકારી હોસ્પિટલ, 803 ખાનગી	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	કમિશનરશ્રી, આરોગ્ય

	હોસ્પિટલ અને 18 કેન્દ્ર સરકારી હોસ્પિટલને સારવાર આપવા અને શસ્ત્રક્રિયા કરવાની મંજૂરી છે. કાર્ડધારકો 10 લાખ રૂપિયાની મર્યાદામાં 2,471 પ્રકારની સારવાર અને શસ્ત્રક્રિયાઓનો લાભ લઈ શકે છે. ગુજરાત સરકારે એમ પણ જાહેરાત કરી છે કે આયુષ્યમાન કાર્ડ ધારકો હવે કિડની, હૃદય, લીવર અને કોકલિયર ઇમ્પ્લાન્ટ્સની જટીલ શસ્ત્રક્રિયાઓ, સારવાર અને ટ્રાન્સપ્લાન્ટનો લાભ લઈ શકે છે. ➢ સમસ્યા: સરકારી હોસ્પિટલોમાં દાવાની નોંધણીમાં થતી ખામીઓને મૂળ કારણ જાહેર આરોગ્ય સુવિધાઓ તેમજ અત્યાધુનિક ટેકનોલોજી છે. તે ઉપરાંત કર્મચારીઓ અને લાભાર્થીઓ વચ્ચે સંદેશાવ્યવહારનો અભાવ સરકારી આરોગ્ય સુવિધાઓમાં નોંધાયેલા દાવાઓની ઓછી સંખ્યામાં મુખ્ય પરિબળ તરીકે ઓળખવામાં આવ્યો છે. તેમજ લાભાર્થીઓ અને ડોકટરો બંનેને PMJAY MA યોજના હેઠળ સરકારી હોસ્પિટલોમાં સારવારની પ્રક્રિયાઓ વિશે જ્ઞાનનો અભાવ જોવા મળેલ છે. જેમાં ખાસ કરીને, નાણાકીય વર્ષ (FY)2018-19માં, PMJAY-MA યોજના હેઠળ સરકારી હોસ્પિટલોમાં કુલ દાવાઓ માત્ર 16.45% હતા. આ આંકડો નાણાકીય વર્ષ 2019-20માં 28.25% સુધી વધ્યો હતો. નાણાકીય વર્ષ 2020-21માં, કુલ દાવાઓનું પ્રમાણ 20.65% હતું, જે નાણાકીય વર્ષ 2021-22માં ઘટીને 18.53% થયું હતું, જે કોવિડ-19 મહામારીની અસરથી પ્રભાવિત થયું હતું. નાણાકીય વર્ષ 2022-23 માટે, કુલ દાવાઓ 21.48% સુધી વધ્યા હતા, અને નાણાકીય વર્ષ 2023-24માં નવેમ્બર 2023 સુધીમાં દાવાઓ 25.38% સુધી પહોંચી ગયા છે. ડેટા ભારપૂર્વક સૂચવે છે કે આ તમામ પરિબળોને લીધે જાહેર હોસ્પિટલોમાં પ્રક્રિયા કરવામાં આવતા દાવાની સંખ્યા ઓછી થઈ જે બદલામાં યોજનાનો ઓછો ઉપયોગ દર્શાવે છે. ➢ **ફેલો પાસેથી અપેક્ષા** • PM-JAY-MA યોજના હેઠળ જાહેર આરોગ્ય સુવિધાઓના વપરાશના વર્તમાન સ્તર અને સ્વરૂપનું વિશ્લેષણ કરો. • PM-JAY અથવા સમાન યોજનાઓ માટે જાહેર આરોગ્ય સંસ્થાઓના વપરાશના વધુ સારા દર સાથેના રાજ્યો દ્વારા અપનાવવામાં આવેલી વિવિધ વ્યૂહરચીઓનો અભ્યાસ કરો. • PM-JAY-MA હેઠળ જાહેર આરોગ્ય સુવિધાઓના		

	ઉપયોગને અનુકૂળ અને અવરોધક પરિબળોની ઓળખ કરો. • ગુજરાતમાં PM-JAY-MA યોજના હેઠળ જાહેર આરોગ્ય સંસ્થાઓના વપરાશમાં વધારો કરવા માટે ભલામણો આપો.		
૬	સરકારના જાહેર કાર્યક્રમમાં લાઇટ હાઉસ ટેકનોલોજી અપનાવવા માટેની વ્યૂહરચના વિકસાવવી:– - કેન્દ્ર સરકારશ્રી દ્વારા આવાસન ક્ષેત્રે વિશ્વભરમાંથી સિદ્ધ થયેલી હાઉસિંગ ટેકનોલોજીથી નિર્માણ કાર્ય થાય અને પર્યાવરણમિત્ર નવીનતમ ટેકનોલોજીના ઉપયોગથી ન્યુન્તમ ખર્ચે અને ઝડપથી ગુણવત્તાયુકત બાંધકામ થાય તેવા હેતુસર ગ્લોબલ હાઉસીંગ ટેકનોલોજી ચેલેન્જ – ઇન્ડીયાની શરૂઆત વર્ષ ૨૦૧૯ મા કરવામાં આવેલ. - ગુજરાત રાજય પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) યોજનાના અમલીકરણમાં હંમેશા અગ્રેસર રહ્યુ છે. ગુજરાત રાજય ગ્લોબલ હાઉસીંગ ટેકનોલોજી – ઇન્ડિયાના લાઇટ હાઉસ પ્રોજેકટ બનાવવા માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા જે ૦૬ રાજયોની પસંદગી કરવામાં આવેલ છે તે પૈકીનું એક રાજય છે. ગુજરાત રાજયમાં રાજકોટ ખાતે આ નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરી, લાઇટ હાઉસ પ્રોજેકટ અમલી બનાવવા માટે પસંદગી પામેલ છે. - રાજકોટ ખાતે આ લાઇટ હાઉસ પ્રોજેકટ અંતર્ગત ટીપી– ૩૨, એફ.પી. ૬૩/૧૦ રૈયા(સ્માર્ટસીટી) જગ્યા ઉપર કુલ ૧૧૪૪ ઇડબલ્યુએસ–૨ પ્રકારના ૩૯.૭૭ ચો.મી. કાર્પેટ વિસ્તાર ધરાવતા આવાસોનું નિર્માણ કરવાનુ આયોજન કરવામા આવ્યુ . - રાજકોટ શહેરમા ઉક્ત ૧૧૪૪ આવાસો ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રીટ કન્સટ્રકશન ટેક્નોલોજીના ઉપયોગથી બનાવવામાં આવ્યા.આ આવાસોનુ લોકાર્પણ માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૧૯/૧૦/૨૦૨૨ના રોજ કરવામાં આવેલ છે. - નવીન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય તે માટે રાજકોટ શહેર ખાતે નિર્માણ થયેલ ૧૧૪૪ આવાસ ના Light House Project મા વપરાયેલ મોનોલિથીક કોંક્રિટ કંસ્ટ્રક્શન ટેકનોલોજી ની વિશેષતાની જાણકારી મેળવવા ગુજરાત રાજ્યના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યોના ટેકનીકલ તજજ્ઞો/અધિકારીગણ, પ્રાઇવેટ ડેવલોપર્સ, IIT, CEPT, Nirma, GTU વિગેરે કોલેજના પ્રોફેસર તથા વિધ્યાર્થીઓ દ્વારા સાઇટ વિઝીટ કરવામાં આવેલ. - વિભાગ કક્ષાએથી મહાનગરપાલિકા, સત્તામંડળ,ઝોનલ કચેરી તથાગુજરાત હાઉસિંગ બોર્ડ ના અધિકારીશ્રીઓની યોજાતી સમિક્ષા બેઠકોમાં રાજકોટમાં નિર્માણ પામેલ નવિન ટેકનોલોજી મુજબ આવાસનુ નિર્માણ થાય તે હેતુને ધ્યાનમાં રાખી તેઓ દ્વારા પ્રસિધ્ધ કરવાના થતા ટેન્ડરોમા ટેકનોલોજી ન્યુટ્રલ ટેન્ડર ના કલોઝ ઉમેરી ટેન્ડર પ્રસિધ્ધ	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	સચિવશ્રી, હાઉસીંગ

કરવા માટે સુચનાઓ આપવામાં આવેલ છે.

- નવિન ટેકનોલોજી થી આવાસોનુ નિર્માણ થાય તે હેતુને ધ્યાનમાં રાખી સ્થાનિક સંસ્થાઓ દ્વારા પ્રસિધ્ધ કરવાના થતા ટેન્ડરોમા ટેકનોલોજી ન્યુટ્રલ ટેન્ડર ના ક્લોઝ ઉમેરી ટેન્ડર પ્રસિધ્ધ કરવા માટે વિભાગ કક્ષાએ યોજાતી સમિક્ષા બેઠકોમા તથા પત્રથી તમામ સ્થાનિક સંસ્થાઓને સુચનાઓ આપવામાં આવેલ છે.
- નવીન ટેકનોલોજીનો પ્રોત્સાહન માટે આવનાર પ્રોજેક્ટમા મહત્તમ ઉપયોગ થાય તે માટે સ્થાનિક સંસ્થાઓના તાંત્રિક તજજ્ઞો તથા અધિકારી ગણ સાથે ટેકનોલોજી પ્રોવાઇડર દ્વારા સમજ પુરી પાડવા વિવિધ વર્કશોપ યોજવામા આવેલ.
- રાજ્ય સરકારશ્રીના આંતર વિભાગો જેવા કે આરોગ્ય વિભાગ, રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ સાથે માન. અગ્ર સચિવશ્રી, પંચાયત વિભાગના અધ્યક્ષ સ્થાને તથા સચિવશ્રી (આવાસ)ની હાજરીમા ટેકનોલોજી પ્રોવાઇડર સાથે વર્કશોપ યોજવામા આવેલ. જેનો ઇન્ટરીમ રિપોર્ટ પંચાયત વિભાગ દ્વારા સરકારશ્રીમા સાદર કરવામા આવેલ છે.
- ગુજરાત સિવાયના અન્ય રાજયોના અમલી કરેલ નવીન ટેકનોલોજી જાણવા મહાનગરપાલિકાઓ, સત્તામંડળતથા ગુજરાત હાઉસિંગ બોર્ડના કચેરીઅધિકારીશ્રીઓને સ્ટડી ટુર કરાવવાનુ આયોજન છે.
- નવીન ટેકનોલોજીનો પ્રોત્સાહન માટે આવનાર પ્રોજેક્ટમા મહત્તમ ઉપયોગ થાય તે માટેરાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગોતથાખાનગી વિકાસકારો જેવા કે GIHED, CREDAI વગેરે જેવા વિવિધ સ્ટેક હોલ્ડર્સ સાથે વર્કશોપ કમ સેમીનાર યોજવામા આવનાર છે જેમા વિવિધ ટેકનોલોજી પ્રોવાઇડર સંબંધિત ટેકનોલોજીની સમજ પુરી પાડશે.

<u>પ્રોબ્લમ સ્ટેટમેન્ટ</u>

1. નવીન ટેકનોલોજીથી બનતા આવાસોનો ખર્ચ કન્વેન્શનલ ટેકનોલોજીથી બનતા આવાસોમા વધુ ખર્ચમા તૈયાર થાય છે.
2. નવીન ટેકનોલોજીથી બનતા આવાસો માટે કન્સ્ટ્રક્શન દરમ્યાન હેવી મશીનરીની જરૂરિયાત રહેતી હોય જે માટે સાઇટ નજીક તે પહોચી શકે અને તેને રાખવા પુરતી જમીન મેળવવામા મુશ્કેલી થાય છે.
3. નવીન ટેકનોલોજીથી આવાસો બન્યા બાદ તેમા રિપેરીંગ/રેટ્રોફિટીંગ કે કોઇ ફેરફાર કરવામા મુશ્કેલી જણાય છે. નાનો ફેરફાર પણ લોકલ લેવલે શક્ય ન હોય, સંબંધિત ટેકનોલોજી પ્રોવાઇડરની જરૂરિયાત રહે છે
4. નવીન ટેકનોલોજીથી બનતા આવાસોની કામગીરી દરમ્યાન કે પુર્ણ થયા બાદ તેમા આંતરિક કે બાહ્ય ફેરફાર કરી શકાતા નથી.

	5. આવાસ બન્યા બાદ ઇલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ગેસ પાઇપ લાઇન જેવા કનેક્શનમા વધારા–ઘટાડા કરવા મુશ્કેલી જણાય છે. 6. સ્ટોક હોલ્ડર્સ કન્વેન્શનલ ટેકનોલોજી છોડી તે નવીન ટેકનોલોજી અપનાવવા રૂપાંતરિત કરવા મુશ્કેલી જણાય છે. 7. આવાસ લેનાર કુટુંબો કન્વેન્શનલ ટેકનોલોજીથી બનેલ આવાસોમા રહેવા ટેવાયેલ હોય અને નવી ટેકનોલોજીથી બનેલ આવાસો ખરીદવા અને તેમા રહેવા જવા તૈયાર કરવામા મુશ્કેલી જણાય છે. 8. નવીન ટેકનોલોજી અમલી બનાવવા ટેન્ડરમા સ્થાનિક એજન્સીઓ સાથે ટેકનોલોજી પ્રોવાઇડરની જે.વી. ની જોગવાઇ વગર અમલીકરણ મુશ્કેલ છે.		
૭	**શહેરી કચરાનું રિસાયક્લિંગ – પ્રવાહી અને ઘન કચરો:** શહેરી વિસ્તારમાં કચરો પેદા કરનાર દરેક વ્યક્તિ અથવા વ્યક્તિઓનાં સમૂહ, દરેક રહેણાંક મકાન તથા સંસ્થાઓ સહિત બિન–રહેણીક સંસ્થાઓ જે ઘન કચરો ઉત્પન્ન કરતી હોય તેવા તમામની જવાબદારી છે કે કચરો પેદા થાય તે સ્થળે જ ત્રણ અલગ અલગ પ્રકારે છુટો પાડીને સંગ્રહ કરે જેથી તેનું રિસાયક્લિંગ કરી શકાય. રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઇ થાય, ઘરે ઘરેથી કચરો એકત્ર થાય, ઘન કચરાનુ સુવ્યવસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેમજ વૈજ્ઞાનિક ઢબે નિકાલ સાથે સાથે ઘન કચરાને વેસ્ટ તરીકે નહી પરંતુ સંસાધન ગણીને ઘન કચરાનો ઉપયોગ કરી ઉર્જાનો વૈકલ્પિક સોર્સ એટલે કે ગ્રીન પાવર મેળવવા તથા ડ્રેનેજ વોટર રી–સાયકલ અને રી–યુઝ કરવાનાં આશયથી માન વડાપ્રધાનશ્રી દ્વારા તા.૧ ઓકટોબર ૨૦૨૧નાં રોજ નવી દિલ્હી ખાતે થી સ્વચ્છ ભારત મિશન અર્બન –૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. રિસાયક્લિંગ એ નકામા પદાર્થોને નવી સામગ્રી અને વસ્તુઓમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયા છે. રિસાયક્લિંગ અંતર્ગત ઘણીવાર કચરો સામગ્રીમાંથી ઊર્જાની પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે. સામગ્રીની પુનઃઉપયોગીતા તેની મૂળ સ્થિતિમાં હતી તે ગુણધર્મોને ફરીથી પ્રાપ્ત કરવાની તેની ક્ષમતા પર આધાર રાખે છે. રિસાયક્લિંગ એ કચરાના ઘટાડાનો મુખ્ય ઘટક છે અને કચરાના ત્રણ મુખ્ય ઘટકો "કચરો ઘટાડો,કચરાનો પુનઃઉપયોગ અને કચરાનું રિસાયકલ" આ કચરાના મુખ્ય ઘટક છે. આદર્શ અમલીકરણમાં, સામગ્રીને રિસાયકલ કરવાથી સમાન સામગ્રીનો નવો પુરવઠો ઉત્પન્ન થાય છે–ઉદાહરણ તરીકે, વપરાયેલ ઓફિસ પેપરને નવા ઓફિસ પેપરમાં રૂપાંતરિત કરવામાં આવે છે. અને પોલિસ્ટરીન ફોમનો ઉપયોગ નવા પોલિસ્ટરીમાં કરવામાં આવે છે. અમુક પ્રકારની સામગ્રી, જેમ કે ધાતુના કેન, તેમની શુદ્ધતા ગુમાવ્યા વિના વારંવાર પુનઃનિર્માણ કરી શકાય છે. અન્ય સામગ્રીઓ સાથે, આ ઘણીવાર મુશ્કેલ અથવા ખૂબ ખર્ચાળ હોય છે (કાચા માલ અથવા અન્ય સ્રોતોમાંથી સમાન ઉત્પાદનના ઉત્પાદનની તુલનામાં),	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	એમ.ડી., સ્વચ્છ ભારત મિશન

	તેથી ઘણા ઉત્પાદનો અને સામગ્રીના "રિસાયક્લિંગ" માં વિવિધ સામગ્રી (ઉદાહરણ તરીકે, પેપરબોર્ડ) ના ઉત્પાદનમાં તેનો પુનઃઉપયોગ શામેલ છે. પ્લાસ્ટિક રિસાયક્લિંગ એ સ્ક્રેપ અથવા નકામા પ્લાસ્ટિકને પુનઃપ્રાપ્ત કરવાની અને ઉપયોગી ઉત્પાદનોમાં સામગ્રીને પુનઃપ્રક્રિયા કરવાની પ્રક્રિયા છે. જે કેટલીકવાર તેમની મૂળ સ્થિતિથી સંપૂર્ણપણે અલગ હોય છે. દાખલા તરીકે, સોફ્ટ ડ્રિંકની બોટલો પીગળીને પછી તેને પ્લાસ્ટિકની ખુરશીઓ અને ટેબલ તરીકે કાસ્ટ કરવી. સ્વચ્છ ભારત મિશન અર્બન –૨.૦માં પણ used waster managementનો નવા કમ્પોનન્ટ તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. પ્રવાહી કચરાનાં રીસાયકલીંગ માટે તમામ મહાનગરપાલિકામાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાંટ બનાવવા માં આવેલ છે. તથા સુએજ ટ્રીટમેન્ટ પ્લાંટમાંથી ટીગ્મેન્ટ કરેલ પાણીનો રીયુઝ કરવામાં આવે છે. ઘરોમાંથી નીકળતા ગંદા પાણીનો બગીચામાં, રોડ સફાઈ માટે, ટોઈલેટ ફ્લશીંગ માટે પુનઃઉપયોગ કરી શકાય છે.તથા વિવિધ કંપનીમાં પણ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માંથી ટ્રીટમેન્ટ કરાયેલ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી ફ્રેશ વોટરનો ઉપયોગ ઘટાડીને રીયુઝ વોટરનો ઉપયોગ વધારી શકાય છે.		
૮	રાજ્યમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચના વિકસાવવી • સી.એમ રિસર્ચ ફેલોસીપ હેઠળ પ્રાકૃતિક કૃષિ પધ્ધતીની અમલવારીમાં પડતી મુશ્કેલીઓ અંગે તલશ્પર્શી અભ્યાસ કરી જુદા જુદા તારણો –સુચનો રજુ કરશે તેમજ તે અંગેના નવા પ્રોજેક્ટ –યોજનાઓના ઘડતરમાં મદદરૂપ થશે. • પ્રાકૃતિક કૃષિ પધ્ધતીના ખેડૂત ઉપયોગી વૈજ્ઞાનીક સંશોધનો કરાવવામાં મદદરૂપ થશે. • પ્રાકૃતિક કૃષિના સંશોધનોને વધુ સારી રીતે ખેડૂતો અપનાવે તે માટે વધુ સારી પદ્ધતિ સૂચવશે. • રાજ્ય માં ટ્રાઇબલ તેમજ બિન પિયત વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ સરળતાથી થઇ શકે તેમ છે જેથી આ વિસ્તારના ખેડુતોને વધુ સારી રીતે મદદરુપ થાય તે મુજબ ના કાર્યક્રમ–યોજનાઓ સૂચવશે. • અન્ય રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ બાબતે ચાલતા કાર્યક્રમો–યોજનાઓ વિગેરેનો અભ્યાસ કરીને રાજ્યમાં વધુ સારી રીતે પ્રાકૃતિક કૃષિના અમલીકરણ માટે સૂચનો કરશે. • પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ યોજનાઓના હેઠળ મંજુર થયેલ મેનપાવર ની ઉપલબ્ધી માટે પ્રતિનિયુક્તિથી નિમણૂક કરાવવામાં તેમજ આઉટસોર્સ મેન પાવર માટે પ્લેસમેન્ટ એજન્સી ની પસંદગી પ્રક્રિયામાં મદદરૂપ થવું. • પ્રાકૃતિક કૃષિના અસરકારક અમલીકરણ માટે સમયાંતરે ફિલ્મ વિઝીટ કરશે અને કૃષિ ખાતાના અધિકારીઓ તેમજ	કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ	નિયામકશ્રી, એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી(ATMA)

	ખેડૂતો સાથે ચર્ચા કરી વહીવટી તેમજ તાંત્રિક સમસ્યાના નિરાકરણ માટે સરકાર કક્ષાએ વિગતો-અહેવાલ રજૂ કરવા અને વધારે સારા સુચનો કરશે. • કૃષિ વિભાગ હેઠળની વિવિધ ખાતાની વડી કચેરીઓ,રાજ્ય કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેંદ્રો, ગુજરાત એગ્રો ઇ.કો.લી જેવી વિવિધ કચેરીઓ-બોર્ડ કોર્પોરેશન સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિનું વ્યાપ વધે તે માટે જરૂરી મોનિટરિંગ અને સંકલન કરવું અને માહિતી તેમજ અહેવાલ તૈયાર કરાવવા. • માહિતી ખાતા જેવા સરકારના અન્ય વિભાગો સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિની પબ્લિસિટી માટે ,ગ્રામ વિકાસ વિભાગ હેઠળની જિ.એલ.પી.સી મારફતે સેલ્ફ હેલ્પ ગ્રુપ ની કૃષિ સખિ મહિલાઓને પ્રાકૃતિક કૃષિ જોડવામાં તેમજ સહકાર વિભાગ સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશોના વેચાણ માટે યોગ્ય મોનીટરીંગ અને અમલવારી કરાવવી.		
૯	સિંચાઈની સંપૂર્ણ ક્ષમતાની અનુભૂતિ અને નર્મદાના પાણીનો મહત્તમ ઉપયોગ 1. ગુજરાત રાજ્યનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેક્ટર છે, જ્યારે રાજ્યનો ખેતીલાયક વાવેતર વિસ્તાર ૯૭.૮૭ લાખ હેક્ટર છે. સરદાર સરોવર (નર્મદા) પ્રોજેક્ટ દ્વારા ૧૮.૩૧લાખ હેક્ટર સહિત ૪૮.૫૫લાખ હેક્ટરમાં ભૂતળ જળ દ્વારા છેવટની એકંદર સંભવિત સિંચાઇ ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, ભૂગર્ભ જળ દ્વારા લગભગ ૨૨.૫૯લાખ હેક્ટર સિંચાઈ આકારવામાં આવી છે. આમ, ભૂતળ અને ભૂગર્ભ જળ દ્વારા કુલ એકંદરે ૭૧.૧૪ લાખ હેક્ટર સિંચાઈ શક્તિ ઉત્પન્ન થવાનો અંદાજ છે. મોટી, મધ્યમ, નાની સિંચાઈ યોજનાઓ, ચેકડેમ અને સુજલામ સુફલામ યોજના અને સરકારી અને ખાનગી ટ્યુબવેલ દ્વારા પરોક્ષ લાભો દ્વારા ઉભી કરાયેલ સિંચાઈ ક્ષમતા લગભગ ૬૯.૪૪લાખ હેક્ટર છે. **<u>જળસંચય ક્ષેત્રે જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યમાં થયેલ કામગીરી</u>** ❖ જળસંચય ક્ષેત્રે ગુજરાત રાજ્યએ કરેલી કામગીરીને દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. હજારો ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, જલમંદિરો, તળાવો ઊંડાં કરવાનું અભિયાન, જૂની કેનાલોનું મરામત અને આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના, ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજના વગેરે યોજનાઓનાં નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મળ્યાં છે. જળસંચય અભિયાનને લીધે ગુજરાતમાં પાણીનાં તળ ઊંચાં આવતાખેત ઉત્પાદનમાં મોટા પાયે વૃદ્ધિ થયેલ છે. ❖ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૬૧ નાના અને ૧૦૨ મોટા ચેકડેમો મળી કુલ ૨૬૩ નવાચેકડેમો વિભાગ હેઠળ પૂર્ણ થયા છે.ચાલુ વર્ષે ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન તા.૩૦/૧૦/૨૦૨૩	જળ સંપતિ પ્રભાગ, (નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ)	સચિવશ્રી, જળ સંપતિ, (નર્મદા,જળ સંપત્તિ, પા પુરવઠા અને કલ્પસર વિભાગ)

	સુધીમાં વિવિધ યોજનાઓ થકી રાજ્યમાં ૧૧૭ નાના ચેકડેમો અને ૧૦૮ મોટા ચેકડેમો મળી કુલ ૨૨૫ ચેકડેમો પૂર્ણ થયા છે. આ ઉપરાંત, ૧૫૩ નાના ચેકડેમો તથા ૩૪ મોટા ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે, આ તમામ ચેકડેમો પૂર્ણ થતાં આગામી વર્ષે આશરે ૨૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના આડકતરો લાભ મળશે. ❖ રાજ્યમાં વિવિધ વિભાગો હેઠળમાર્ચ-૨૦૨૩ સુધીમાં કુલ ૧,૮૬,૯૧૨ જેટલા ચેકડેમોના કામો પૂર્ણ થતા આશરે ૪,૪૯,૨૨૮ હેક્ટર વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઈના લાભ મળે છે. વધુમાં, માર્ચ–૨૦૨૩ સુધીમાં ૧૨૫૩૭૭ બોરીબંધો અને ૩૨૩૨૬૮ ખેત/સીમ/વન તલાવડીના કામો પૂર્ણ કરેલ છે. ❖ સને ૨૦૧૧–૧૨ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન કૂલ ૬૨૩૭ ચેકડેમોને ઉંડા ઉતારવાની કામગીરી જળસંપત્તિ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. ❖ વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન જળસંપત્તિ વિભાગ દ્વારા રાજ્યમાં કુલ ૧૧૭૨ ચેકડેમ મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવેલ.સને ૨૦૦૯–૧૦ થી ૨૦૨૨–૨૩ દરમ્યાન એટલે કે છેલ્લા ૧૨ વર્ષ દરમ્યાન જરુરિયાત મુજબનાં કૂલ ૧૬,૬૮૦ થી વધુ ચેકડેમોની મરામતની કામગીરી જળસંપત્તિ વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.તે જ રીતે ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪માં જુન–૨૦૨૩ સુધીમાં રાજ્યમાં ૨૯૦ ચેકડેમ મરામતની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.તેમજ હાલમાં સરકારશ્રી દ્વારા ૮૦:૨૦ દ્વારા લોકભાગીદારીના ધોરણે ચેકડેમમરામત કરવાનુ આયોજન કરાયેલ. જેમાં ૩૫૦ થી વધુ ચેકડેમ મરામતનું કામ પુર્ણ કરવામાં આવેલ છે. **<u>સુજલામ સુફલામ જળ અભિયાન</u>** ❖ સરકારશ્રી દ્વારા સમગ્ર રાજ્યમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવા ઝુંબેશ સ્વરૂપે છેલ્લા ૬વર્ષથી સુજલામ સુફલામ જળ અભિયાન હાથ ધરવામાં આવેછે. આ કામગીરીમાં જનભાગીદારી વધારવાની તથા પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા લોકમાનસમાં જાગૃતિ ફેલાય તેવી વિચારધારા સાથે વર્ષ ૨૦૧૮ માં ૧લીમે એટલેકે ગુજરાત સ્થાપના દિનથી ૧ મહિના માટે અભિયાનની કામગીરી શરૂ કરવામાં આવી. અભિયાનને મળેલ બહોળા પ્રતિસાદ તથા ઉત્કૃષ્ટ પરિણામને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩ માં જળ સંગ્રહ શકિતમાં વધારો થાય તથા શ્રમિકોને રોજગારી મળે તે આશયથી સમગ્ર રાજ્યમાં આ અભિયાન હાથ ધરવામાં આવેલ. ❖ રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. એમ જુદા જુદા ૬ વિભાગો દ્વારા એક સાથે મળી અભિયાનનો ઉદ્દેશ પૂર્ણ		

	થાય તે મુજબ કામગીરી હાથ ધરવામાં આવે છે. ❖ છેલ્લા ૬ વર્ષમાં કુલ ૯૮૨૩૪ કામો હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી મુખ્યત્વે તળાવો ઉંડાકરવાના/નવા તળાવોના ૩૫૩૦૩ કામો, ચેકડેમ ડિસિલ્ટીંગના ૨૧૩૮૯ કામો તથા ચેકડેમ રીપેરીંગના ૫૫૩૭ કામો કરવામાં આવેલ છે. કુલ ૬૩૬૪૩ કિ.મી. લંબાઇમાં નહેરોની તથા કાંસની સાફસફાઇના કામો કરવામાં આવેલ છે. ❖ આ અભિયાન અંતર્ગત થયેલ કામોથી જળસંગ્રહશક્તિમાં કુલ ૧૦૭૬૨૧ લાખ ઘનફૂટ જેટલો વધારો થયેલ છે. **નર્મદાના પાણીનો મહત્તમ ઉપયોગ** 1. નર્મદાના પૂરના વધારાના પાણીથી ઉત્તર ગુજરાતના જળાશયો તેમજ તળાવો ભરવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત મૂળ આયોજન મુજબ ૧૪ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનો પૈકી ૧૨ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનોના કામો પૂર્ણ થયા છે. તેમજ ભાસરીયાથી સામેત્રા પાઈપલાઈન, કુડા–ડભોડા–ભીમપુર (વરસંગ તળાવ)પાઇપલાઇન અને ધાંધુસણ થી રેડ લક્ષ્મીપુરા તથા ખેરવા થી વિસનગર પાઇપલાઇનની ભૌતિક કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.જ્યારેથરાદથી સીપુઅને ખેરવા થી વિસનગરઉદવહન પાઇપ લાઇનની કામગીરીપ્રગતિમાં છે. થરાદ થી સીપુ પાઇપલાઇનથી બનાસકાંઠા જિલ્લાના આશરે ૬૦૦૦ હેક્ટર વિસ્તારને તેમજ ખેરવાથી વિસનગર પાઈપલાઈનથી મહેસાણા જિલ્લાના કુલ ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે. આ યોજનાઓ થકી અંદાજે ૭૦૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇમાં પ્રત્યક્ષ/પરોક્ષ લાભ મળતા થયા છે. 2. સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે નર્મદાના પુરના વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૬૦ મીલીયન ઘન ફુટ) મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જીલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ (સૌની) યોજનાની ચાર લીંક પાઈપલાઈન અંતર્ગત પ્રથમ તબકકાના કામો પૂર્ણ થયા છે અને યોજનાનો લાભ મળવાનો શરૂ થઇ ગયેલ છે. સૌની યોજનાના બીજા તબક્કાના ચાર લીંકના ૧૨ પેકેજના કામો મહદઅંશે પુર્ણ થયેલ છે. ત્રીજા તબક્કાના એક પેકેજનું કામ પૂર્ણ કરી ભાવનગર શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા બોરતળાવવામાં નર્મદાના નીર ભરવામાં આવેલ છે. જ્યારે અન્ય ૬ પેકેજોની કામગીરી પણ પ્રગતિમાં છે જે આગામી નાણાકીય વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે તેમજ બે પેકેજનું કામ ટેન્ડર તબક્કેઅને એક ટેન્ડરનું કામ તાંત્રિક મંજુરી તબક્કે છે. યોજના પુર્ણ થયે ૩,૩૩,૮૬૫ હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ		

થશે. સૌની યોજનાની પૂર્ણ થયેલ કામગીરીથી અત્યાર સુધીમાં ૫૩ જળાશયો, ૧૩૧ તળાવો અને ૮૬૩ ચેકડેમોમાં ૪૦૬૦૦ મી. ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.

3. ગુજરાત સરકાર દ્વારા નર્મદાના વધારાના પૂરના પાણીને કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છ જિલ્લા માટે ફાળવેલ 1 MAF પાણીના ઉપયોગ માટે કચ્છ શાખા નહેર આધારિત વિવિધ લિંક/પાઈપલાઈન યોજનાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

તબક્કો–૧:

ત્રણ અલગ–અલગ ઉદ્ધવહન પાઈપલાઈન લીંકો માટે રૂ.૪૩૬૯ કરોડની અંદાજિત કિંમતે કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

સધર્ન લીંક અને હાઇકન્ટુર સ્ટૉરેજ લીંકથી અંજાર, મુંદ્રા, માંડવી અને ભુજ તાલુકાનીર૫ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૪૭ ગામના ૩૮૮૨૪ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

નોર્ધન લીંકથી અંજાર, ભુજઅને નખત્રાણા તાલુકાની ૧૨ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૨ ગામના ૩૬૩૯૨ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

સારણ લીંકથી રાપર તાલુકામાં સારણ જળાશયમાં પાણી ભરવામાં આવશે જેનાથી રાપર તાલુકાના ૮ ગામના ૨૯૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

આમ, આ કામગીરી વર્ષ ૨૦૨૫ માં પૂર્ણ થતાં કચ્છ જિલ્લાના કુલ ૬ તાલુકામાં ૩૮ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ૭૭ ગામના ૧,૦૪,૨૧૬ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

તબક્કો–૨ :

આ તબક્કામાં રૂા.૨૩૦૪.૯૨ કરોડની કિંમતે બે ઉદ્ધવહન પાઈપલાઈનોની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.જે હાલ ટેન્ડર સ્ટેજે છે.

સધર્ન લીંકથી માંડવી, નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકાનીર૮ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૮ ગામના ૩૬૫૧૪ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

નોર્ધન લીંકથી નખત્રાણા અને લખપત તાલુકાની ૧૩ સિંચાઇ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે જેનાથી ઉક્ત તાલુકાના ૨૫ ગામના ૩૧૬૮૧ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

આમ, તબક્કા–૨ ની કામગીરી વર્ષ ૨૦૨૫ માં પૂર્ણ કરીને ૪ તાલુકાની ૪૧ સિંચાઈ યોજનાઓમાં પાણી ભરવામાં આવશે અને તેનાથી ૫૩ ગામોના ૬૮૧૯૫ હેક્ટર વિસ્તારને લાભ મળશે.

સિંચાઈ વિભાગને લગતા પ્રશ્નો:–

- નહેરો મારફતે છેવાડાના ખેતરો સુધી પાણી ન પહોંચવું, આગળના

	ખેડુતો દ્વારા પાણીનો બિન જરૂરી વધુ વપરાશ, અનઅધિકૃત પાણીનો વપરાશ વગેરે - પિયત મંડળીઓની બિન કાર્યક્ષમતા - ભૂગર્ભ જળનો સિંચાઇ માટે વ્યાપક વપરાશ **ફેલો પાસેથી કામની અપેક્ષા:–** - નહેર સિંચાઈ વ્યવસ્થાપન, ખેતરમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને પિયત સહકારી મંડળીઓનો અપુરતો સહયોગ વગેરે મુશ્કેલીઓનો અભ્યાસ કરવા માટે Fellow પાસેથી અપેક્ષા છે. - તેઓ ખેડૂતોને પિયત સહકારી મંડળીઓની સક્રિય ભાગીદારી અને ક્ષમતા નિર્માણ માટે શિક્ષિત કરવા, સિંચાઈમાં કાર્યક્ષમ પાણીના ઉપયોગને અનુસરવા, ભૂગર્ભ જળનો વપરાશ ઘટાડવા, નહેર સિંચાઈ વ્યવસ્થાપનમાં સુધારણા વગેરે માટે સૂચનો આપે તેવી અપેક્ષા છે.		
૧૦	પ્રવાસન પ્રમોશન: હેરિટેજ, વાઇલ્ડલાઇફ, બીચ, કોન્ફરન્સ, રમતગમત, શહેર, સરહદ, ધાર્મિક, સર્કિટ વગેરે:- તાજેતરના વર્ષોમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ નોંધાતા પ્રવાસીઓની સંખ્યામાં વૃદ્ધિ નોંધાયેલ છે. તાજેતરમાં ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ “ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટિસ્ટિક્સ ૨૦૨૩” મુજબ ગુજરાત વિદેશી પ્રવાસીઓના આગમનની દ્રષ્ટિએ પ્રથમ અને સ્થાનિક પ્રવાસીઓના આગમનની દ્રષ્ટિએ પાંચમાં ક્રમે આવેલ છે. ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓમાંથી ૧૭.૮૦ લાખ વિદેશી પ્રવાસીઓ ગુજરાતમાં આવતા હોવાથી દેશમાં તેનો ફાળો ૨૦.૭૦% છે. વધુમાં, સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા ૧૩.૫૮ કરોડ હોવાને કારણે દેશમાં રાજ્યનો ફાળો ૭.૮૫% થવા પામે છે. ગુજરાત રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેમાંથી મુખ્ય પગલું વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ AATITHYAM પોર્ટલ અંગેનું છે. **ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે હાથ ધરાયેલ મહત્વના પગલાં નીચે મુજબ છે.:** **૧. આધ્યાત્મિક પ્રવાસન:** રાજ્યના ધાર્મિક સ્થળોને વિકસાવવા માટે વિવિધ પગલાં લેવામાં આવેલ છે, જેમાં અંબાજી મંદિર, દ્વારકાધીશ મંદિર, સોમનાથ મંદિર, શ્રી મહાકાળી માતા મંદિર–પાવાગઢ, માતાનો મઢ, શ્રી રૂક્ષ્મણી માતા મંદિર અને પાલિતાણા મંદિર જેવા જૈન મંદિરોનો યાત્રાળુ પ્રવાસન માટે સર્વગ્રાહી વિકાસ કરવામાં આવેલ છે. **૨. પ્રવાસન વૃદ્ધિ:** ગુજરાત સરકાર તેમજ પ્રવાસન વિભાગ દ્વારા માર્કેટીંગ ઝુંબેશ, ટ્રાવેલ એક્સ્પો અને આંતરરાષ્ટ્રીય આયોજનમાં ભાગ લઈને રાજ્યને એક પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટે સક્રિય પગલાંઓ લેવામાં આવ્યા છે.	પ્રવાસન પ્રભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ	મેનેજીંગ ડીરેક્ટર, પ્રવાસન નિગમ લિ.

૩. હેરીટેજ અને સાંસ્કૃતિક પ્રવાસન:

ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, ઐતિહાસિક સ્થળો અને પરંપરાગત તહેવારોની ઉજવણીને કારણે રાજ્યની અનોખી સાંસ્કૃતિક વિરાસતને અનુભવવા ઇચ્છતા પ્રવાસીઓ આકર્ષાયા છે. પ્રવાસીઓની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે વડનગર, ચાંપાનેર–પાવાગઢ પુરાતત્વ સંકુલ, રાણીની વાવ, સૂર્ય મંદિર મોઢેરા,ધોળાવીરા અને અમદાવાદ જેવા ઐતિહાસિક શહેરનો વિકાસ કરવામાં આવેલ છે.

૪. ઈકો–ટુરીઝમ અને વન્યજીવન:

રાજ્યના વૈવિધ્યપૂર્ણ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટીને માણવા માટે કચ્છના રણ, ગીર–રાષ્ટ્રીય ઉદ્યાન, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી જગ્યાઓએ કુદરત પ્રેમીઓ અને વન્યજીવ પ્રેમીઓને આકર્ષ્યા છે. શીવરાજપુર, દ્વારકા, માંડવી અને સોમનાથના દરિયાકિનારાના બીચના વિકાસને કારણે તેઓ પ્રવાસીઓમાં લોકપ્રિય બન્યા છે.

૫. સીમા પ્રવાસન (સીમા દર્શન):

ગુજરાતમાં નડાબેટ ખાતે સીમા દર્શનનો કાર્યક્રમ યોજાય છે. ભારતના સરહદ પર ગોઠવાયેલા લશ્કરની કામગીરી નિહાળવાની આ એક સુંદર તક છે. મેન્ગ્રુવ (ચેર)ની સહેલગાહ, પક્ષીઓ અને પ્રાણીદર્શન, કુદરતી સહેલગાહ અને અન્ય સંખ્યાબંધ સુવિધાઓ વિકસાવવા માટે કોરી ક્રીક પ્રવાસન વિકાસનું આયોજન કરવામાં આવેલ છે.

૬. વ્યાપાર અને વેપાર પ્રવાસન:

ગુજરાતના સુદ્રઢ ઔદ્યોગિક વિકાસ અને વ્યવસાયની તકોના પરિણામે પરિષદો, ટ્રેડ શોમાં હાજરી આપી રોકાણની સંભાવનાઓ ચકાસવા વ્યાપારિક પ્રવાસીઓનો ધસારો જોવા મળેલ છે.

૭. ઈવેન્ટ ટુરીઝમ:

ગુજરાતમાં સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો અને ઉત્સવો યોજાય છે, જેમ કે જી–૨૦ સમિટ, નવરાત્રી, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અને રણોત્સવ. જે ચોક્કસ સમયગાળા દરમિયાન પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરે છે.

સમસ્યા નિવેદન

"ગુજરાત રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને વૈવિધ્યપૂર્ણ આકર્ષણોને ધ્યાનમાં લેતાં ગુજરાત ટુરીઝમ કેટલાક પડકારો અનુભવી રહેલ છે કે જેના કારણે મહત્તમ વિકાસ અને સાતત્યપૂર્ણ ઓળખ મેળવી શકેલ નથી. આ અભ્યાસ ચાવીરૂપ અંતરાયોની તપાસ, હયાત અને પૂર્ણ થયેલ પ્રવાસન માળખાકીય સુવિધાઓનું વિશ્લેષણ, પ્રવાસીઓના અનુભવ તથા આર્થિક વિકાસ તેમજ સાંસ્કૃતિક આદાન–પ્રદાનને ધ્યાનમાં રાખીને ગુજરાતને અગ્રણી પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટેની વ્યુહાત્મક ભલામણો સુચવવા અંગે છે.

ઉક્ત સમસ્યા નિવેદનનો ઉદ્દેશ ગુજરાત પ્રવાસન ક્ષેત્રના વિવિધ પાસાનો તલસ્પર્શી અભ્યાસ કરીને, પડકારોને શોધવાથી માંડી તેમાં સુધારાની ભલામણોનો છે. અને તેનો અંતિમ ઉદ્દેશ રાજ્યમાં પ્રવાસન પ્રવૃતિઓના વિસ્તાર અને વિકાસનો છે.

	<u>સીએમ ફેલોશિપ પ્રોગ્રામ અંતર્ગત નીચે મુજબના ઉલ્લેખિત ક્ષેત્રોનો અભ્યાસ ફેલો દ્વારા કરવાનો રહેશે.</u> - ગુજરાતના વિવિધ સ્થળોએ હાલમાં પ્રગતિ હેઠળ/પૂર્ણ થયેલ પ્રવાસન પ્રોજેક્ટનો અભ્યાસ કરવાનો રહેશે. - વિવિધ સ્થળ મુલાકાતના આધારે ફેલોએ એકંદર પ્રવાસીઓના પ્રતિભાવો અને અનુભવને સુધારવા માટેના વિચારો/સૂચનો આપવાના રહેશે. - પ્રદેશના સર્વાંગી વિકાસ અને સ્થાનિક રોજગારના સર્જનમાં પ્રવાસન પ્રોજેક્ટ્સના પ્રભાવની ચકાસણી કરવી. - ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોએ મુલાકાતીઓના રોકાણને વિસ્તારવા અંગેના સૂચનો/મંતવ્યો આપવા. - પ્રવાસન પ્રોજેક્ટના સ્વાવલંબી વિકાસ અર્થે એક કાર્યક્ષમ અને અસરકારક વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી વિવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સની પ્રારંભથી જાળવણી (Operations & Maintenance) સુધીની કામગીરીમાં PPP મોડલ દાખલ કરવા અંગેના સૂચન/મંતવ્ય રજુ કરવાના રહેશે. - ગુજરાતની મુલાકાત લેતા પ્રવાસીઓના એકંદર સંતોષ અને અનુભવનું મૂલ્યાંકન કરવું તેમજ મુલાકાત લીધેલ સ્થળ વિશેની તેમના અનુભવને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળોને મૂલવવાની કામગીરી. - ગુજરાતને પ્રવાસન ગંતવ્ય સ્થાન તરીકે વિકસાવવા માટે ડિજિટલ માર્કેટિંગની વિવિધ વ્યૂહરચનાઓની અસરકારકતાનું વિશ્લેષણ તેમજ મુલાકાતીઓને આકર્ષવા માટે તેના પ્રભાવનું અધ્યયન કરવું. - સામુદાયિક ભાગીદારીનો ગુજરાત પ્રવાસનના વિકાસ માટે કેવી રીતે ઉપયોગ કરી શકાય તે અંગે અને સ્થાનિક સમુદાય ઉપર પ્રવાસનની સકારાત્મક અસરને વધારવા માટેના વિચારો/સૂચનો આપવાના રહેશે. - કટોકટી (કુદરતી આફતો, રોગચાળો વગેરે)ના સમય દરમિયાન ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગની સ્થિતિસ્થાપકતાનું મૂલ્યાંકન કરવું અને અસરકારક કટોકટી વ્યવસ્થાપન માટેની વ્યૂહરચના સૂચવવી. - ગુજરાતમાં વિવિધ પ્રવાસન થીમ/પ્રયાસોની સફળતા અને પડકારોનું મૂલ્યાંકન કરવું અને જવાબદાર અને ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેના પગલાંની ભલામણ કરવી.		
૧૧	પ્રદૂષણ નિયંત્રણ: ઔદ્યોગિક અને શહેરી: **ઘરગથ્થુ ગંદુપાણી (સુવેજ)નું પ્રદૂષણ** - રાજ્યમાં ઉદભવતા અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ થતાં સુવેઝના જથ્થામાં ઘણો તફાવત - ગામડાઓમાં અને નાના શહેરોમાં સુવેઝના કલેક્શન માટે પૂરતી વ્યવસ્થાનો અભાવ જેના કારણે ટ્રીટમેન્ટ કર્યા વગરનું ઘરગથ્થુ ગંદુપાણી રીસીપન્ટ બોડી જેવી કે નદી, કુદરતી	વન અને પર્યાવરણ વિભાગ	અધ્યક્ષ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

નાળા, તળાવ, દરિયા કાંઠા કે ભૂગર્ભજળ માં ભળવાથી પાણી પ્રદુષણ ની ગંભીર સમસ્યાઓ અને સુચનો

- શુદ્ધ પાણીના અભાવના કારણે સુકા વિસ્તારોમાં પ્રદૂષિત પાણીનો ખેતીવાડી, પશુપાલન તેમજ અન્ય માનવ વપરાશથી રોગચાળો અને અન્ય હેલ્થ ની સમસ્યાઓ
- ઓછા ખર્ચવાળા (લો– કોસ્ટ) સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ની વ્યાપક જરૂરિયાત
- મહાનગરપાલિકાઓમાં ઘરગથ્થુ ગંદા પાણી ના ઉદભવની સાપેક્ષમાં ટ્રીટ્મેંટ ક્ષમતા
- મોટાભાગના સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઓપરેશનલ પ્રોબ્લેમ્સ માટે સમસ્યા અને સુચનો
- સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ના યોગ્ય ઓપરેશન અને મેન્ટેનન્સના અભાવે આજુબાજુના વિસ્તારમાં થતી દુર્ગંધ ની સમસ્યા
- ટ્રીટમેન્ટ કરેલ સુવેઝના ફરી વપરાશ માટે યોગ્ય અને પૂરતી વ્યવસ્થાના માળખા માટેના પ્રશ્નો અને સુચનો

ઔદ્યોગિક ગંદા પાણીનું પ્રદૂષણ

- રાજ્યમાં ઉદ્યોગોમાં ખૂબ વિવિધતા અને મોટા પ્રમાણમાં ઔદ્યોગીકરણ જેના કારણે ઔદ્યોગિક ગંદા પાણીની ગુણવત્તામાં અતિ વિવિધતા, કોમ્પ્લેકસીટી અને મોટા પ્રમાણમાં જથ્થો
- નાના ઉદ્યોગો પાસે ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચલાવવા તાંત્રિક અને આર્થિક સવલતો માટેની સમસ્યા અને સૂચનો
- મોટા ઉદ્યોગોમાં ઉત્પાદનની વિવિધતાના કારણે ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં નવી ટેકનોલોજીઓ અને તાંત્રિક માનવ બળની માટેની સમસ્યા અને સૂચનો
- સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટમાં ઓપરેશનલ અને મેન્ટેનન્સ પ્રોબ્લેમ્સ
- સભ્ય એકમોમાં નવા ઉત્પાદનો થકી ઉદભવતાના પાણીના નિકાલ માટે હયાત શુદ્ધિકરણ પ્લાન્ટોમાં કેપેસિટી અને નવી ટેકનોલોજી માટેની સમસ્યા અને સૂચનો
- સંયુક્ત શુદ્ધિકરણ પ્લાટમાં શુદ્ધ થયેલા ઔદ્યોગિક પાણીના ફરી વપરાશની વ્યવસ્થાના અભાવે નિકાલની ગંભીર સમસ્યા અને સુચનો
- ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ ધરાવતા એકમો દ્વારા ઔદ્યોગિક ગંદા પાણીના મેનેજમેન્ટમાં અન્ય એકમોની સાપેક્ષમાં વધુ આર્થિક ભારણ હોવાથી આર્થિક રીતે પરવડે તેવી ટેકનોલોજી, સમસ્યા અને સુચનો
- ઔદ્યોગિક એકમોમાં તેમજ સંયુક્ત શુદ્ધિકરણ પ્લાન્ટમાં કુશળ કારીગરોની અછત અથવા પર્યાવરણ સુરક્ષા માટેની ભાવનાઓ માટે સમસ્યા અને સુચનો

ઘરગથ્થુ ઘન કચરાના વ્યવસ્થાપન

- રાજ્યમાં ઉદભવતા ઘરગથ્થુ ઘનઘચરાના જથ્થામાં તેમજ

	વૈજ્ઞાનિક રીતે એકત્રીકરણ કરી નિકાલ થતાં કચરાના જથ્થામાં ઘણો તફાવત - મોટા શહેરોમાં ખૂબ ઝડપે વધતા વસ્તીકરણની સાપેક્ષમાં ઘન કચરાના મેનેજમેન્ટ માટે આગોતરી પ્લાનિંગ તેમજ આર્થિક વ્યવસ્થા તેમજ બજેટ પ્રોવિઝનમાં ઘણો બદલાવ જરૂરી - નાના શહેરો અને ગામડાઓમાં ઘન કચરાના યોગ્ય ટ્રીટમેન્ટ અને નિકાલની વ્યવસ્થાના અભાવ ને કારણે વારંવાર રોગચાળા તેમજ અન્ય ગંદકીના પ્રશ્નો - ઘન કચરાના નિકાલ માટેની નવી જગ્યાઓની પસંદગી વખતે નજીકના રહેવાસીઓ/ પબ્લિક તરફથી ઘણો વિરોધ. જ્યારે જગ્યા શહેરથી દૂર હોવાના સંજોગોમાં ઓથોરીટીને કચરાના વાહનો અને ટ્રાન્સપોર્ટેશનમાં વધુ ખર્ચ માટે સમસ્યા અને સુચનો - રાજ્યમાં ઘણા સ્થળોએ લીગસી વેસ્ટ ડમ્પ સાઇટના કારણે આગના બનાવો, દુર્ગંધથી હવા પ્રદૂષણ, લીચેટથી પાણી પ્રદૂષણના ગંભીર સમસ્યાઓ અને સુચનો - ઘરદીઠ ઘન કચરાના યોગ્ય વર્ગીકરણ અને વર્ગીકરણ પ્રમાણે તેના ફરી વપરાશ કે નિકાલ માટે મોટા પ્રમાણમાં જનજાગૃતિ ની જરૂરિયાત/ સુચનો - ઘન કચરાના નિકાલના નિયમોના ઉલ્લંઘન માટે આકરા દંડની જોગવાઈ અને તેના અસરકારક અમલીકરણની સમસ્યા અને સુચનો - મોટા શહેરોમાં વર્ગીકરણ કરેલ કચરાના યોગ્ય કલેક્શન તેમજ નિકાલ માટે ની સુવિધાઓ નો અભાવ કે અપૂરતી કેપેસિટી કે સંચાલનમાં ખામીઓ - ફરી વપરાશ થઈ શકે તેવા ઘન કચરા અને ખાતરમાં ફેરવી શકાય તેવા બાયો ડીગ્રેડેબલ ઘનકચરાના યોગ્ય કલેક્શન થકી આર્થિક લાભ થાય તેવા મોડેલ કે પ્લાનિંગની જરૂરિયાત **પ્લાસ્ટીક કચરાનુ વ્યવસ્થાપન:** - પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો સંબંધિત પ્રોડ્યુસર, ઇમ્પોર્ટર અને બ્રાન્ડ ઓનરના રજીસ્ટ્રેશનમાં તેમજ પ્લાસ્ટીક વેસ્ટ રીસાઇકલરની સંખ્યા ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સાપેક્ષમાં ખૂબ વધારે - રાજ્યની પેપરમીલમાંથી નીકળતા પ્લાસ્ટીક કચરાનો ઇંધણ તરીકે સીમેન્ટમીલ માં ઉપયોગ કરવામાં આવે છે. તેજ રીતે અન્ય એકમોના પ્લાસ્ટીક કચરાનો પુન:ઉપયોગ માટે નવી ટેકનોલોજીઓ માટે સૂચનો - મહાનગરપાલિકા, નગરપાલિકા તથા ગ્રામ્ય વિસ્તારમાંથી ઉદભવતા પ્લાસ્ટીક કચરાના જથ્થો તથા નિયમ મુજબ નિકાલ વૈજ્ઞાનિક ઢબે પુન:ચક્રીત થાય તે માટે સમસ્યા અને સુચનો.		

	- ગ્રામ્ય વિસ્તારમાં કે તાલુકા કક્ષાએ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ ફેસીલીટી ઉભી કરવાથી પ્લાસ્ટીક કચરાના રીસાયક્લીંગ સાથે અન્ય રોજગારીની તકો ઉભી થાય તે માટે સુચનો **ઔદ્યોગિક જોખમી ઘન કચરા ના વ્યવસ્થાપન** - ગુજરાતમાં સૌથી વધારે જથ્થામાં જોખમી ઘનકચરાનો ઉદભવ - ઉદ્યોગોમાં વિવિધતા ના કારણે જોખમી કચરાના પ્રકારમાં પણ ખૂબ વિવિધતા, જેના કારણે તેના કલેક્શન, સંગ્રહ, ટ્રીટમેન્ટ, પુનઃ વપરાશ અને નિકાલ માટે અલાયદી વ્યવસ્થાઓની સમસ્યા અને સુચનો - ઉદ્યોગોમાં ક્લીનર પ્રોડક્શન અને ક્લીનર ટેકનોલોજીના વપરાશથી જોખમી કચરો ઓછો ઉદભવે તે માટે નવી ટેકનોલોજીઓ માટે સુચનો - જોખમી કચરાના વૈજ્ઞાનિક રીતે પુનઃ વપરાશ માટે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા નીતિવિષયક યોજનાઓ જરૂરી - ઉદ્યોગો, ટીએસડીએફ ઓપરેટર અને રેગ્યુલેટર્સ દ્વારા waste hierarchyનું ચુસ્ત અમલીકરણ માટે સુચનો - નિયમ પ્રમાણે લેન્ડફિલ સાઈટ ની ડિઝાઇન અને ઓપરેશન હોવા છતાં હયાત લેન્ડફિલ સાઈટો માંથી ક્યારેક હવા પ્રદુષણ, પાણી પ્રદુષણ કે સ્ટ્રકચરલ સ્ટેબિલિટી અંગેના બનાવો, યોગ્ય ક્લોઝર પ્લાન્ટ અને પોસ્ટ ક્લોઝ મોનિટરિંગ મિકેનિઝમ માટે સુચનો - જોખમી કચરાના નિકાલની જગ્યાઓ માનવ વસ્તીથી અને અન્ય પર્યાવરણીય સેન્સિટીવ સ્થાનોથી કાયમ માટે અંતર જાળવવા લેન્ડયુઝ પ્લાનની જરૂરિયાત **કચરાનો કો-પ્રોસેસિંગમાં વપરાશ** - જોખમી કચરો ઉદભવ કરતા એકમ કે તેને વાપરતા સિમેન્ટ ઉદ્યોગ માટે ફરજિયાત અસરકારક રીતે કચરાના પુનઃવપરાશ માટે નિયમોમાં જોગવાઈ માટે સુચનો - કો પ્રોસેસિંગમાં ભાગ લેનાર ઉદ્યોગો ને આર્થિક રીતે કે અન્ય લાભ માટે નીતિવિષયક યોજનાઓ માટે સુચનો **હવા પ્રદુષણ** - રાજ્યકક્ષાના હવા પ્રદુષણ નિયંત્રણ એક્શન પ્લાનની દરેક સ્ટેક હોલ્ડર દ્વારા અસરકારક અમલવારી - નોન એટેઈન્મેન્ટ સીટી એક્શન પ્લાન માટે રાજ્યના દરેક સંલગ્ન વિભાગો દ્વારા ભાગીદારી તેમજ યોગ્ય સમયબદ્ધ સંકલન અને અમલ– સમસ્યા અને સુચનો - ઉત્તરોત્તર વધતા વાહનોની સંખ્યા પર અંકુશ અથવા ફરજિયાત પણે ક્લીન ફ્યુલ નો વપરાશ - પબ્લિક ટ્રાન્સપોર્ટેશનના બહોળા વપરાશ માટે પ્લાનિંગ સમસ્યા અને સુચનો - શિયાળાના સમયમાં હવા પ્રદુષણ નિયંત્રણ માટે એરિયા		

	સ્પેસિફિક ખાસ પગલાં માટે મોટા શહેરોમાં તેમજ ઔદ્યોગિક વસાહતોમાં માઈક્રો લેવલ પ્લાનિંગ, સુચનો - ઉદ્યોગોમાં કલીન ફ્યુલ નો વપરાશ વધે તે માટે નિતીવિષયક સુચનો - બિલ્ડીંગ કન્સ્ટ્રકશન થકી હવા પ્રદુષણ અટકાવવા અસરકારક પગલાં માટે મોનેટરીગ અને દંડની જોગવાઈઓ માટે સુચનો - ઉદ્યોગોમાં અકસ્માતથી થતા પ્રદૂષણને અટકાવવા જરૂરી નિવારાત્મક પગલાં તેમજ DISH જેવી ઓથોરીટી દ્વારા જરૂરી મોનિટરીંગ અને ઉદ્યોગને માર્ગદર્શન માટે સુચનો - મોટા રસ્તાઓ, હાઇવે, રેલવે લાઇન વિગેરેના પ્લાનિંગ સમયે જ બંને બાજુ હવા પ્રદુષણ અને અવાજ પ્રદુષણ અટકાવવા ગ્રીન બફરઝોન ની જરુરિયાત માટે સુચનો - ઔદ્યોગિક વસાહતો ફરતે યોગ્ય પ્રમાણમાં ગ્રીન બફર ઝોન ના અભાવની સમસ્યા અને સુચનો		
૧૨	ડેટા–સંચાલિત ગવર્નન્સ અને વિશ્લેષણ નાગરિકોની જરૂરિયાતોના સંતોષની ખાતરી કરવા માટે અને સરકારી યોજનાઓમાં સુધારો કરવા લાભાર્થીઓ પાસેથી મળેલા પ્રતિસાદનું વિશ્લેષણ કરવું જરૂરી છે. આ વિશ્લેષણથી સંચાલકીય બાબતો, નાગરિક સંતોષ અને નીતિ નિર્ધારણ અથવા પ્રક્રિયાલક્ષી વ્યસ્થાપનની જરૂર હોય તેવા ક્ષેત્રોમાં ઇનસાઇટ (ઉંડાણપૂર્વકની માહિતી) પ્રાપ્ત થશે. અગત્યની આ માહિતી મેળવવા માટે અરજદારો સાથેનો વાર્તાલાપ, અરજદારોની ડીજીટલ અને ફીઝીકલ(ભૌતિક) અરજીઓથી પ્રાપ્ત પ્રતિસાદને વિવિધ ટેકનોલોજી જેવી કે બીગ ડેટા, AI, મશીન લર્નિંગ અને NLPથી વિશ્લેષણ કરવું જોઇએ. આ પ્રક્રિયામાં ડેટા સંગ્રહ, ડેટા કલીનીંગ, ડેટા વર્ગીકરણ, અરજદારોના વલણ, લાગણી, સ્થાનિક અપેક્ષાઓ, કાર્ય–કારણ સંબંધી વિશ્લેષણો તેમજ વિઝ્યુલાઇઝેશન અને અમલ કરવા લાયક ભલામણો જેવા વિવિધ તબક્કાઓ મુખ્યત્વે સામેલ હશે. લાભ : કાર્યક્ષમતામાં સુધારો, જવાબદેહી, નાગરિક સંતોષ, સમસ્યાનું વહેલું નિદાન, કાર્યક્રમની અસરકારકતામાં વધારો, ફરિયાદોમા ઘટાડો અને સતત સુધાર.	માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય	ખાસ ફરજ પરના અધિકારી,/માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી
૧૩	**સુશાસન:** **પૃષ્ઠભૂમિ :–** સ્પીપા એ ગુજરાતની સર્વોચ્ચ તાલીમ સંસ્થા છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય સરકારી કર્મચારીઓને તાલીમ આપવા અને માનવ મૂડી વિકસાવવા પર છે. આનો હેતુ સરકારી કર્મચારીઓના જ્ઞાન અને કૌશલ્યને તમામ સ્તરે અપગ્રેડ કરવાનો છે જેથી તેઓ લોકોને વધુ સારી રીતે સેવા આપી શકે. **ઉદ્દેશ્ય:–** **મુખ્યમંત્રી સાથી બે મુખ્ય મુદ્દાઓ પર કામ કરે તેવી અપેક્ષા છે.**	સ્પીપા, અમદાવાદ	મહાનિદેશકશ્રી, સ્પીપા

	૧. સુશાસન પ્રથા તરીકે તાલીમ અને ક્ષમતા નિર્માણની સ્થાપના. ૨.તાલીમ હેતુ માટે વિવિધ વિભાગો સાથે સંકલન માટે પ્રમાણભૂત કાર્યપ્રણાલીની સ્થાપના કરવી • ચિંતન શિબિરમાં કરવામાં આવેલ ભલામણ અન્વયે ફેલોએ વિવિધ તાલીમના મોડ્યુલ તૈયાર કરવાના રહેશે જેથી અધિકારીઓ તેઓના સેવાકાળ દરિમયાન નોકરી સંબંધિત ઉત્કૃષ્ટ કામગીરી કરી શકે અને પોતાનો વ્યક્તિગત વિકાસ કરી શકે. • iGOT પોર્ટલ પર વિવિધ વિષયોના તાલીમના મોડ્યુલ બનાવી અને અપલોડ કરવાના રહેશે • કર્મયોગી મહાભિયાન ના ભાગરૂપે તમામ વર્ગ ૧ થી ૪ ના અધિકારીઓ અને કર્મચારીઓને સામયિક તાલીમ મળે. એના માટે ફેલો એ એક ડેટાબેઝ તૈયાર કરવાનો રહેશે જેથી કરીને તમામ સરકારી કર્મચારીઓની નિયમિત તાલીમ અને કૌશલ્ય વર્ધન થઇ શકે • CBC સાથે સંપર્કમાં રહીને વિભાગો માટે TNA તેમજ ACBP (Annual Capacity Building Plans) બનાવવામાં મદદ કરવાની રહેશે • રાજ્ય તેમજ રાષ્ટ્રીય તાલીમી સંસ્થાઓ સાથે જુદાજ–જુદા વિષયો પર તાલીમ આપવા માટે ભાગીદારી કરવાની રહેશે.		
૧૪	ગ્રામ્ય કચરાનું રિસાયક્લિંગ – પ્રવાહી અને ઘન કચરો:- સ્વચ્છ ભારત મિશન(ગ્રા) યોજનાના ફેઝ-૨ અંતર્ગત ગામોને ODF Plusની વિવિધ કેટેગરી જેવી કે, Aspiring, Rising અને Modelમાં લાવવા માટે વ્યક્તિગત શૌચાલય, ઘનકચરા વ્યવસ્થાપન, પ્રવાહી કચરા વ્યવસ્થાપન વગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશન(ગ્રા) ફેઝ-૨ના ભાગરૂપે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાજ્યના તમામ ગામોને ODF+ મોડલ જાહેર કરવાનો લક્ષ્યાંક છે. વધુમાં ગામોકે જ્યાં ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન અંતર્ગત વિવિધ પ્રકારની અસ્કયામતોના બાંધકામ કરવામાં આવે છે. (૧) સેગ્રીગેશન શેડનો લક્ષ્યાંક **૩૧૧૬** સિદ્ધિ **૧૩૯૦**, (૨)સામુહિક કમ્પોસ્ટ પીટ શેડનો લક્ષ્યાંક **૧૮૮૨૨** સિદ્ધિ **૧૧૮૦૧**, (૩) સામુહિક સોકપીટનો લક્ષ્યાંક **૫૯૨૦૯** સિદ્ધિ **૩૫૦૫૮** (૪) DEWATS નો લક્ષ્યાંક **૧૭૨** સિદ્ધિ **૨૦**	પંચાયત,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	કમિશનરશ્રી વ સચિવશ્ર ગ્રામ વિકાસ
૧૫	ડીસ્કોમ (DISCOM) ની તકનીકી અને નાણાકીય કામગીરી:- રૂફટોપ સોલાર યોજનાના અમલીકરણનું મૂલ્યાંકન અને પ્રક્રિયા સરળીકરણ: • અરજીથી સ્થાપન અને નેટ–મીટરિંગ સુધીના વિલંબ તથા ગ્રાહકોની મુશ્કેલીઓનો અભ્યાસ; • સમયમર્યાદા ઘટાડવા અને લાભાર્થીઓની ભાગીદારી	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

	વધારવા માટે ભલામણો નવીનીકરણીય ઉર્જા પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયાનું સરળીકરણ : • વિવિધ એજન્સીઓની મંજૂરીઓ, પ્રક્રિયામાં પુનરાવર્તન અને વિલંબનું વિશ્લેષણ; • સંકલિત ટ્રેકીંગ અને પ્રક્રિયા સુધારણા માટે સૂચનો. સ્માર્ટ મીટર આધારિત ગ્રાહક સેવા અને વીજ વપરાશ વ્યવસ્થાપન : • ઉપલબ્ધ સ્માર્ટ મીટર ડેટાથી વપરાથી પદ્ધતિઓનો અભ્યાસ; • ગ્રાહકોને ઉપયોગી માહિતી, અસામાન્ય વપરાશની જાણ અને પીક સમયની માંગ ઘટાડવા માટે પ્રાયોગિક કાર્યયોજના. બેટરી ઉર્જા સંગ્રહની ઉપયોગિતા અંગે અભ્યાસ : • પસંદગીના વિસ્તારમાં વીજ માંગ અને સૌર/પવન ઉર્જાની ઉપલબ્ધના આધારે ઉર્જા સંગ્રહની જરૂરિયાત તથા સંભવિત લાભોનું પ્રાથમિક મૂલ્યાંકન. સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટના કામો AT&C લોસ ઘટાડવાની વિવિધ કામગીરી ગ્રાહકોની ફરિયાદોના નિવારણની કામગીરી બીલીંગની કામગીરી વિજ બીલ કલેકશન		
૧૬	વિકસિત ગુજરાત ૨૦૪૭:- માનનીય પ્રધાનમંત્રીએ દેશની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાનાં આગામી ૨૫ વર્ષનો ઉલ્લેખ "અમૃત કાલ" તરીકે કર્યો હતો. સમૃદ્ધિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવી, ગામડાંઓ અને શહેરો એમ બંનેમાં શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી અને વિશ્વનું સૌથી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવું એ India@2047ની આકાંક્ષાઓ છે. ૨૦૪૭ સુધીમાં ભારતના વિકાસને આગળ ધપાવવામાં ગુજરાત મહત્વની ભૂમિકા ભજવશે, જેમાં ભારત મોટું અર્થતંત્ર હશે જેની માથાદીઠ આવક વિકસિત અર્થતંત્ર જેટલી થશે. ૨૦૪૭ સુધીમાં, ગુજરાતી નાગરિકો અને સમાજ મુખ્યત્વે બે પરિમાણોમાં સમૃદ્ધ થશે: • સારી જીવનશૈલી: ○ વિશ્વ કક્ષાનું શિક્ષણ અને કૌશલ્ય વિકાસ, આરોગ્ય સેવાઓ, પોષણ, માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટી સાથે સશક્ત બનાવવામાં આવશે. ○ સામાજિક સલામતી માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ ○ જીવનશૈલીમાં પર્યાવરણીય ગુણવત્તા અને ટકાઉપણા પર મજબૂત પકડ	આયોજન પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ	સચિવશ્રી, આયોજન, સામાન્ય વહીવટ વિભાગ

- સારી કમાણી: સમાન વૃદ્ધિ સાથે મલ્ટિ–ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર
  - સમાન વૃદ્ધિમાં સાથેનું વિકસિત અર્થતંત્ર તરીકે વિકસિત થવું.
  - કાર્યબળમાં કાર્યક્ષમતા માટેના વૈશ્વિક માપદંડ
  - વિવિધ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓનું મહત્તમ મિશ્રણ, જે ઉચ્ચ મૂલ્ય–વર્ધિત પેટા–ક્ષેત્રો પ્રત્યે સુસજ્જ થશે.
  - ઉદ્યોગ સાહસિકતા

આ વિઝનને પ્રાપ્ત કરવામાં આયોજન પ્રભાગની મહત્વની ભૂમિકા છે. આ વિભાગ વંચિત સમુદાયોના વિકાસ દ્વારા રાજ્યના આર્થિક અને સામાજિક ક્ષેત્રના મોનીટરીંગ અને માનવ વિકાસ સૂચકાંકમાં વધારો કરવા માટે જવાબદાર છે. રાજ્યના સાતત્યપૂર્ણ, સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસ માટે વિવિધ વિભાગોએ અસંખ્ય પહેલો અને કાર્યક્રમો હાથ ધર્યા છે. ગેપ એનાલિસિસ દ્વારા વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં સુધારાત્મક પગલાં લેવા માટે આયોજન પ્રભાગ વિવિધ વિભાગો સાથે સંકલન કરી રહ્યું છે.

વર્તમાનમાં, આયોજન પ્રભાગ ફ્લેગશીપ કાર્યક્રમો જેવા કે નિરંતર વિકાસના ધ્યેયો, આકાંક્ષી તાલુકા કાર્યક્રમ, આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અને વિકાસ ભારત 2047ના વિઝનને હાંસલ કરવા માટેની પ્રવૃત્તિઓ માટેના રોડમેપનું મોનીટરીંગ કરી રહ્યું છે. આ કાર્યક્રમો નિરંતર વિકાસ માટેની નીતિઓમાં રાજ્ય સરકારને માર્ગદર્શન આપવા માટે એક તબક્કાવાર અને મધ્યમથી લાંબા ગાળાનો અભિગમ પૂરો પાડવાનો છે. પુરાવા–આધારિત નીતિઓ ઘડવા માટે, ડેટાની દેખરેખ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

નિર્ણય લેવામાં મદદ કરવા માટે ડેટા વિઝ્યુઅલી રીતે ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. ડેટા એનાલિટિક્સ ટકાઉ વૃદ્ધિ હાંસલ કરવા માટે યોગ્ય નિર્ણય લેવામાં નિર્ણય લેનારાઓને મદદ કરી શકે છે. મુખ્ય પડકારો ડેટાનું મોનિટરિંગ છે, અપૂરતો ડેટા મોનિટરિંગમાં અવરોધરૂપ છે. ઓછી ગુણવત્તાવાળા, જૂના અને અધૂરા ડેટા જે અચોક્કસ તારણો તરફ દોરી જાય છે, ખાસ કરીને સમય જતાં ડેટાની સરખામણી કરવા માટે મુશ્કેલી ઉભી કરે છે.

વિકાસ વ્યૂહરચનાઓ ડિઝાઇન કરવા અને મધ્યમ ગાળાના નિરંતર વિકાસ ધ્યેયો (SDG) 2030 અને ભારત@2047ના લાંબા ગાળાના વિઝનને હાંસલ કરવાના વિઝન સાથે તેનો અમલ કરવા માટે, આયોજન વિભાગમાં એક Fellow જરૂરી છે:

Fellow નીચે મુજબની સુચિત કામગીરીમાં મદદરૂપ થશે:

- જાહેર નીતિને માર્ગદર્શન આપવા માટે SDG (Sustainable Development Goals)ના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના રોડમેપ બાબતની કામગીરી.
- ગુજરાત મોનીટરિંગ સેન્ટર (GPMC) અંગેની કામગીરી.
- SDGના રોડમેપમાં સામાજિક સમાવેશ અને ટકાઉપણાને

	વિસ્તૃત કરવા માટેની મેપિંગની કામગીરી. • નવું ઇન્ડીકેટર ફ્રેમવર્ક તૈયાર કરવું, તેના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યાંકો, SDGનું લોકલાઇઝેશન, રાજ્ય અને જિલ્લાના SDG રીપોર્ટ તૈયાર કરવો અને નબળા પર્ફોર્મંસ ધરાવતા ઇન્ડીકેટર, SDG પ્રગતિ અને કામગીરી પર એકશન પ્લાન તૈયાર કરવો. • ઇન્ડીકેટર્સ સાથે જોડાયેલ યોજનાઓની ઓળખ કરવી • ઇન્ડીકેટર સાથે મેપ થયેલ યોજનાઓનું મૂલ્યાંકન અને સંપૂર્ણ અથવા આંશિક ફેરફાર અંગે સૂચનો આપવા. • જરૂરીયાત મુજબ નવા યોજનાકીય ઇન્ડીકેટર્સ અને મેટા ડેટાને ઓળખવા, મૂલ્યાંકન કરવા અને ભલામણ કરવા વિભાગોને મદદરૂપ થવુ. • નોલેજ નેટવર્કીંગમાં જોડાયેલ તમામ સ્ટેક હોલ્ડરને વર્કશોપ/કોન્ફરન્સ/તાલીમનું આયોજનમાં મદદરૂપ થવુ. • "વિકસિત ગુજરાત ૨૦૪૭" અન્વયે "ગુજરાત વિઝન@૨૦૩૫" ની વ્યુહરચનાના નિર્માણ માટે ડોક્યુમેન્ટમાં નિર્દેશિત વિષયો માટે સંબંધિત વિભાગોના સહયોગથી એકશન પ્લાન અને રોડમેપની કામગીરી. • આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (ADP) અને આકાંક્ષી તાલુકા કાર્યક્રમ (ABP) અંગેની કામગીરી. ભારત સરકાર અને ગુજરાત સરકારના અન્ય વિભાગો અને ટેકનિકલ એજન્સીઓ સાથે સંપર્ક, સંકલન અને પત્રવ્યવહાર કરવામાં fellow ની ભૂમિકા મહત્વપૂર્ણ છે, જેથી મોનિટરિંગ અને રિપોર્ટિંગ પ્રગતિ સંબંધિત માહિતી એકત્રિત/ચકાસવામાં સરળતા રહે.		
૧૭	(૧) MBKVY –મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના:– રાજ્યમાં હાલની જરૂરીયાત આધારીત કુશળ માનવબળ તૈયાર કરવા હેતુસર આઇ.ટી.આઇ./ખાનગી અથવા સરકારી સ્કિલ ઇન્સ્ટીટ્યુટ્સ તથા ઉદ્યોગોના માધ્યમથી તાલીમાર્થીઓને ગુણવત્તાયુકત અને વર્તમાન ટેકનોલોજી મુજબની તાલીમ મળી રહે તે માટે ડિમાન્ડ આધારીત New Age Courses માં કૌશલ્ય તાલીમ આપવાનો અભિગમથી NSQF compliance ૫૧ પ્રકારના ટૂંકાગાળાના New Age Courses શરૂ કરવા માટેની મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના (MBKVY)શરુ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદેશ્ય રાજ્યમાં કૌશલ્ય મિશન દ્વારા યુવાનોને મેન્યુફેક્ચરીંગ, સર્વિસ તેમજ અન્ય સેક્ટરોમાં new age ટેકનોલોજી આધારીત અભ્યાસક્રમો થકી કૌશલ્ય બદ્ધ કરવા. **અમલીકરણ અને નિરિક્ષણ મીકેનીઝમ :** સદર અભ્યાસક્રમોનું અમલીકરણ જી.એસ.ડી.એમ.ના માધ્યમથી કરવામાં આવે છે. આ યોજનાને લગતી વિવિધ કામગીરીનું સંકલન, મોનિટરીંગ માટે સ્ટેટ સ્ટીયરીંગ કમિટી તથા ઇમ્પ્લીમેન્ટેશન અને મોનીટરીંગ કમિટીની અલગથી રચના કરવામા આવી છે. યોજનાનું	શ્રમ અને રોજગાર વિભાગ	નિયામકશ્રી, કૌશલ્ય વિકાસ

	સુચારૂ રૂપે સંકલન થાય તેમજ ઉચ્ચકક્ષાથી માર્ગદર્શન મળી રહે તે માટે અગ્રસચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધ્યક્ષસ્થાને સ્ટિયરીંગ કમિટીની જોગવાઈ કરેલ છે. **સ્ટિયરીંગ કમિટી દ્વારા કરવાની થતી કામગીરી:** MBKVY યોજના અંતર્ગત ઉદ્યોગોની જરૂરીયાત આધારીત અભ્યાસક્રમની પસંદગી કરવી, સેક્ટર વાઈઝ/ અભ્યાસક્રમ વાઈઝ તાલીમનો લક્ષ્યાંક ફાળવવો, અમલકર્તા એજન્સીની પસંદગી અને યોગ્ય માપદંડ નક્કી કરવા, સેક્ટર વાઈઝ તૈયાર કરવામાં આવેલ Expression of Interest (EoI)/ટેન્ડર/RFP ને મંજૂરી આપવી, સેક્ટર વાઈઝ/ અભ્યાસક્રમ વાઈઝ ફાળવેલ લક્ષ્યાંકની સાપેક્ષે થયેલ પ્રગતિનો રીવ્યુ કરવો,મોનીટરીંગ કમિટી વખતોવખત યોજનાની સમીક્ષા કરશે. **લાભાર્થી ગૃપ:** ધો– ૧૦/૧૨ પાસ વિદ્યાર્થીઓ, આઈ.ટી.આઈ. પાસ આઉટ તાલીમાર્થીઓ, ડીગ્રી–ડીપ્લોમા પાસ આઉટ વિદ્યાર્થીઓ. **ચુકવણીની પદ્ધતિ :** NSQF કોર્ષીસ માટે કોમન સ્કીલીંગ નોર્મ્સ હેઠળ નક્કી કર્યા મુજબ પ્રતિ ઉમેદવાર માટેની ટ્રેનીંગ કોસ્ટ સીધા પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન એજન્સીના બેંક ખાતામાં ચુકવી આપવામાં આવે છે, ઈન્ડસ્ટ્રીની માંગ આધારીત નવીન કોર્ષીસ માટે સ્ટીયરીંગ કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ ટ્રેનીંગ કોસ્ટ મુજબ તાલીમ કેન્દ્રને ચૂકવણું કરવામાં આવશે. જેની એસેસમેન્ટ ફી GCVT/KSU દ્વારા નિયત થયેલ દર અનુસાર ચૂકવણી કરવામાં આવશે.		
૧૮	**ગુજરાત અને અન્ય રાજયો વચ્ચેના સાંસ્કૃતિક સબંધોનો અભ્યાસ:–** ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા દર વર્ષે ભારતના અન્ય રાજય સરકારશ્રીના વિવિધ વિભાગ તેમજ સંસ્થાઓ દ્વારા તેઓના રાજ્યમાં આયોજીત વિવિધ પ્રસંગે ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક કલા વારસાથી અન્ય લોકો વાકેફ થાય તથા રાજ્યમાં કલા પ્રવૃત્તિને ઉત્તેજન મળે તે હેતુ થી અન્ય રાજયોમાં કલાવૃંદોને મોકલી પરંપરાગત કલા વારસાની પ્રસ્તુતિ કરી ઝાંખી કરાવવામાં આવે છે. ગુજરાત અને અન્ય રાજયો વચ્ચે સાંસ્કૃતિક સબંધોના વધુ વિકસે તે માટે અન્ય રાજ્યના વિવિધ સરકારી વિભાગો, સંસ્થાઓ તેમજ જે–તે રાજ્યમાં વસવાટ કરતાં ગુજરાતી સમાજ દ્વારા તેઓના ખાસ દિવસોની તેમજ વિવિધ તહેવારોની ઉજવણી પ્રસંગે ગુજરાતમાંથી વિવિધ લોકનૃત્યના કલાકારોને તેઓના રાજ્યમાં મોકલી શકીએ તે માટે તેઓ દ્વારા વધુ અરજી મળી રહે તો વધુ કલાકારોને/કલાવૃંદોને અન્ય રાજ્યમાં મોકલવાનું શક્ય બની રહે. આ ઉપરાંત વિવિધ રાજ્યની સંસ્થાઓ/વિભાગો દ્વારા તેઓ દ્વારા આયોજીત કાર્યક્રમની ખૂબ જ ટુંકા સમયમાં અને નજીકની તારીખમાં જાણ થવાના કારણે અત્રેથી વિભાગ કક્ષાએથી મંજૂરી તેમજ તે બાદ કલાકારોને સબંધિત રાજ્યમાં જવા માટે ટ્રેનની કન્ફર્મ ટીકીટ ન મળતી	રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	કમિશનરશ્રી, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

	હોવાને કારણે ખૂબ હેરાન થાય છે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતા કાર્યક્રમમાં જવા માટે કલાકારો માટે ટીકીટ રીઝર્વેશનમાં સ્પેશિયલ કોટા ફાળવી આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી કલાકારો સમયસર અને સુરક્ષિત કાર્યક્રમ સ્થળ ઉપર પહોંચી શકે અને ગુજરાત અને અન્ય રાજ્યો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ સારી રીતે મજબૂત કરવામાં મદદરૂપ થઈ શકે છે. ૧. "કલા સેતુ વેબ પોર્ટલ" – અત્રેના વિભાગ હસ્તકની સાંસ્કૃતિક અને યુવાઓને લગતી યોજનાઓ/પ્રવૃત્તિઓ અંગેની અરજી, કાર્ય ફાળવણી તથા ચુકવણી પ્રક્રિયાના શરૂઆતથી અંત સુધીના એન્ડ–ટુ–એન્ડ ડિજિટાઈઝેશન (End-to-End Digitisation) માટે વેબ પોર્ટલ વિકસાવવામાં સંબંધિત શાખા/કચેરી દ્વારા સૂચવે તે મુજબ તેને સંબંધિત કામગીરીમાં મદદરૂપ થવું, જેથી પોર્ટલના માધ્યમથી યોજનાઓનું રિયલ ટાઈમ મોનિટરિંગ અને મૂલ્યાંકન શક્ય બનશે તેમજ કલાકારોનો વ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર કરવામાં મદદ મળશે. ૨. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત વિભાગના સંસ્કૃતિ અને યુવા વર્ટિકલ (Culture & Youth Vertical) માટે વિભાગની વિવિધ પહેલો, તકો તથા પ્રસ્તાવિત કામગીરીને રજૂ કરવી. ૩. વિકસિત ગુજરાત અંતર્ગત યુવા અને સંસ્કૃતિ (Youth & Culture) ક્ષેત્રના અમલીકરણ રોડમેપ, લક્ષ્યાંકો, તથા મુખ્ય કામગીરી સૂચકાંકો (Key Performance Indicators – KPIs) ની સમીક્ષા કરવી. ૪. SYCAD વિભાગીય વેબસાઈટનું માળખાકીય અને સામગ્રી સંબંધિત સુધારાઓ માટે જરૂરી ક્ષેત્રોની ઓળખ કરી, વિગતવાર સૂચનો, ભલામણો તથા પુનઃડિઝાઈનના નમૂના તૈયાર કરવા. ૫. નવી "ગુજરાત રમતગમત નીતિ" ૨૦૨૮–૩૨ તૈયાર કરવામાં યોગ્ય પ્રદાન કરવું. ૬. વિભાગ તથા વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીનાં વિવિધ સંવર્ગ માટે વાર્ષિક ક્ષમતા નિર્માણ કાર્યક્રમ (Annual Capacity Building Plan - ACBP) તૈયાર કરવો. ૭. વિભાગના રોલિંગ એક્શન પ્લાન તથા રોડમેપ તૈયાર કરવાની કામગીરી.		
૧૯	(૧) વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળની વિદેશ અભ્યાસ લોન યોજના:- યોજનાનો અમલ:- આ યોજના તા.૦૩/૧૨/૨૦૦૧થી શરૂ થયેલ છે. યોજનાનું સ્વરૂપ/લોન સહાયના ધોરણો:- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે મહત્તમ રૂ.૧૫.૦૦ લાખની વિદેશ અભ્યાસ લૉન લાયકાતના ધોરણો : ધોરણ–૧૨ માં ઓછામાં ઓછા ૬૦% ટકા કે તેથી વધુ ગુણ. (NT/DNT, વધુ પછાત, અતિ પછાત માટે 10%) * વિદેશમાં ડિપ્લોમાં, સ્નાતક(ગ્રેજ્યુએટ), અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં, પી. એચ ડી. તેમજ ઉચ્ચ કક્ષાના તમામ ક્ષેત્રના ૧ (એક) શૈક્ષણિક વર્ષ કે તેથી વધુ સમયના	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ	નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, નિયામકશ્રી,સમાજ સુરક્ષા

અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના અભ્યાસક્રમો માટે લોન આપવામાં આવશે.

* વિદ્યાર્થીએ અરજી વિદેશ જતા પહેલા અથવા વિદેશ ગયાના છ માસ સુધીમાં કરી શકશે.

વ્યાજનો દર :વાર્ષિક ૪ ટકા લેખે સાદું વ્યાજ.

આવક મર્યાદા : સા. અને શૈ. પ. વર્ગ / SEBC માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૦.૦૦ લાખથી ઓછી.

પ્રોબલેમ સ્ટેટમેન્ટ અને અને ફેલો પાસે કામગીરીના અપેક્ષિત મુદ્દા

૧. વિદ્યાર્થીઓ જે અભ્યાસક્રમો માટે વિદેશમાં જાય છે તેમાં સારી કારકિર્દી ઉપલબ્ધ છે તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.

૨. વિદ્યાર્થીઓ જે કોલેજ / યુનિવર્સિટીમાં માં જાય છે તે જે તે દેશમાં માન્ય છે કે નહી તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.

૩. વિદ્યાર્થી જે અભ્યાસ ક્રમમાં જાય છે તે ડિપ્લોમા / સ્નાતક /અનુસ્નાતક કક્ષાનો છે. તે નિયત કરવામાં મુશ્કેલી પડે છે.

(૨) નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના

આ યોજના તા:૦૧/૦૪/૧૯૭૮ થી શરુ થયેલ છે.

- આ યોજનાના લક્ષ્ય સ્થાને નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ છે .બેરોજગાર હોય એવા શિક્ષિત દિવ્યાંગોને બેરોજગાર ભથ્થુ અને અને નિરાધાર હોય તેવા વૃધ્ધોને પેન્શનના રૂપે નાણાંકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મુકવામાં આવેલ.
- ૬૦ થી ૭૯ વર્ષની વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/- અને ૮૦ વર્ષ કે તેથી વધુ વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૨૫૦/-ની સહાય દર આપવામાં આવે છે.
- આ સહાય પતિ અને પત્ની બંન્નેને ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તો મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ગ્રામ્ય કક્ષાએથી E-Gram સેન્ટર પરથી અને શહેરી વિસ્તારમાંથી જન સેવા કેન્દ્ર પરથી અરજી કરી શકે છે.

આ યોજનાનો લાભા મેળવવાની પાત્રતા:

- **અરજદારની ઉંમર ૬૦ વર્ષ થી વધુ હોવી જોઈએ .**
- **દિવ્યાંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષ થી વધુ હોવી જોઈએ** અને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઈએ.
- અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઇએ.
- અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઇએ.
- અરજદારને પુખ્ત વયનો પુત્ર જો શારીરિક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતો કે કેન્સર, ટી.બી જેવી ગંભીર

માંદગીથી પીડાતા હોય અને કમાવવા અશકત હોય તેવા વૃધ્ધો અરજી કરવાપાત્ર છે.

- અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઇએ

સહાય મંજુર કરવાની સત્તા :

- તાલુકા મામલતદાર
- આ યોજનામાં સહાય ના–મંજુર થતાં અપીલ સાંભળનાર અધિકારી

  પ્રાંત અધિકારી

પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ

આ સહાય મેળવતા લાભાર્થીઓની હયાતીની વાર્ષિક ખરાઇ

- હયાતીની ખરાઇ માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી માફરત તેમનાં વિસ્તારમાં વૃધ્ધ પેન્શન મેળવતા લાભાર્થી યાદી માંથી કેટલા લાભાર્થી હયાત છે. તેમની વિગત માલતદારશ્રી ને મોકલી આપે તેવુ આયોજન કરી શકાય
- **<u>લાભાર્થીનાં બેંક એકાઉન્ટ નાં પ્રશ્નો</u>**

બેંકો મર્જ થવાનાં કારણે લાભાર્થીનાં એકાઉન્ટ નંબર અને IFSC કોડ બદલાય તેવા કિસ્સામાં લાભાર્થી માહિતગાર હોતા નથી જેનાં કારણે તે પેન્શનથી વંચિત રહે છે.

- આ બાબતે સંબંધિક બેંક ધારકે જે લાભાર્થી પેન્શન મેળવે છે. તેમનાં એકાઉન્ટ સહાય એકાઉન્ટ માર્ક કરી જયારે આવા પ્રશ્નો ઉપસ્થિત થાય ત્યારે લાભાર્થીનાં નવા અપડેટ કરેલ એકાઉન્ટ નંબર જુના એકાઉન્ટ નંબર સાથે જો મામલતદારશ્રીની કચેરીને મોકલી આપવામાં આવે તો આ પ્રશ્નનું સમાધાન થઇ શકે તેમ છે.
- **ડોર સ્ટેપ પેમેન્ટની વ્યવસ્થા**
- આ સહાયનાં લાભાર્થીઓ નિરાધાર હોય છે. તેમનાં પરિવારમાં કોઇ હોતું નથી જેનાં કારણે જે વિસ્તારમાં તેઓ રેહતા હોય છે ત્યાથી જો તેમની બેંક દુર હોય તો તેમને સરકારશ્રી દ્વારા મળેલ સહાયની રકમ ઉપાડવા માટે ડોર સ્ટેપ સુવિધા હોયતો તેમને મળતી રકમ સરળતાથી તેઓ મેળવી શકે.

  આધાર બેઝ પેમેન્ટમાં આધાર ડી–સીડ થવાથી સહાયની રકમ પરત આવે છે.

- આ યોજનાં ૧૦૦ % આધાર બેઝ પેમેન્ટનો લક્ષાંક છે. આ બાબતે જયારે લાભાર્થીનું આધાર ડી–સિડ થાય ત્યારે તેમાનાં એકાઉન્ટમાં ટ્રાન્સ્ફર કરેલી સહાયની રકમ પરત આવતી હોય છે. જેની લાભાર્થી ને જાણકારી હોતી નથી. આ માટે લાભાર્થીનું જે બેંકમાં એકાઉન્ટ હોય તેને સહાય એકાઉન્ટમાં તબદીલ કરી તેને બેંક મારફત સત્વરે આધાર સિડંગિ કરી આપવામાં આવે તો આ પ્રશ્નનું નિરાકરણ લાવી રકાય છે.

	• **લાભાર્થી ની ઓળખ :** આ સહાયનો વ્યાપ વધારવા માટે પ્રચાર પ્રસારનાં માધ્યમ ઉપરાંત સ્થાનિક સત્તા તંત્ર દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓની આળખ કરી તેમને સહાય મેળવવા માટે જરૂરી આધાર પુરાવા સરળતાથી ઉપલ્બ્ધ કરાવવામાં મદદરૂપ તાય તેવું માળખુ વિકસાવવામાં આવે • **પ્રોજેકટ ઓફિસરની નિમણંક :** આ યોજનાનું અમલીકરણ મહેસુલ વિભાગ મારફત કરવામાં આવે છે. આ યોજનાંઅમલી કરણ માટે તાલુકા મામલતદાશ્રીને મદદરુપ થવા જો પ્રોજેકટ ઓફિસરની નિમણુંક કરવામાં આવેતો આ યોજનાંનાં અમલીકરણ માં સરળતા લાવી શકાય છે		
૨૦	Lively hood in tribal Area – ગુજરાત રાજયમાં આદિજાતિ સમુદાયો અંબાજીથી લઇને ઉમરગામ સુધીની રાજયની પૂર્વ પટીમાં વસવાટ કરે છે. ઉત્તરમાં બનાસકાંઠા જિલ્લાથી રાજ્યના દક્ષિણ ભાગમાં વલસાડના ઉમરગામ સુધી આદિજાતિ સમુદાયો મોટાભાગે અતરીયાળ ગ્રામીણ અથવા વન વિસ્તારોમાં વસવાટ કરે છે. આદિજાતિ સમુદાય મુખ્યત્વે કૃષિ આધારિત આર્થિક પ્રવૃતિઓ પર નિર્ભર છે.ઘણા આદિજાતિ પરિવારો આજીવિકાની શોધમાં શહેરી વિસ્તારોમાં પણ સ્થળાંતર કરે છેજેઓમોટાભાગે દૈનિક વેતન પર અસંગઠીત બાંધકામ ક્ષેત્રમાં મજુરી કામ કરે છે. સ્થળાંતર કરનારા આ આદિજાતિ પરિવારો ઘણી વખત આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, આરોગ્ય કેન્દ્રો વગેરે જેવી સુવિધાઓના લાભોથી વંચિત રહી જાયછે, જે સરકાર દ્વારા તેમના ગામોમાં આપવામા આવતી હોઇ છે. આ કારણોસર આવા સ્થળાંતરીત આદિજાતિ પરીવારોમાં કુપોષણઅને સાક્ષરતાનું સ્તર નીચુ થતું જાય છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ પરિવારો માટે ટકાઉ અને લાંબાગાળાની આજિવિકાની તકોનુ નિર્માણ કરવા માટે આજિવિકા ક્ષેત્રે અનેકવિધ યોજનાઓ/પ્રોજેકટમો અમલ કરવામાં આવે છે પરિણામ સ્વરૂપ આદિજાતિ પરિવારોની આવકમાં વૃદ્ધિ થાય સાથોસાથ આજિવિકાની શોધમાં થતા સ્થળાંતરમાં ઘટાડો થવાના કારણે અનુસુચિત આદિજાતિ વિસ્તારોમાં સરકારશ્રી દ્વારા ઉભી થતી સવલતોથી પણ તેઓ લાભાન્વિત થઇ શકે. પરિવારની આર્થિક ચિંતાઓ દુર થતાં આવા આદિજાતિ પરીવારોના બાળકો/ યુવાનો માટે શાળા અને કોલેજનુ શિક્ષણ પણ સુનિશ્રિત થાય છે. આદિજાતિ પરીવારો માટે આજિવિકાની તકોનું નિર્માણ કરવાની દિશામાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલીત કેટલાક મુખ્ય ઉપક્રમો નીચે મુજબ છે: 1. સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ:– આ પ્રોજેકટ દ્વારા દુધાળા પશુઓના વિતરણ થકી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહિત કરીને આજિવિકાની તકોનુ નિર્માણ કરવામાં આવે છે. 2. કૃષિ વૈવિધ્યકરણતથા કૃષિ યાંત્રિકીકરણ:– આ પ્રોજેકટ થકી આદિજાતિ ખેડુતોને ગુણવત્તાયુકત બિયારણ અને ખાતરનુ	આદિજાતિ વિકાસ વિભાગ	કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ

	વિતરણ કરી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા તાલીમ આપવામાં આવે છે તથા કૃષિ યાંત્રિકીકરણ માટે સાધન સહાય થકી ખેત ઉતપાદનમાં વધારો થતાં આદિજાતિ પરિવારોની આવકમાં વૃદિ્ધ થાય છે. 3. ચેકડેમ અને ઉદ્વવહન સિંચાઇ યોજના તથા સોલાર પંપ આધારીત સિંચાઇ કુવા: અનુસુચિત આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ ખેડુતો માટે આ યોજના થકી સિંચાઇની સુવિધાઓનુ નિર્માણ કરવામાં આવે છે, જેથી આદિજાતિ ખેડુતો વર્ષમાં ઓછામાં ઓછા બે પાક લઇ શકે અને તેઓની આવકમાં વધારો સુનિશ્ચિત કરી શકાય છે. 4. વ્યાવસાયલક્ષી તાલીમઃ જિલ્લાકક્ષાએ ૨૧ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રોના માધ્યમથી પ્રતિ વર્ષ અંદાજે ૮,૦૦૦ થી ૯,૦૦૦ આદિજાતિ યુવક–યુવતીઓને વ્યવસાયલક્ષી તાલીમ પુરી પાડી તેઓ માટે રોજગારની તકોનું નિર્માણ કરવામાં આવે છે. 5. જિલ્લાકક્ષાએ સ્વસહાય જુથો, મંડળીઓના માધ્યમથી મરઘા ઉછેર, બકરા ઉછેર અને કલા કોશલ્યના માધ્યમથી પણ આદિજાતિ પરિવારો માટે આજિવિકાની તકોનુ નિર્માણ કરવામાં આવે છે. ફેલોશિપ દરમિયાન ફેલો દ્બારા ઉકત યોજનાઓની અસરકારકતા વધારવા, આદિજાતિ વિસ્તારોમાં આજિવિકાના અન્ય સ્ત્રોત શોધી કાઢી નવા પ્રોજેકટ/યોજનાઓ થકી આદિજાતિ પરિવારોની આવક વધારવા નવી યોજનાઓ સુચવવા તથા આજિવિકાના ક્ષેત્રમાં નિતિવિષયક ફેરફારો માટે સુચનો કરવામાં આવે તે અપેક્ષિત છે. **A. D-SAG યોજનાઓ** **D-SAG**ની નીચે મુજબની પહેલોના અમલીકરણની દેખરેખની જવાબદારી ફાળવવામાં આવી છે. દરેક પહેલ માટેની જવાબદારીઓમાં અમલીકરણમાં રહેલી ખામીઓની ઓળખ, અમલીકરણ યોજના તૈયાર કરવી, ચાલુ વર્ષના ભંડોળનો મહત્તમ અને યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવો, લક્ષ્યાંક સિદ્ધિ માટે અમલીકરણનું સંચાલન કરવું અને જ્યાં જરૂરી હોય ત્યાં અમલીકરણ ભાગીદારોની ઓળખ કરવી સામેલ છે: • પાર્ટનરશિપ ટ્રેનિંગ સેન્ટર્સ • PPP વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ • ઉચ્ચ કક્ષાની કૌશલ્ય તાલીમ(High-End • Skill Training) • NEET/JEE/PMT/GUJCET/ICET • કોચિંગ (અમલીકરણ ભાગીદારની ઓળખ સહિત) • GPSC અને તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ • માટે કોચિંગ (અમલીકરણ ભાગીદારની • ઓળખ સહિત)		

	B. **વિકસિત ભારત @2047** • વિકસિત ભારત @2047ના લક્ષ્યોને વિભાગના કાર્યક્ષેત્ર અને યોજનાઓ સાથે સુસંગત બનાવવા/મેપિંગ કરવું • વર્ષ 2026-27 માટે અમલીકરણ યોજના તૈયાર કરવી • લક્ષ્યાંક સિદ્ધિ તરફ અમલીકરણનું સંચાલન કરવું C. **નવીન પ્રસ્તાવો અને પહેલો** • આદિજાતિ વિકાસ વિભાગની હાલની યોજનાઓમાં સમાવિષ્ટ કરી શકાય તેવા ક્ષેત્રોની ઓળખ કરવી, જેથી યોજનાઓના પરિણામો અને પહોંચમાં વધારો કરી શકાય. • નવી પહેલ માટેના ક્ષેત્રોની ઓળખ કરવી.		
૨૧	બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હેઠળના પ્રોજેક્ટો/કામગીરીની સૂચિ: (૧) Regional Economic Master Plans (REMPs) (૨) વિકસિત ગુજરાત ફંડ સાથે સંકળાયેલ પ્રોજેક્ટો (૩) Viksit Gujarat@2047 અંતર્ગત કરવામાં આવનાર અન્ય કામગીરી (૪) ગુજરાત રાજ્ય ઇન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ના KPIs ના અપડેશનની કામગીરી (૫) GRIT દ્વારા ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર પ્રોજેક્ટો (૬) વિભાગ દ્વારા સમયાંતરે સોંપવામાં આવનાર પ્રોજેક્ટો	બંદરો અને વાહનવ્યવહાર વિભાગ	અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ
૨૨	**વિકસિત ગુજરાત @2047 (Viksit Gujarat @2047)** વિકસિત ગુજરાત @2047ના વિઝન હેઠળ પુરાવા–આધારિત નીતિ વિષયક સંશોધન (evidence-based policy research), ડેટા–આધારિત પૃથ્થકરણ અને પ્રાથમિકતા ધરાવતી વિકાસલક્ષી યોજનાઓનું મોનિટરિંગ કરવા માટે GRIT ને ટેકો આપવો. આ માટે દરેક CM ફિલોને એક ચોક્કસ ક્ષેત્ર (Specific area) અને તેની સાથે રાજ્યની મુખ્ય પ્રાથમિકતાઓ સોંપવામાં આવશે.	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)
૨૩	**ઇકોનોમિક માસ્ટર પ્લાન પ્રોજેક્ટ્સ અને ટાસ્ક ફોર્સ કમિટી કમિટી (TFC) રિપોર્ટ પ્રોજેક્ટ્સ (Economic Master plan Projects & Task Force Committee report projects)** ઇકોનોમિક માસ્ટર પ્લાન (EMP) માળખા અને ટાસ્ક ફોર્સ કમિટી (TFC) પ્રોજેક્ટ્સ હેઠળ આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination), ડેટા એનાલિસિસ અને અમલીકરણની પ્રગતિનું મોનીટરિંગ કરવામાં સહયોગ આપવો.	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)
૨૪	ઇકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • સેન્ટ્રલ ગુજરાત – 130 પ્રોજેક્ટ્સ (Central Gujarat - 130 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર

	અને મોનિટરિંગ • પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)		
૨૫	ઈકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • કોસ્ટલ સૌરાષ્ટ્ર – 113 પ્રોજેક્ટ્સ (Coastal Saurashtra - 113 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ અને મોનિટરિંગ • પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર
૨૬	ઈકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • કચ્છ – 100 પ્રોજેક્ટ્સ (Kachchh - 100 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ અને મોનિટરિંગ પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર
૨૭	ઈકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • ઉત્તર ગુજરાત – 108 પ્રોજેક્ટ્સ (North Gujarat - 108 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ અને મોનિટરિંગ • પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર
૨૮	ઈકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • સૌરાષ્ટ્ર – 77 પ્રોજેક્ટ્સ (Saurashtra - 77 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ અને મોનિટરિંગ • પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર
૨૯	ઈકોનોમિક માસ્ટર પ્લાન (Economic Master Plan) • સુરત – 56 પ્રોજેક્ટ્સ (Surat - 56 Projects) • EMP ફ્રેમવર્ક હેઠળ અમલીકરણની પ્રગતિનું ડેટા એનાલિસિસ અને મોનિટરિંગ • પ્રોજેક્ટ હાથ ધરવામાં સહયોગ આપવો • આંતર–વિભાગીય સંકલન (Inter-department Coordination)	ગુજરાત રાજ્ય ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)	EMP કોર્ડીનેટર
૩૦	**નિતિનિર્માણ અને સેવા વિતરણ પ્રક્રિયાઓમા આધુનિક અને અસરકારક અભિગમનો ઉપયોગ કરીને ગુજરાત રાજ્યમા કુદરતી**	કલેક્ટર કચેરી, વડોદરા	કલેક્ટરશ્રી, વડોદરા

	ખેતીમાં નવીન કાર્યક્ષમતા અને શ્રેષ્ઠતાનુ વાતાવરણ ઉભુ કરવુ. સી.એમ. ફેલોની કામગીરી :– • "ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિની અસરકારક અમલવારી માટે Smart & Evidence-Based Framework નું નિર્માણ: પડકારો, ખેડૂતોના અનુભવો, ટેકનોલોજી અને નીતિગત હસ્તક્ષેપોનો તલસ્પર્શી અભ્યાસ". • પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના ખેડુત ઉપયોગી વૈજ્ઞાનિક સંશોધનો કરાવવામાં મદદરૂપ થશે. • પ્રાકૃતિક કૃષિના સંશોધનોને વધુ ખેડુતો સારી રીતે અપનાવે તે માટે વધુ સારી પદ્ધતિ સુચવશે. • રાજયમાં ટ્રાઇબલ તેમજ બિનપિયત વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ સરળતાથી થઇ શકે તેમ છે જેથી આ વિસ્તારનાં ખેડુતોને વધુ સારી રીતે મદદરૂપ થાય તે મુજબનાં કાર્યક્રમ યોજનાઓ સુચવશે. • અન્ય રાજયોમાં પ્રાકૃતિક કૃષિ બાબતે ચાલતા કાર્યક્રમો યોજનાઓ વિગેરેનો અભ્યાસ કરીને રાજયમાં રાજયમાં વધુ સારી રીતે પ્રાકૃતિક કૃષિનાં અમલીકરણ માટે સુચનો કરશે. • પ્રાકૃતિક કૃષિ માટે વિવિધ યોજનાઓના હેઠળ મંજુર થયેલ મેનપાવરની ઉપલબ્ધી માટે પ્રતિનિયુકતથી નિમણૂક કરાવવામાં તેમજ આઉટસોર્સ મેન પાવર માટે પ્લેસમેન્ટ એજન્સી ની પસંદગી પ્રક્રિયામાં મદદરૂપ થવુ. • પ્રાકૃતિક કૃષિના અસરકારક અમલીકરણ માટે સમયાંતરે ફિલ્ડ વિઝીટ અને કૃષિ ખાતાનાં અધિકારીઓ તેમજ ખેડુતો સાથે ચર્ચા કરી વહીવટી તેમજ તાંત્રિક સમસ્યાના નિરાકરણ માટે સરકાર કક્ષાએ વિગતો – અહેવાલ રજુ કરવા અને વધારે સારા સુચનો કરશે. • વિભાગ હેઠળની વિવિધ ખાતાની વડી કચેરીઓ, રાજ્ય કૃષિ યુનિવર્સીટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ગુજરાત એગ્રો ઇ.કો.લી જેવી વિવિધ કચેરીઓ બોર્ડ કોર્પોરેશન સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિનુ વ્યાપ વધે તે માટે જરૂરી મોનિટરીંગ કરવુ અને માહિતી તેમજ અહેવાલ તૈયાર કરાવવા. • માહિતી ખાતા જેવા સરકારના અન્ય વિભાગો સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિની પબ્લીસીટી માટે ગ્રામ વિકાસ વિભાગ હેઠળની જી.એલ.પી.સી. મારફતે સેલ્ફ હેલ્પ ગૃપની કૃષિ સખી મહિલાઓને પ્રાકૃતિક જોડવામાં સહકાર વિભાગ તેમજ સાથે સંકલન કરી પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશોનાં વેચાણ માટે યોગ્ય મોનીટરીંગ અને અમલવારી કરાવવી.		
૩૧	**ડેટા–સંચાલિત ગવર્નન્સ અને વિશ્લેષણ** ૧. મુખ્ય ઉદ્દેશ:	કલેક્ટર કચેરી, સુરત	કલેક્ટરશ્રી, સુરત

	• ડિજિટલ ગુજરાત પોર્ટલનું વિશ્લેષણ: ડિજિટલ ગુજરાત એપ્લિકેશન્સ અને પોર્ટલ પર આવતી વિવિધ અરજીઓના ડેટાનું વિશ્લેષણ કરવું, જેથી નાગરિકોને મળતી સેવાઓ વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનાવી શકાય. • યોજનાઓ અને કાર્યક્રમોનું મૂલ્યાંકન: જિલ્લા કક્ષાએ અમલમાં મૂકાયેલી વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોની અસરકારકતાનું ગ્રાઉન્ડ લેવલના ડેટા આધારિત મૂલ્યાંકન કરવું. • સમિતિઓની બેઠકોની કાર્યક્ષમતા વધારવી: કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં મળતી વિવિધ સમિતિઓની બેઠકો વધુ પરિણામલક્ષી બને તે માટે એજન્ડા અને ફોલો-અપનું ડેટા-ડ્રિવન ટ્રેકિંગ કરવું. ૨. જિલ્લા કક્ષાના 'ઈન્ટિગ્રેટેડ ડેશબોર્ડ' અને સમિતિઓનું સંચાલન: • જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વિવિધ વિભાગોની ૨૦૦ થી વધુ સમિતિઓની અધ્યક્ષતા કરવામાં આવે છે, આ બાબતને ધ્યાનમાં રાખીને તમામ વિભાગોની કામગીરી અને યોજનાકીય ડેટાને સાંકળતા એક 'સેન્ટ્રલાઈઝ્ડ ડેશબોર્ડ' ની રચના કરવી. • આ ડેશબોર્ડ થકી બેઠકો માટે જરૂરી આંકડાકીય માહિતી, એનાલિટિકલ રિપોર્ટ્સ અને કામગીરીની પ્રગતિ (Progress Tracking) સિંગલ ક્લિક પર ઉપલબ્ધ કરાવવી, જેથી સમયનો બચાવ થાય અને નિર્ણયો ઝડપી લેવાય. ૩. જિલ્લા કક્ષાના અન્ય પ્રસ્તુત વિષયોનું વિશ્લેષણ: • જાહેર વિતરણ વ્યવસ્થા (PDS), મહેસૂલી સેવાઓ, તેમજ શિક્ષણ અને આરોગ્ય જેવા ચાવીરૂપ ક્ષેત્રોના આંકડાઓનું રિયલ-ટાઇમ એનાલિસિસ કરવું. • SWAGAT ઓનલાઇન કાર્યક્રમ હેઠળ તેમજ વિવિધ માધ્યમોથી પ્રાપ્ત થતી ફરિયાદો અને પ્રતિસાદનું વિશ્લેષણ કરી નાગરિકોના પ્રશ્નોનું વહેલું નિદાન કરવું. ૪. ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી અને ટેકનોલોજીનો ઉપયોગ: • અરજદારો સાથેના વાર્તાલાપ તથા ડીજીટલ/ભૌતિક અરજીઓથી પ્રાપ્ત માહિતીનું બીગ ડેટા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ (NLP) જેવી અદ્યતન ટેકનોલોજી વડે વિશ્લેષણ કરવું. • ડેટા ક્લીનીંગ, ડેટા સંગ્રહ અને ડેટા વર્ગીકરણની પ્રક્રિયા હાથ ધરીને ડેટા વિઝ્યુલાઈઝેશન અને અમલ કરવા લાયક ભલામણો વહીવટી તંત્રને પૂરી પાડવી. ૫. અપેક્ષિત પરિણામો (Outcomes):		

	• વહીવટી કાર્યક્ષમતા અને જવાબદેહીમાં નોંધપાત્ર સુધારો તેમજ ડેટા આધારિત પારદર્શક નિર્ણયો.નાગરિક સંતોષમાં વધારો, લોકોની ફરિયાદોમાં ઘટાડો અને વહીવટી પ્રક્રિયાઓમાં સતત સુધાર.		
૩૨	**ભાવનગર જિલ્લામાં પ્રવાસન વિકાસ** **પૂર્વભૂમિકા:** મહારાજા ભાવસિંહજી ગોહિલ દ્વારા ઈ.સ.૧૭૨૪માં સ્થાપિત થયેલું ભાવનગર ઐતિહાસિક રીતે સૌરાષ્ટ્રના મહત્વપૂર્ણ રજવાડી શહેરોમાંનું એક રહ્યું છે. ભાવનગર જિલ્લો ધાર્મિક અને ઐતિહાસિક પ્રવાસનની દૃષ્ટિએ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પાલિતાણા સ્થિત શેત્રુંજય પર્વત જૈન ધર્મનું વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ છે. પર્વત પર મોટી સંખ્યામાં જૈન મંદિરો આવેલાં છે અને દેશ–વિદેશમાંથી શ્રદ્ધાળુઓ અહીં આવે છે. તે ઉપરાંત ભાવનગરનું તખ્તેશ્વર મંદિર, નિલમબાગ પેલેસ, ઘોઘા, ગોપનાથ, નિષ્કલંક મહાદેવ જેવા ધાર્મિક તથા દરિયાઈ સ્થળો અને અન્ય ઐતિહાસિક સ્થળો જિલ્લાની પ્રવાસન ક્ષમતામાં વિવિધતા ઉમેરે છે. જિલ્લા વહીવટીતંત્ર પણ નિલમબાગ પેલેસ, અલંગ શિપ–બ્રેકિંગ યાર્ડ અને તખ્તેશ્વર મંદિરને મહત્વના જોવાલાયક સ્થળો તરીકે દર્શાવે છે. આ તમામ સ્થળોને એકબીજા સાથે જોડીને “ધાર્મિક પર્યટન + દરિયાઈ પર્યટન + ઇકો–ટુરિઝમ + હેરિટેજ ટુરિઝમ + વન્યજીવ પર્યટન + ગ્રામ્ય પર્યટન” આધારિત એક સંકલિત પ્રવાસન સર્કિટ વિકસાવવાની નોંધપાત્ર સંભાવના છે. **આગામી વર્ષોમાં નીચે મુજબના પ્રોજેક્ટોને જિલ્લા પ્રવાસન ફ્લેગશીપ પ્રોજેક્ટ તરીકે વિકસાવવા યોગ્ય છે :–** **ધાર્મિક પ્રવાસન:** શત્રુંજય–પાલિતાણા તીર્થયાત્રા માળખાકીય પ્રોજેક્ટ :– યાત્રાળુ સુવિધારો, સરળ વાહન વ્યવહાર સુવિધાઓ, સાંકેતિક નિદર્શન, પાર્કિંગ અને શહેર સૌંદર્ય વિકાસ નિષ્કલંક મહાદેવ પર્યાવરણીય–આધ્યાત્મિક પ્રવાસન પ્રોજેક્ટ :– ધાર્મિક સ્થળ સાથે કુદરતી અને દરિયાઈ પર્યાવરણને જોડતો વિકાસ **દરિયાઈ પ્રવાસન:** ગોપનાથ તટીય પ્રવાસન પ્રોજેક્ટ :– સુવ્યવસ્થિત, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી દરિયાકાંઠા આધારિત પ્રવાસન ઘોઘા તટીય & મેરીટાઈમ પ્રવાસન :– દરિયાઈ વારસા, તટીય અનુભવો અમે સ્થાનિક અર્થતંત્ર સાથે જોડાયેલ વિકાસ. **વન્યજીવ પર્યાવરણ પ્રવાસન:** વેળાવદર પર્યાવરણ પ્રવાસન વૃદ્ધિ પ્રોજેક્ટ :– જંગલી પ્રાણીઓ, પક્ષી નિરીક્ષણ, પ્રકૃત્તિ સૌંદર્ય, સામુદાયિક પ્રવાસન **હેરીટેઝ પ્રવાસન:** ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતું શહેર–ભાવનગર :– હેરીટેજ વોક, સાંકેતિક–ચિહ્નો, રોશની, અર્થઘટન અને સાંસ્કૃતિક	કલેક્ટર કચેરી, ભાવનગર	કલેક્ટરશ્રી, ભાવનગર

	અનુભવો **ધોલેરા અને ભાવનગરના સંકલિત પ્રવાસન વિકાસ :** • પ્રવાસીઓના રોકાણનો સમય વધારી શકાય • ભાવનગરને માત્ર pilgrimage destination તરીકે નહીં પરંતુ multi-dimensional tourism destination તરીકે વિકસાવી શકાય • Dholera માં આવનારા business visitors ને ભાવનગરના પ્રવાસન સ્થળો સાથે જોડવામાં આવી શકે • સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો ઊભી થઈ શકે • સ્થાનિક હોટેલ, રેસ્ટોરન્ટ, પરિવહન અને નાના વેપારીઓને લાભ મળી શકે • ગ્રામ્ય અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આર્થિક પ્રવૃત્તિ વધારી શકાય • સ્થાનિક હસ્તકલા અને ખાદ્ય સંસ્કૃતિને પ્રોત્સાહન મળી શકે • નવી PPP અને private tourism investment ની તકો ઊભી થઈ શકે આ રીતે ભાવનગર જિલ્લાના ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, કુદરતી અને દરિયાઈ વારસાને સંકલિત રીતે વિકસાવવામાં આવે તો જિલ્લાને સૌરાષ્ટ્રના મહત્વપૂર્ણ બહુઆયામી પ્રવાસન કેન્દ્ર તરીકે વધુ મજબૂત રીતે પ્રસ્થાપિત કરી શકાય તેમ છે. પ્રવાસન વિકાસ સાથે સ્થાનિક અર્થતંત્રને વેગ, રોજગારીની નવી તકો અને ગ્રામ્ય તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં સર્વાંગી વિકાસને પણ પ્રોત્સાહન મળી શકે છે.		
૩૩	**વિવિધ સમિતિઓમાંથી પ્રાપ્ત થતી આ માહિતીનું એકીકૃત વિશ્લેષણ કરીને જિલ્લાની Overall Governance Picture, recurring issues, inter-departmental issues, મહત્વપૂર્ણ નિર્ણયો તથા તેમની follow-up સ્થિતિનું સતત monitoring માટે "District Governance Intelligence & Integrated Review System" વિકસાવવું.** **પુર્વભૂમિકા** જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓ જિલ્લાની Governance, Health, Safety, Social Welfare અને Development સંબંધિત મહત્વપૂર્ણ બાબતોની સતત સમીક્ષા કરે છે. આ સમિતિઓમાંથી મળતી માહિતી જિલ્લાની Overall Governance Health સમજવા માટે મહત્વપૂર્ણ છે. • માહિતી વિવિધ સમિતિઓ અને વિભાગોમાં વિખરાયેલી રહે છે; • નિર્ણયો અને Action Pointsનું consolidated follow-up જરૂરી છે; • વારંવાર ઉઠતા મુદ્દાઓને cross-committee દૃષ્ટિએ જોવાની જરૂર છે;	કલેક્ટર કચેરી, રાજકોટ	કલેક્ટરશ્રી, રાજકોટ

	• એકથી વધુ વિભાગોને સાંકળતા મુદ્દાઓ માટે convergence જરૂરી છે; • કાર્યવાહી બાદ થયેલા outcomeની systematic સમીક્ષા જરૂરી છે. આથી હાલની review mechanismને વધુ integrated, analytical અને outcome-oriented બનાવવા માટે dedicated analytical supportની આવશ્યકતા છે. **પ્રોજેક્ટ હેતુ** જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓમાંથી પ્રાપ્ત માહિતીને એકીકૃત અને વિશ્લેષિત કરીને જિલ્લાની સમગ્ર વહીવટી સ્થિતિનું સંકલિત ચિત્ર તૈયાર કરવું તથા સમયસર કાર્યવાહી અને પરિણામલક્ષી સમીક્ષા માટે વ્યવસ્થા ઊભી કરવી. **પ્રોજેક્ટ ઉદ્દેશ** • વિવિધ જિલ્લા કક્ષાની સમિતિઓની કાર્યવાહીનું systematic compilation અને analysis કરવું. • મહત્વપૂર્ણ નિર્ણયો અને Action Pointsનું consolidated tracking કરવું. • વિવિધ સમિતિઓમાંથી પ્રાપ્ત માહિતીને એકીકૃત કરીને District Governance Picture તૈયાર કરવું. • Recurring અને Inter-departmental issuesની ઓળખ કરવી. • Pending અને મહત્વપૂર્ણ મુદ્દાઓનું સતત follow-up કરવું. • Action પછી થયેલા outcomeની સમીક્ષા કરવી. • Collector-level review માટે concise અને evidence-based brief તૈયાર કરવું. • હાલની review mechanismને વધુ integrated અને outcome-oriented બનાવવી. • જરૂરીયાત મુજબ AI-enabled toolsના સહાયક ઉપયોગથી information processing અને analytical reviewને વધુ કાર્યક્ષમ બનાવવું. **CM FELLOW – કાર્ય અને જવાબદારી** • વિવિધ સમિતિઓના Proceedingsનું વિશ્લેષણ કરશે. • સમિતિવાર તથા વિભાગવાર માહિતીનું structured compilation કરશે. • મહત્વપૂર્ણ નિર્ણયો અને Action Pointsનું tracking કરશે. • વિવિધ સમિતિઓમાં ઉઠતા common/related issuesનું cross-committee analysis કરશે. • Recurring issuesની ઓળખ કરશે. • Inter-departmental issues follow-up અને		

	coordination કરશે. • કાર્યવાહી બાદ થયેલા outcomeનું અનુસરણ કરશે. • Collector-level Monthly/Quarterly Integrated Review Brief તૈયાર કરશે. • ઉપલબ્ધ દસ્તાવેજો અને Committee Proceedingsમાંથી માહિતીના extraction, classification, summarization તથા issue identification માટે યોગ્ય AI-enabled toolsનો ઉપયોગ કરશે. • AI-assisted analysis દ્વારા recurring, related અને inter-departmental issuesની પ્રાથમિક ઓળખ કરી, જરૂરી માનવીય ચકાસણી બાદ Integrated Reviewમાં સામેલ કરશે. • AI દ્વારા તૈયાર કરાયેલ summaries, classifications અથવા analytical outputs source documents/data સામે verification કરીને final review material તૈયાર કરશે. **KEY DELIVERABLES** CM Fellow દ્વારા મુખ્યત્વે નીચેના outputs તૈયાર કરવામાં આવશે: Committee Mapping & Review Framework, Integrated Information Repository, Decision & Action Tracker, Recurring Issue Register, Inter-Departmental Issue Tracker, Collector-level Monthly Governance Brief, Quarterly District Governance Review, Integrated Review Dashboard, Outcome Follow-up Framework, Standard Operating Procedure (SOP), AI-assisted Governance Analysis & Review Support.		
૩૪	**બાવળા તથા ધોળકા તાલુકાના વિવિધ ગામો/શહેરી વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના સમયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાના નિવારણ** **૧. પૃષ્ઠભૂમિ:** બાવળા તથા ધોળકા તાલુકાના વિવિધ ગામો/શહેરી વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના સમયે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળે છે. જેના કારણે રસ્તાઓ, રહેણાંક વિસ્તારો, ખેતીની જમીન તથા જાહેર મિલકતોને અસર થવાની સાથે સ્થાનિક નાગરિકોને અવરજવર તથા અન્ય મુશ્કેલીઓનો સાબનો કરવો પડે છે. હાલની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાની ક્ષમતા તથા કુદરતી પાણીના વહેણમાં રહેલા અવરોધોને ધ્યાનમાં લેતા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સંકલિત આયોજન કરવું જરૂરી છે. **૨. હાલની સ્થિતિ:** પાણી ભરાવાના મુખ્ય કારણોમાં અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થા, વરસાદી	કલેક્ટર કચેરી, અમદાવાદ	કલેક્ટરશ્રી, અમદાવાદ

નાળાઓ/કાંસની ઓછી ક્ષમતા, કલ્વર્ટ/પુલિયાના બોટલનેક, નાળાઓમાં કાંપ/કચરો તથા કુદરતી પાણીના વહેણમાં અવરોધનો સમાવેશ થાય છે. આથી પાણી ભરાતા સ્થળોની ચોક્કસ ઓળખ કરી સ્થળવાર ટેકનિકલ અભ્યાસ કરવો જરૂરી છે.

૩. સૂચિત યોજના:

બાવળા–ધોળકા તાલુકા માટે Integrated Storm Water Drainage & Water Management Plan તૈયાર કરવામાં આવે. તે અંતર્ગત નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવે:

- તાલુકાના તમામ વોટર–લોગિંગ હોટ–સ્પોટનું GPS/GIS આધારિત મેપિંગ કરવું.
- હાલના વરસાદી નાળા, કાંસ, કલ્વર્ટ, પુલિયા તથા કુદરતી પાણીના વહેણનું ટેકનિકલ સર્વેક્ષણ કરવું.
- પાણીના કુદરતી વહેણને પુનઃસ્થાપિત કરી જરૂરી સ્થળોએ નવા નાળા/ડ્રેનેજ લાઇનની વ્યવસ્થા કરવી.
- ઓછી ક્ષમતાવાળા કલ્વર્ટ–પુલિયા તથા ડ્રેનેજ સ્ટ્રક્ચરનું જરૂરી મુજબ વધુ ક્ષમતાવાળા સ્ટ્રક્ચરમાં રૂપાંતરણ કરવું.
- પાણીના વહેણમાં આવતા અતિક્રમણ/અવરોધોની ઓળખ કરી સંબંધિત વિભાગો મારફતે જરૂરી કાર્યવાહી કરવી.
- યોગ્ય સ્થળોએ રિચાર્જ પિટ, ચેકડેમ, તળાવ ઊંડા કરવા તથા વરસાદી પાણીના સંગ્રહની કામગીરી કરવી.
- ચોમાસા પૂર્વે તમામ મુખ્ય નાળા, કાંસ અને કલ્વર્ટની પ્રી–મોન્સૂન સફાઈ અને મરામત સુનિશ્ચિત કરવી.
- સમગ્ર વ્યવસ્થાનું GIS આધારિત ડિજિટલ મોનિટરિંગ તથા સ્થળવાર પ્રગતિનું ટ્રેકિંગ કરવું.

૪. વિભાગીય સંકલન:

યોજનાના અસરકારક અમલીકરણ માટે મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, નગરપાલિકા/સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા, માર્ગ અને મકાન વિભાગ, પંચાયત તથા સ્ટેટ, સિંચાઈ/જળસંપત્તિ વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો વચ્ચે સંકલન કરી સંયુક્ત સર્વે હાથ ધરવામાં આવે.

૫. અપેક્ષિત પરિણામ:

આ સંકલિત યોજનાના અમલીકરણથી બાવળા–ધોળકા તાલુકામાં વરસાદી પાણીનો ઝડપી અને યોગ્ય નિકાલ સુનિશ્ચિત થશે, પાણી ભરાવાના કારણે રસ્તા તથા જાહેર મિલકતોને થતા નુકસાનમાં ઘટાડો થશે અને નાગરિકોને ચોમાસા દરમિયાન થતી મુશ્કેલીઓમાં ઘટાડો થશે. સાથે સાથે વરસાદી પાણીના સંગ્રહ તથા ભૂગર્ભ જળ રિચાર્જને પણ પ્રોત્સાહન મળશે.

૬. આગામી કાર્યવાહી:

બાવળા–ધોળકા તાલુકાના પાણી ભરાવાથી અસરગ્રસ્ત વિસ્તારોનો સંયુક્ત સર્વે હાથ ધરી, સ્થળવાર સમસ્યા તથા જરૂરી કામોની યાદી તૈયાર કરી, પ્રાથમિકતા મુજબ DPR/અંદાજ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવા સૂચિત છે.

૩૫	**"Integrated District Human Development through Smart Anganwadis, Nutrition & Anaemia Reduction, Child Education, Interlinked Libraries and Community-Based Tourism"** **પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશો (Project Objectives):** **૧. સ્માર્ટ આંગણવાડી:** • આંગણવાડીને ડિજિટલ અને ઇન્ટરેક્ટિવ લર્નિંગ સેન્ટર તરીકે વિકસાવવી.બાળક-અનુકૂળ માળખાકીય સુવિધાઓ ઉભી કરવી. • બાળકોના વૃદ્ધિ અને પોષણનું મોનિટરિંગ સિસ્ટમ વિકસાવવું. • વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી. • આંગણવાડી પરફોર્મન્સ ડેશબોર્ડ તૈયાર કરવું. **૨. પોષણ અને એનિમિયા નિવારણ:** • બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવો. • સગર્ભા મહિલાઓ અને કિશોરીઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવું. • IFA ટેબ્લેટના ઉપયોગનું અનુપાલન (Compliance) વધારવું. • સ્થાનિક પોષક આહાર આધારિત મોડેલો વિકસાવવા.આંગણવાડી/શાળાઓમાં પોષણ બગીચા (Nutrition Garden) વિકસાવવા. • ઉચ્ચ જોખમ ધરાવતા લાભાર્થીઓની વહેલી ઓળખ કરવી. **૩. બાળ શિક્ષણ અને લાઇબ્રેરી નેટવર્ક:** • બાળકોમાં વાંચન સંસ્કૃતિનો વિકાસ કરવો.શાળા અને આંગણવાડીમાં રીડિંગ કોર્નર સ્થાપવા. • ગામ/સમુદાય કક્ષાએ લાઇબ્રેરીઓ સ્થાપવી અને સક્રિય કરવી. • તમામ લાઇબ્રેરીઓને એકબીજા સાથે જોડવી (Interlinking). • પુસ્તકોની આપ-લે માટેનું નેટવર્ક બનાવવું. • મોબાઇલ અને ડિજિટલ લાઇબ્રેરી શરૂ કરવી. **૪. પ્રવાસન અને સ્થાનિક જ્ઞાન:** • ઓછા જાણીતા પ્રવાસન અને વારસાગત સ્થળોનું મેપિંગ કરવું. • સ્થાનિક ઇતિહાસને શાળા શિક્ષણ સાથે સાંકળવો. • બાળકો માટે હેરિટેજ ક્લબ બનાવવા.સમુદાય આધારિત પ્રવાસન (Community-Based Tourism) ને પ્રોત્સાહન આપવું. • પ્રવાસન પ્રવૃત્તિમાં યુવાનોની ભાગીદારી વધારવી.સ્થાનિક કારીગરો અને રોજગારીને પ્રવાસન સાથે જોડવી. **૫. જિલ્લા વિકાસ ડેશબોર્ડ:**	કલેક્ટર કચેરી, ગાંધીનગર	કલેક્ટરશ્રી, ગાંધીનગર

	• પોષણ, એનિમિયા, આંગણવાડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્કૂલ રેડીનેસ, વાંચન ક્ષમતા, લાઈબ્રેરી વપરાશ અને પ્રવાસન ભાગીદારી માટે માપી શકાય તેવા સૂચકાંકો (KPIs) વિકસાવવા. **પાયલોટ પ્રોજેક્ટ મોડેલ:** "Smart Anganwadi – Smart Library – Smart Village Model" ૫ થી ૧૦ ગામો પસંદ કરી નીચેના મોડેલનું પાયલોટ ધોરણે અમલીકરણ કરવું: સ્માર્ટ આંગણવાડી → સ્વસ્થ બાળક → પ્રારંભિક શિક્ષણ અને રીડિંગ કોર્નર → શાળા લાઈબ્રેરી → ગામ લાઈબ્રેરી → ડિજિટલ જિલ્લા લાઈબ્રેરી નેટવર્ક → સ્થાનિક વારસો અને પ્રવાસન શિક્ષણ આ મોડેલ દ્વારા ફેલોશીપને સ્પષ્ટ ફિલ્ડ કમ્પોનન્ટ, માપી શકાય તેવા પરિણામો અને સમગ્ર જિલ્લામાં પુનરાવર્તિત (Replicable) કરી શકાય તેવું માળખું મળશે.		
૩૬	જીલ્લામાં આવેલ વિવિધ હેરીટેજ સાઈટો, ધાર્મિક સ્થળો, વાઈલ્ડલાઈફ તથા બીચોને પ્રવાસન સ્થળો તરીકે વિકસાવવા	કલેક્ટર કચેરી, જુનાગઢ	કલેક્ટરશ્રી, જુનાગઢ
૩૭	**જામનગર જિલ્લામાં નેશનલ હાઈવે ૧૫૧–એ (ધ્રોલ થી જામનગર) પર અકસ્માત નિવારણ અને માર્ગ સુરક્ષા** **પ્રોજેક્ટની મુખ્ય પ્રવૃત્તિઓ (Key Activities)** ૧. નેશનલ હાઈવે ૧૫૧–એ (ધ્રોલ થી જામનગર) રોડ સેફ્ટી ઓડિટ અને જંક્શન સુધારણા: • અકસ્માત માટે સંવેદનશીલ સ્થળોનું રોડ સેફ્ટી ઓડિટ કરવું. • ધ્રોલ જંક્શન સહિત ૧૦ જેટલા સંવેદનશીલ સ્થળો માટે સેફ્ટી ડિઝાઇન તૈયાર કરવી. • ૧ મુખ્ય જંક્શનમાં મોટો સુધારાત્મક ફેરફાર કરવો. • ૨ થી ૩ સ્થળો પર પાયાની માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવો. ૨. ડ્રાઈવરોનું આરોગ્ય અને કલ્યાણ (Driver Health & Wellness Initiative): • મોબાઈલ હેલ્થ ચેક–અપ વાનની વ્યવસ્થા. • ૨૦,૦૦૦ ડ્રાઈવરોની આરોગ્ય તપાસણી કરવી (જેમાં આંખની તપાસ, કલર બ્લાઈન્ડનેસ, બ્લડ પ્રેશર અને બ્લડ શુગર સામેલ છે). • ડ્રાઈવરોને સેફ્ટી કિટનું વિતરણ. ૩. શાળા આધારિત માર્ગ સુરક્ષા પ્રવૃત્તિઓ (School-Based Road Safety Activities): • ૫૦૦ શાળાઓમાં શિક્ષકો માટે ૩ થી ૪ કલાકનો ટ્રેનિંગ પ્રોગ્રામ રાખવો. • ૧૫૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રોડ સેફ્ટી જાગૃતિ સત્ર	કલેક્ટર કચેરી, જામનગર	કલેક્ટરશ્રી, જામનગર

	યોજવા. • ૨ "સેફ સ્કૂલ ઝોન" વિકસાવવા. ૪. ડ્રાઈવિંગ તાલીમ કાર્યક્રમ (Defensive Driving Training): • ૨૦૦ સ્કૂલ બસ, જી.એસ.આર.ટી.સી. (GSRTC) અને જામનગર મહાનગરપાલિકા (JMC) ના ડ્રાઈવરો માટે ડિફેન્સિવ ડ્રાઈવિંગ તાલીમ પૂરી પાડવી.		
૩૮	**મહાનગરપાલિકા સ્માર્ટ ગ્રીવન્સ રીડ્રેસલ સુદ્રઢીકરણ, પ્રોએક્ટિવ સર્વિસ ડિલિવરી** વિઝન અને મુખ્ય ઉદ્દેશ્યો (Project Vision & Executive Objectives): • રિએક્ટિવમાંથી પ્રોએક્ટિવ ગવર્નન્સ (Reactive to Proactive Governance): નાગરિક ફરિયાદ કરે પછી ઉકેલ લાવવાને બદલે, ડેટા એનાલિટિક્સ દ્વારા સમસ્યાઓ ઉદ્ભવે તે પહેલાં જ તેનું કાયમી નિવારણ (Preventive Maintenance) કરવું. • ઝીરો ગ્રીવન્સ અને ક્વોલિટી એશ્યોરન્સ: ફરિયાદોના પુનરાવર્તન (Repeat Complaints) અટકાવી સેવાઓની ગુણવત્તામાં વધારો કરવો. • માઇક્રો-લેવલ ડેશબોર્ડ સિંક્રોનાઇઝેશન: મહાનગરપાલિકાના તમામ મુખ્ય Key Performance Indicators (KPIs) અને નાગરિક સેવાઓને ડેશબોર્ડ સાથે રિયલ-ટાઇમ ઈન્ટિગ્રેટ કરી પારદર્શક અને ઝડપી મોનિટરિંગ સ્થાપિત કરવું. **સી.એમ. ફેલો (CM Fellow)ની કામગીરી (Key Deliverables):** (A) ગ્રીવન્સ સિસ્ટમનું ડેટા ડ્રિવન એનાલિસિસ (Data-Driven Grievance Analytics): • ઈન્ટેલિજન્ટ ડેટા મેપિંગ: CPGRAMS, PG Portal, કંટ્રોલ રૂમ, સિટીઝન એપ અને વોટ્સએપ બોટ પર મળતી તમામ ફરિયાદોનું વોર્ડ-વાઇઝ અને ઝોન-વાઈઝ ક્લસ્ટરિંગ (Heat Map) તૈયાર કરવું. • હાઇ-વોલ્યુમ ફરિયાદોનું રૂટ કોઝ એનાલિસિસ (Root Cause Analysis): નાગરિક સુવિધાઓ: રસ્તા પર ખાડા, રોડ રીસરફેસિંગ, બંધ સ્ટ્રીટ લાઇટ. • ઘન કચરા વ્યવસ્થાપન: ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની સમયપાલન, ઓપન ડમ્પિંગ સાઇટ્સ, રખડતા ઢોર. • પાણી અને ગટર: પીવાના દૂષિત પાણી/ઓછા પ્રેશરની સમસ્યાઓ અને ભૂગર્ભ ગટર લીકેજ. • મહેસૂલ અને ડિજિટલ સેવાઓ: પ્રોપર્ટી ટેક્સ બિલિંગ મિસ્ટેક અને ઓનલાઇન અસેસમેન્ટ.	રાજકોટ મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા

	• પરફોર્મન્સ ટ્રેકિંગ: કયા વિભાગ/ઈજનેર કે કોન્ટ્રાક્ટરના વિસ્તારમાં વારંવાર ફરિયાદો આવે છે અને સમયમર્યાદા (SLA) નો ભંગ થાય છે તેનો વહીવટી સ્કોરબોર્ડ તૈયાર કરવો. (B) પ્રોએક્ટિવ અને ઝીરો-ગ્રીવન્સ મેકેનિઝમ (Preventive Strategy): • પ્રિકર્સર મોનિટરિંગ (Precursor Monitoring): ચોમાસા પહેલા ગટર સફાઈ, રસ્તાના ક્રોસ-વેરિફિકેશન અને ચોક્કસ વિસ્તારોમાં પાણીની લાઇનોના ચેકિંગનું અગાઉથી લિસ્ટિંગ કરવું જેથી ફરિયાદો જ ઉત્પન્ન ન થાય. • સિટીઝન ફીડબેક લૂપ (Closing the Loop): ફરિયાદ 'Disposed' થતાં જ સિસ્ટમ દ્વારા ઓટોમેટેડ IVR/SMS દ્વારા નાગરિક પાસેથી ફીડબેક લેવો. જો નાગરિક અસંતોષ વ્યક્ત કરે તો ફરિયાદ આપોઆપ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના ડેશબોર્ડ પર 'Re-open' થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. (C) ડેશબોર્ડ રિયલ-ટાઇમ ઇન્ટિગ્રેશન (Dashboard Alignment): • KPIs અપડેશન અને ફ્લેગશિપ મોનિટરિંગ: સ્માર્ટ સિટી મિશન, અમૃત યોજના, પ્રોપર્ટી ટેક્સ કલેક્શન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને ગ્રીવન્સ સોલ્યુશન રેટ જેવા અતિ મહત્વના આંકડાઓને ડેશબોર્ડ પર લાઈવ ઇન્ટિગ્રેટ કરવા. • અર્બન હેલ્થ અને ઈમરજન્સી મોનિટરિંગ: મોસમી રોગચાળાનું ટ્રેકિંગ, અર્બન હેલ્થ સેન્ટરોની કામગીરી અને મુખ્ય માળખાકીય કેપિટલ વર્ક્સ (Projects) નું પ્રોગ્રેસ ડેશબોર્ડના ક્રાઈટેરિયા મુજબ અપડેટ રાખવું. (D) નિર્ણય શક્તિ માટે એક્ઝિક્યુટિવ રિપોર્ટિંગ (Executive Reporting): • લગત ઝોનના નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીને દર અઠવાડિયે "Executive Grievance & CM Dashboard Analytics Summary" તૈયાર કરી રજૂ કરવી. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની શ્રેષ્ઠ મહાનગરપાલિકાની Best Practices અભ્યાસ કરી સ્થાનિક વહીવટમાં અમલીકરણ કરાવવું. પરિણામો અને ઈમ્પેક્ટ (Expected Outcomes & Key Impact): • ફરિયાદોમાં ૨૫% થી ૩૦% નો સીધો ઘટાડો: કાયમી ઉકેલો દ્વારા જાહેર ફરિયાદોમાં મોટો ઘટાડો. • ઝડપી નિકાલ (Improvement in SLA): ફરિયાદોના નિકાલના સરેરાશ સમયમાં સુધારો. • કમિશનર કક્ષાએ સુચારુ ટ્રેકિંગ: ડેશબોર્ડ દ્વારા		

	મહાનગરપાલિકાની કામગીરીનું કાયમી, પારદર્શી અને ડેટા-આધારિત મોનિટરિંગ		
૩૯	**શહેરી કચરાનું રીસાયકલીંગ – પ્રવાહી અને ઘન કચરો** **પ્રોજેક્ટનું વિઝન અને મુખ્ય ઉદ્દેશ્યો (Project Vision & Executive Objectives) :** **વિઝન (Vision):** • શહેરના વિસ્તારમાં વૈજ્ઞાનિક, ટકાઉ અને ઝીરો-વેસ્ટ (Zero-Waste) આધારિત ઘન કચરા વ્યવસ્થાપન (SWM) પ્રણાલી સ્થાપિત કરવી. • કચરાના સ્ત્રોત પર જ વર્ગીકરણ (source segregation) વધારીને લેગસી વેસ્ટ અને લેન્ડફિલ સાઈટ્સ પરનો ભાર નહિવત કરવો. • શહેરમાંથી ઉત્પન્ન થતા ગંદા પાણીનું અસરકારક રીતે શુદ્ધિકરણ કરી તેને રીસાયકલીંગ મારફતે પુનઃઉપયોગ કરી પર્યાવરણનું રક્ષણ, અને સ્વચ્છ તથા ટકાઉ શહેરનું નિર્માણ કરવું. **મુખ્ય ઉદ્દેશ્યો (Key Objectives):** • સોર્સ સેગ્રીગેશન અને કલેક્શન સુધારણા: રહેણાંક અને વ્યાપારી એકમોમાંથી ભીનો, સૂકો અને જોખમી કચરો ૧૦૦% અલગ એકત્રિત થાય તે સુનિશ્ચિત કરવું. • પ્રોસેસિંગ ક્ષમતામાં વૃદ્ધિ: બાયો-સીએનજી (Bio-CNG), વેસ્ટ-ટુ-સ્ટીમ / વેસ્ટ-ટુ-એનર્જી (WtE), મટીરિયલ રિકવરી ફેસિલિટી (MRF) અને કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલિશન (C&D) પ્લાન્ટ્સની કાર્યક્ષમતા વધારવી. • ડેટા-આધારિત મોનિટરિંગ: કચરાના કલેક્શન વાહનોનું જીપીએસ ટ્રેકિંગ, આરએફઆઈડી (RFID) અને સ્માર્ટ સેન્સર્સ દ્વારા રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવું. • નિયમનકારી પાલન: સ્વચ્છ ભારત મિશન (SBM-U), CPCB અને GPCB ના ધારાધોરણો તેમજ EPR (Extended Producer Responsibility) નું ચુસ્ત પાલન કરાવવું. • ગંદા પાણીનું ધોરણસર શુદ્ધિકરણ કરી નદીમાં યોગ્ય નિકાલ કરીને સિંચાઈમાં ઉપયોગ કરી પર્યાવરણનું જતન કરવું. • શુદ્ધ કરેલ ગંદા પાણીનો ગાર્ડનિંગમાં ઉપયોગ કરવો. • Treated Water નો રસ્તા સફાઈ, કન્સ્ટ્રક્શન સાઈટમાં ઉપયોગ કરવો. • ઉત્પન્ન થયેલ Sludgeનો ગાર્ડનિંગ માં ઉપયોગ કરવો. **સી.એમ. ફેલો (CM Fellow)ની કામગીરી અને મુખ્ય જવાબદારીઓ(Key Deliverables) :** **પ્રોજેક્ટ પ્લાનિંગ અને સંકલન (Project Planning & Coordination):**	અમદાવાદ મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા

	• સંબંધિત વિભાગો (જેમ કે મ્યુનિસિપલ કોર્પોરેશન, GPCB, CMO ડેશબોર્ડ અને ખાનગી એજન્સીઓ) વચ્ચે સંકલન સાધવું. • પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) હેઠળ ચાલતા વિવિધ વેસ્ટ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સનું ટ્રેકિંગ કરવું. **ડેટા એનાલિટિક્સ અને મોનિટરિંગ (Data Analytics & Monitoring):** • કલેક્શન અને ટ્રાન્સપોર્ટેશન ડેટા, પ્રોસેસિંગ પ્લાન્ટ્સની રોજિંદી ક્ષમતા (TPD) અને પરફોર્મન્સ મેટ્રિક્સનું વિશ્લેષણ કરવું. • ગ્રાઉન્ડ લેવલના અવરોધો (bottlenecks) ઓળખી ઉચ્ચ અધિકારીઓને રિપોર્ટ અને નીતિગત ભલામણો રજૂ કરવી. **ઈનોવેશન અને ટેક્નોલોજી એકીકરણ (Innovation & Best Practices):** • ગ્રીન હાઈડ્રોજન, મિથેનોલ, ટોરેફેક્શન ટેકનોલોજી કે આધુનિક ટ્રોમેલ/બાયો-માઈનિંગ જેવી નવીન ટેકનોલોજીના અમલીકરણ માટે સંશોધન અને પાયલટ પ્રોજેક્ટ્સની ડિઝાઈન કરવી. • અન્ય સફળ વૈશ્વિક અને રાષ્ટ્રીય મોડલ્સ (દા.ત. C40 સિટીઝ ઈનિશિયેટિવ્સ) નો સ્થાનિક સ્તરે અભ્યાસ કરી લાગુ કરવો. **ફિલ્ડ વિઝિટ અને ક્વોલિટી એશ્યોરન્સ (Field Visits & Inspection):** • પ્રોસેસિંગ સાઈટ્સ, ડમ્પિંગ યાર્ડ અને ટ્રાન્સફર સ્ટેશનોની નિયમિત મુલાકાત લઈ થર્ડ-પાર્ટી ઈન્સ્પેક્શન (TPI) સાથે ગુણવત્તા તપાસવી. **STP ના દૈનિક પ્રવાહ (MLD), inlet/outlet quality અને plant performanceનું મોનિટરિંગ.** **Laboratory test reportsનું વિશ્લેષણ અને performance tracking. Treated Water અને Sludgeના પુનઃઉપયોગની શક્યતાઓ શોધવી.** **Energy consumption, chemical consumption અને O&M ખર્ચનું વિશ્લેષણ.** **SOP મુજબ કામગીરી થાય તેની દેખરેખ.** **માસિક/સાપ્તાહિક Performance Report તૈયાર કરવી.** **કામગીરીમાં સુધારા માટે સૂચનો અને Action Plan તૈયાર કરવો.** **STP સંબંધિત ડેટાનું digital documentation અને dashboard/reporting કરવું.** **પ્રોજેક્ટના મુખ્ય પરિણામો અને ઇમ્પેક્ટ (Expected Outcomes & Key Impact) :** **પર્યાવરણીય પ્રભાવ (Environmental Impact):** લેન્ડફિલ સાઈટ્સ પર કચરો જતો અટકાવવાથી મીથેન અને		

	ગ્રીનહાઉસ વાયુ ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો. લેગસી વેસ્ટના બાયો–માઈનિંગ દ્વારા કિંમતી જમીન પુનઃપ્રાપ્ત (land reclamation) થવી. **આર્થિક અને ઊર્જા સુરક્ષા (Economic & Circular Economy):** બાયો–સીએનજી, ઊર્જા અને રિસાયકલ સામગ્રીના ઉત્પાદનથી વર્તુળાકાર અર્થતંત્ર (Circular Economy) ને વેગ અને મ્યુનિસિપલ કોર્પોરેશન માટે આવકના નવા સ્ત્રોત. **નાગરિક સુવિધા અને સ્વચ્છતા રેન્કિંગ:** કચરાના વ્યવસ્થિત નિકાલથી સ્વચ્છ ભારત મિશન / સ્વચ્છ સર્વેક્ષણ રેન્કિંગમાં સુધારો. શહેરી સ્વચ્છતા અને નાગરિકોના જાહેર આરોગ્યમાં ગુણાત્મક સુધારો. **STPની ટ્રીટમેન્ટ કાર્યક્ષમતામાં વધારો.** **Treated Sewageની ગુણવત્તામાં સુધારો અને પર્યાવરણ પ્રદૂષણમાં ઘટાડો.** **શુદ્ધ થયેલા પાણીના પુનઃઉપયોગમાં વધારો.** **Sludgeનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન અને સંભવિત resource recovery.** **વીજળી, કેમિકલ અને O&M ખર્ચમાં ઘટાડાની શક્યતા.** **શહેરમાં Water Reuse, Resource Recovery અને Sustainable STP Managementને પ્રોત્સાહન.**		
૪૦	**શહેરી કચરાનું રીસાયકલીંગ – પ્રવાહી અને ઘન કચરો** **પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ (Aim of the Project):** • ઘન કચરા વ્યવસ્થાપન: ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતા ઘન કચરાના કલેક્શન, ટ્રાન્સપોર્ટેશન અને પ્રોસેસિંગ સિસ્ટમનું એનાલિસિસ કરી ઘન કચરા વ્યવસ્થાપનને વૈજ્ઞાનિક, પર્યાવરણલક્ષી અને ટકાઉ પદ્ધતિથી વ્યવસ્થાપન તથા મહત્તમ પુનઃઉપયોગ/રીસાયકલિંગ થઈ શકે તેવું બનાવવું. • સો.વે.મે. રૂલ્સ ૨૦૨૬ નું અમલીકરણ: સો.વે.મે. રૂલ્સ ૨૦૨૬ નું પાલન થાય તે માટે નિયમોના અમલમાં રહેલી ખામીઓનું એનાલિસિસ કરી અને સમયબદ્ધ ફોલો–અપ સિસ્ટમ વિકસાવવી જેથી સમયમર્યાદામાં રૂલ્સનું અમલીકરણ થઈ શકે. • ડિજિટલ ફરિયાદ પોર્ટલ: પોર્ટલ પર આવતી વિવિધ ફરિયાદોનું એનાલિસિસ કરવું જેથી નાગરિકોની સુવિધા વધુ ઝડપી બનાવી શકાય. • ડિજિટલ મોનીટરીંગ: વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વેસ્ટ કલેક્શન, ટ્રાન્સપોર્ટેશન, પ્રોસેસિંગનું વધુ અસરકારક મોનીટરીંગ થઈ શકે તે માટે સિસ્ટમ વિકસાવવી.	ભાવનગર મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા

	ઈન્ટીગ્રેટેડ ડેશબોર્ડ: • વેસ્ટ કલેક્શન અને ટ્રાન્સપોર્ટેશનના મોનીટરીંગ માટે હયાત સિસ્ટમ સાથે સીટીઝનની વેસ્ટ કલેક્શન માટે આવતી ફરિયાદોનું ઈન્ટીગ્રેશન કરવું. વેસ્ટ કલેક્શનની સેવા વધુ ઝડપી બનાવી શકાય અને ફરિયાદો ઘટાડી શકાય. **ઘન કચરા વ્યવસ્થાપનના અન્ય પ્રશ્નોનું વિશ્લેષણ:** • ઘરે થી જ કચરાના સેગ્રીગેશન, ઓન સાઈટ વેટ વેસ્ટ પ્રોસેસિંગ, બલ્ક વેસ્ટ જનરેટરો માટેનું ઓનસાઈટ વેટ વેસ્ટ પ્રોસેસિંગ કરે તે માટે જરૂરી એનાલિસિસ કરવું. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી અને ટેક્નોલોજીનો ઉપયોગ:** • વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમમાં હયાત જી.પી.એસ. મોનીટરીંગ સિસ્ટમનો અભ્યાસ કરી જરૂરી સૂચનો / સુધારાઓ સૂચવવા. • ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત વેસ્ટ કલેક્શન & ટ્રાન્સપોર્ટેશન, વેસ્ટ સિગ્રીગેશન અને વેસ્ટ પ્રોસેસિંગમાં અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી મળતમ વેસ્ટ નું રી–યુઝ–રિસાયકલિંગ થાય અને મીનીમમ વેસ્ટ ડમ્પસાઈટ ખાતે નિકાલ થાય તે માટે ગેપ એનાલિસીસ તેમજ જરૂરી સૂચનો પૂરા પાડવા. **અપેક્ષિત પરિણામો:** • ઘન કચરા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવી શકાય. શહેરની સ્વચ્છતા, પર્યાવરણ અને જાહેર આરોગ્ય સંબંધિત વ્યવસ્થામાં સુધારો. • નાગરિકોને આપવામાં આવતી સેવામાં વધારો, ફરિયાદોમાં ઘટાડો તેમજ સિસ્ટમમાં સુધારો. • વેસ્ટ મેનેજમેન્ટમાં નાગરિકોની ફરજો / જવાબદારીઓ પ્રત્યે વધુ સજાગતા લાવી શકાશે.		
૪૧	**જીએમસી સેવાઓ અને વસૂલાતનું જી.આઈ.એસ. આધારિત એકીકૃત મિલકત અને એસેટ રજિસ્ટર સાથે પ્રગતિશીલ એકીકરણ** **ટૂંકું નામ :- એક મિલકત, એક ઓળખ (One Property, One Identity)** **પૃષ્ઠભૂમિ :-** જામનગર મહાનગરપાલિકા પાસે તેની હદમાં આવેલી મિલકતો અને અસ્કયામતોનું એક પણ વિશ્વસનીય અને એકીકૃત રજિસ્ટર ઉપલબ્ધ નથી. દરેક વિભાગ પોતાના અલગ રેકોર્ડ નિભાવે છે, જેમાં કોઈ સામાન્ય ઓળખ નંબર (Common Identifier) નથી, અને આ રેકોર્ડ એકબીજા સાથે કે સ્થળ પરિસ્થિતિ સાથે સુસંગત નથી: • કરવેરા આધાર: દફતરે નોંધાયેલ ૩.૧૮ લાખ મિલકતો પૈકી આશરે ૨.૦૮ લાખ મિલકતો જ મિલકત વેરો ભરે છે, જ્યારે	જામનગર મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા

અન્ય કાર્યકારી અંદાજ મુજબ કુલ મિલકતો આશરે ૨.૪ લાખ જેટલી છે. વાસ્તવિક કર આધાર જ નિશ્ચિત થયેલ નથી.

- પાણી: મિલકત આધાર સામે આશરે ૧.૬–૧.૭ લાખ કાયદેસરના પાણીના જોડાણો અસ્તિત્વ ધરાવે છે, જે મોટી સંખ્યામાં બિનનોંધાયેલ જોડાણો સૂચવે છે.
- સેવાઓ: તમામ ફરિયાદો માટે ફરિયાદ સ્થળ નોંધવામાં આવતું નથી, ઘન કચરા વ્યવસ્થાપન (SWM) માટે વોર્ડવાઇઝ ઘરોની ગણતરી અંદાજિત છે, અને મ્યુનિસિપલ જમીન અને અસ્કયામતો એક સામાન્ય નકશા પર મેપ કરેલ નથી.
- ચાલુ જી.આઈ.એસ. રજિસ્ટર: આ પ્રશ્નના નિવારણ માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા જી.આઈ.એસ. રજિસ્ટર વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

પરિણામે મહેસૂલી નુકસાન, નબળો આયોજન ડેટા અને સેવા કવરેજ કે અનુપાલન અંગે મિલકત–સ્તરનો કોઈ સ્પષ્ટ ચિતાર મળતો નથી. નવું જી.આઈ.એસ. રજિસ્ટર કોર્પોરેશનના વિવિધ સંલગ્ન પડકારોના સુધારણામાં નોંધપાત્ર સંભાવના ધરાવે છે તેવું જણાય છે.

ઉદ્દેશ્યો :-

- એક સુસંગત જી.આઈ.એસ. લિંક્ડ રજિસ્ટર સ્થાપિત કરવું જેમાં દરેક મિલકત, મ્યુનિસિપલ એસેટ અને ફિલ્ડ ઈવેન્ટ એક સામાન્ય સંદર્ભ ધરાવતી હોય.
- જી.આઈ.એસ. એજન્સી સાથે રોલ–આઉટ માટે સંકલન કરવું.
- મિલકત વેરા આધારનો વિસ્તાર કરવો અને તમામ મિલકત–સંલગ્ન લેણાંની વસૂલાતમાં સુધારો કરવો.સેવાઓ, પરવાનગીઓ, આયોજન સ્થિતિ અને કલ્યાણકારી રેકોર્ડને ક્રમશઃ રજિસ્ટર સાથે જોડવા અને દરેક મિલકતને તેના સેવા ઝોન સાથે ટેગ કરવી.
- ફેલોશીપ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહે તેવી વિભાગ–માલિકીની સિસ્ટમ અને એસ.ઓ.પી. પાછળ મૂકી જવી.

વ્યાપ અને ઘટકો :-

રજિસ્ટર ત્રણ સ્તરોમાં બનાવવામાં આવશે: Property ID (પરિસર, માલિક, કબજેદાર), Asset ID (જામનગર મહાનગરપાલિકા માલિકીની જમીન અને માળખાગત સુવિધા) અને Location Reference (ફિલ્ડ ઈવેન્ટ્સ). ઘટક–A એ પ્રથમ વર્ષની પ્રતિબદ્ધ ડિલિવરેબલ છે; અન્ય ઘટકો ક્રમશઃ જોડવામાં આવશે.

કક્ષા ૧ – Property ID

A. વસૂલાત :– મિલકત વેરો, પાણી અને ગટર ચાર્જ, SWM યુઝર ચાર્જ, સંસ્થાઓનો વ્યવસાય વેરો, મિલકત–સંલગ્ન દંડ

B. પાણી અને ગટર સેવાઓ :– પાણીના જોડાણ

	(સાઇઝ/પ્રકાર), અનધિકૃત જોડાણો, ખાનગી બોર, ગટર જોડાણ કે સેપ્ટિક ટેન્ક સ્થિતિ C. ઘન કચરો :- ડોર-ટુ-ડોર કવરેજ, વર્ગીકરણ અનુપાલન, બલ્ક વેસ્ટ જનરેટર, SWM Rules 2026 માટે ઘર/વાણિજ્યિક ગણતરી D. પરવાનગી અને લાયસન્સ :- બાંધકામ પરવાનગી, બી.યુ. પરવાનગી, અનધિકૃત બાંધકામ, ફાયર NOC, ટ્રેડ/ફૂડ લાયસન્સ, હોર્ડિંગ્સ, મોબાઇલ ટાવર, પશુ-નિભાવ લાયસન્સ E. આયોજન અને જમીન સ્થિતિ :- ટી.પી. સ્કીમ ફાઇનલ પ્લોટ, ઝોનીંગ, અનામત, રોડ-વિડનિંગ/ડી.પી. રોડ અસર, પૂરગ્રસ્ત અને હેરિટેજ સ્થિતિ, કોર્ટ કેસ F. જાહેર આરોગ્ય અને કલ્યાણ :- રેઈનવોટર હાર્વેસ્ટિંગ/રિચાર્જ સ્ટ્રક્ચર, વેક્ટર-કંટ્રોલ સર્વે રેકોર્ડ, PMAY અને સ્લમ પુનર્વસન લાભાર્થી **કક્ષા ૨ – Asset ID** G. મ્યુનિસિપલ જમીન અને અસ્કયામતો :- JMC જમીન અને ભાડાની દુકાનો/સ્ટોલ, રસ્તા, ગટર, ESRs, સ્ટ્રીટલાઇટ, જાહેર શૌચાલય, બગીચા, વૃક્ષો, સાઇડ શોલ્ડર **કક્ષા ૩ – Location Reference** H. ફરિયાદો અને ફિલ્ડ ઇવેન્ટ્સ :- નાગરિક ફરિયાદો, પાણી ભરાવાના સ્થળો, દબાણો, રખડતા પશુ હોટસ્પોટ, જે મિલકત/એસેટ કે સ્થળ સાથે લિંક થયેલ **ક્રોસ-ચેક – બાહ્ય ડેટા** • ગુમ થયેલ મિલકતોની શોધ :- PGVCL વીજળી અને ગુજરાત ગેસ PNG ગ્રાહકો, સિટી સર્વે મિલકત કાર્ડ, સબ-રજિસ્ટ્રાર વેચાણ દસ્તાવેજ, GST નોંધણી **સર્વિસ ઝોન ટેગિંગ:** દરેક મિલકતમાં તેનો વોર્ડ, ટેક્સ બીટ, સેનિટેશન બીટ, કચરા રૂટ, ડ્રેનેજ કેચમેન્ટ, ESR કમાન્ડ એરિયા અને વાલ્વ ઓપરેટિંગ એરિયા હશે. ફેલોને ઉપરોક્ત કાર્યક્ષેત્રમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સમયાંતરે સંબંધિત કાર્યો સોંપવામાં આવી શકશે. **ફેલોની ભૂમિકા :** • સંબંધિત એજન્સી અને લાઇન વિભાગો સાથે સંકલન કરી જી.આઈ.એસ. પ્રોજેક્ટના રોલ-આઉટને વેગ આપવો એ ફેલોનું પ્રાથમિક કાર્ય રહેશે. • કરવેરા, વોટર વર્ક્સ, જી.આઈ.એસ. અને અન્ય વિભાગીય તથા બાહ્ય ડેટાસેટનું સમાધાન (Reconcile) અને વિશ્લેષણ કરવું.		

- ડેટા ધોરણો, વોર્ડવાઇઝ વર્કલિસ્ટ, ચકાસણી ફોર્મેટ, વર્કફ્લો અને ડેશબોર્ડ ડિઝાઇન કરવા; જી.આઈ.એસ. એજન્સી ડિલિવરેબલ્સ સ્વીકારવા અને તેનો ઉપયોગ કરવા માટે JMC-પક્ષે કાઉન્ટરપાર્ટ તરીકે કાર્ય કરવું.
- પરિણામોનું નિરીક્ષણ અને અહેવાલ. વૈધાનિક કાર્યવાહી (આકારણી, નોટિસ, વસૂલાત, જોડાણ કાપવા) નિયત અધિકારીઓ પાસે રહેશે; ફેલો આ સત્તાઓનો ઉપયોગ કરશે નહીં.

અભિગમ અને સૂચક તબક્કાવાર આયોજન :

પ્રોજેક્ટ ચાર તબક્કામાં આગળ વધશે. સમયગાળો સૂચક છે અને તબક્કાઓ ઓવરલેપ થઈ શકે છે, અલગ ક્રમમાં ચાલી શકે છે અથવા ડેટા ઉપલબ્ધતા, જી.આઈ.એસ. એજન્સી ડિલિવરેબલ્સ અને ફેલોની ક્ષમતાઓને આધારે મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા પુનઃનિર્ધારિત થઈ શકે છે. દરેક તબક્કામાં ઘટકોનો ક્રમ માસિક સમીક્ષામાં નક્કી કરવામાં આવશે.

I. નિદાન અને બેઝલાઇન :– ડેટાસેટ મેળવવા; ID અને ડેટા ધોરણો નક્કી કરવા; સુસંગત મિલકત આધાર બનાવવો; ખામીઓનું વર્ગીકરણ (બિન–આકારણીપાત્ર, બિન–બિલવાળી, ન ભરનાર, વિવાદિત, સરકારી, ડુપ્લિકેટ/ખાલી); બેઝલાઇન નક્કી કરી લક્ષ્યાંકો પ્રસ્તાવિત કરવા

II. પાયલોટ :– બે પ્રતિનિધિ વોર્ડ (એક મુખ્ય, એક પરિઘ); નમૂના ક્ષેત્ર ચકાસણી; કેટેગરી દીઠ ઉમેરાયેલ મહેસૂલ માપવું; સર્વિસ ઝોન ટેગિંગ શરૂ કરવું; SOPs નો મુસદ્દો તૈયાર કરવો. પાયલોટ વોર્ડની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે.

III. સ્કેલ–અપ :– સંબંધિત શાખાઓને વોર્ડવાઇઝ વર્કલિસ્ટ; સામયિક ટ્રેકિંગ; ડેટા અને વિભાગીય તૈયારી મુજબ અન્ય ઘટકો સુધી વિસ્તરણ

IV. સંસ્થાકીયકરણ :– અંતિમ SOPs; જી.આઈ.એસ. ફેરફાર શોધ અને વિભાગીય કાર્યવાહી વચ્ચે કાયમી લિંક; ડેશબોર્ડ વિભાગોને સોંપવા; હજુ હાથ ધરાયેલ ન હોય તેવા ઘટકો માટે રોડમેપ

ડિલિવરેબલ્સ અને પરિણામ સૂચકાંકો :

નીચેના ડિલિવરેબલ્સ દરેક તબક્કા માટે સૂચક છે. લાગુ સૂચકાંકો અને તેના લક્ષ્યાંકો તબક્કા–I ની બેઝલાઇન પછી નક્કી કરવામાં આવશે અને દર ત્રિમાસિક સમીક્ષા કરવામાં આવશે; ઘટકો હાથ ધરવામાં આવે તેમ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સૂચકાંકો ઉમેરી, દૂર કરી અથવા સુધારી શકાશે.

- ડેટા ધોરણો અને ખામી વર્ગીકરણ સાથે સુસંગત મિલકત આધાર (તબક્કો–I) :– આકારણી રોલમાં ઉમેરાયેલ મિલકતો
- વોર્ડ–સ્તરના તારણો અને ઝોન ટેગિંગ સાથે પાયલોટ રિપોર્ટ (તબક્કો–II) :– વધારાની માંગ ઉભી કરેલ અને વસૂલાત પ્રાપ્ત

	(₹ કરોડમાં) • વોર્ડવાઇઝ વર્કલિસ્ટ, ફોર્મેટ અને SOPs (તબક્કા II-III) :- ઓળખાયેલ/નિયમિત કરાયેલ અનધિકૃત પાણી જોડાણો • હાથ ધરાયેલ ઘટકો માટે વિભાગ-માલિકીના ડેશબોર્ડ (તબક્કો-III) :- યુનિક ID અને ઝોન ટેગ ધરાવતી મિલકતોનો હિસ્સો • બાકીના ઘટકો માટે હેન્ડઓવર રિપોર્ટ અને રોડમેપ (તબક્કો-IV) :- રજિસ્ટર સાથે લિંક થયેલ વિભાગીય ડેટાસેટ • પ્રોજેક્ટના કાર્યક્ષેત્રમાં સોંપવામાં આવે તેવા અન્ય આઉટપુટ :- સમીક્ષામાં નક્કી થયા મુજબ અન્ય સૂચકાંકો		
૪૨	**સ્મીમેર (SMIMER) હોસ્પિટલ – પેશન્ટ એક્સપિરિયન્સ અને ઈન્સ્ટિટ્યુશનલ રિફોર્મ** • સ્મીમેર(સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ) હોસ્પિટલ ઇન્ડોર, ઇમરજન્સી, મેડિકો-લીગલ અને એકેડેમિક સેવાઓ ઉપરાંત દૈનિક ૨,૫૦૦ થી વધુ આઉટપેશન્ટ્સ (**OPD** દર્દીઓ) ને સંભાળે છે. એક રિવ્યૂ આર્કિટેક્ચર તૈયાર કરવામાં આવ્યું છે જેમાં એક KPI રિવ્યૂ મેટ્રિક્સ, એક વ્યવસ્થિત સમીક્ષા બેઠકનો એજન્ડા, પ્રાઇમરી ડેટા-કલેક્શન ફોર્મેટ્સ (F-01 થી F-18), મેકર-ચેકર કંટ્રોલ્સ સાથેની એક SOP, સુધારેલું અધિકારી-વાર ફરજ-ફાળવણી માળખું અને ખોટા રિપોર્ટિંગ સામે કાઉન્ટર-ઇન્ડિકેટર્સ આવરી લેવામાં આવ્યા છે. હોસ્પિટલના એક વોકથ્રુ (નિરીક્ષણ) દરમિયાન કેટલીક સમસ્યાઓ સામે આવી છે જેમાં સુપરવિઝન વગર વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવતી OPD, સર્જિકલ રેસિડેન્ટ બેઠકોમાં ઊંચી ખાલી જગ્યાઓ, મુલતવી રાખેલા સિવિલ/ડીપ-ક્લીનિંગ કામો, પ્રિસ્ક્રિપ્શનનું સ્ટાન્ડર્ડાઈઝેશન ન હોવાને કારણે દર્દીઓનું (હાલમાં બંધ) જેનેરિક સ્ટોરથી દૂર જવું, અને ફેકલ્ટી પર HMIS ડેટા-એન્ટ્રીનો ભારે મેન્યુઅલ લોડ સામેલ છે. ઈ-પ્રિસ્ક્રાઇબિંગ ટૂલના પાયા તરીકે એક ડ્રગ/રેજિમેન રેફરન્સ ડેટાબેઝ (નેશનલ સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ ગાઇડલાઇન્સમાંથી બનાવેલ ૧૧૫ રોગોની વિગતો ધરાવતી ૧૨૫ ડ્રગ-લેવલ રોઝ) તૈયાર કરવામાં આવ્યો છે, જે ફોર્મ્યુલરી-કમિટીની મંજૂરી માટે બાકી છે. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી:** • ક્લિનિકલ અને સપોર્ટ વિભાગોમાં ડેલી મેટ્રિક્સ પાછળના ડેટા ફોર્મેટ્સ અને SOP ના અમલીકરણ અને સ્વીકૃતિમાં મદદ કરવી ઇન્ડોર જેનેરિક સ્ટોરને ફરી શરૂ કરાવવો તેમજ સ્ટોક ઉપલબ્ધ કરાવવો અને ડીન ઓફિસ સાથે પ્રિસ્ક્રિપ્શન સ્ટાન્ડર્ડાઈઝેશન માટે સંકલન સાધવું ISD ટીમ સાથે તબક્કાવાર QMS	સુરત મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા

	અમલીકરણમાં સહયોગ આપવો અને અગાઉથી તૈયાર કરાયેલા ડ્રગ/રેજિમેન ડેટાબેઝમાંથી HMIS ઈ–પ્રિસ્ક્રાઇબિંગ ટૂલને નિર્ધારિત કરી પાઇલટ કરવામાં મદદ કરવી વોકથ્રુ એક્શન પોઇન્ટ્સ (ફેકલ્ટી–મોનિટર કરેલ સ્ટુડન્ટ OPD, રેસિડેન્ટ સીટ ફિલિંગ, ડીપ–ક્લીનિંગ/સિવિલ વર્ક્સ લોગ) ના પૂર્ણ થવા પર નજર રાખવી અને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ તથા DYMC ને માસિક પ્રગતિનો અહેવાલ સોંપવો. **સબસરફેસ યુટિલિટી મેપિંગ – સેન્ટ્રલ GIS સેલ** • SMC ના ટેકનિકલ મંજૂરી અને રોડ કટિંગના કામો અવારનવાર અજ્ઞાત ભૂગર્ભ ઉપયોગિતાઓ (અનોઉન બરિડ યુટિલિટીઝ) ને કારણે ખોરવાય છે, કારણ કે શહેરના રોડ નેટવર્ક માટે કોઈ અધિકાર સબસરફેસ–યુટિલિટી મેપ ઉપલબ્ધ નથી. તમામ ટેન્ડર વિભાગો/રોડ માટે એક નીતિ અને ગવર્નન્સ પેકેજનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે – જે તમામ વિભાગો માટે સબસરફેસ યુટિલિટી ઇન્ફોર્મેશન (SUI) પોલિસી છે, એક પાઇલટ–પ્રોજેક્ટ દસ્તાવેજ (ડિઝાઇન) પાઇલટ–પ્રોજેક્ટ દસ્તાવેજ, એક બ્લાઇન્ડ–વેરિફિકેશન પેમેન્ટ લિંકેજ સાથે ટેન્ડર શરતો અને ગવર્નન્સ માળખું, સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ GIS સેલના કસ્ટોડિયનશિપ હેઠળ સુરત અંડરગ્રાઉન્ડ એસેટ રજિસ્ટર (SUAR) માટેની લાંબી ગાળાની વ્યૂહરચના સાથે જોડાણ અને અન્ય એસેટ–માલિકો ઉપયોગિતાઓ સાથે સહકાર માટે એક MoU ફ્રેમવર્ક – જે અંદાજે ૨૦ રૂટ કિમી GPR-આધારિત સર્વે માટે પાયલટ તરીકે તૈયાર કરાયેલ છે. ૧ કરોડનો પાઇલટ બજેટ સાથે બોટમ–અપ પદ્ધતિથી તૈયાર કરાયેલ છે. ૧ કરોડના મંજૂર પાઇલટ બજેટ સાથે છે. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી:** • બ્લાઇન્ડ–વેરિફિકેશન પેમેન્ટ મિકેનિઝમ સહિત, આશરે ૨૦ કિમીના GPR-આધારિત સબસરફેસ–યુટિલિટી સર્વે પાયલટના ટેન્ડરિંગ અને અમલીકરણમાં સહકાર આપવો. MoU ફ્રેમવર્ક હેઠળ અન્ય એસેટ–ઓનિંગ ઉપયોગિતાઓના (પાણી, ગેસ, ટેલિકોમ, પાવર સાથે) MoU અને ડેટા શેરિંગની વ્યવસ્થા માટે સંકલન કરવું. SUAR ને એક જીવંત, GIS એંકર જનરેટ થયેલ લીંક કરવામાં મદદ કરવી અને ડેટા–ગવર્નન્સ/એક્સેસ મોડેલ વ્યાખ્યાયિત કરવું જેમાં સંવેદનશીલ–એસેટ માસ્કિંગનો સમાવેશ થાય છે. પાઇલટ પ્રોજેક્ટને સમગ્ર શહેરમાં વિસ્તરણ કરવા માટે રોડમેપ અને કોસ્ટ મોડેલની મુસદ્દો તૈયાર કરવી. **IT ગવર્નન્સ અને ડિજિટાઇઝેશન – ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ ડિપાર્ટમેન્ટ (ISD)**		

- ISD ની જવાબદારીઓ એક વ્યાપક કાર્યાત્મક ટેરિટરી ધરાવે છે – જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાગરિક સેવાઓ, સર્વેલન્સ અને ડિજિટલ–ચેનલ ડેવલપમેન્ટ સામેલ છે. એક વ્યવસ્થિત સમીક્ષામાં નજીકના ગાળાના જોખમો (કોઈ ઉત્તરાધિકારી કોન્ટ્રાક્ટ અમલમાં ન હોવાથી CCTV સર્વેલન્સ AMC સમાપ્ત થવી, મંજૂરીઓમાં અટકેલી બહુ વિધ ખરીદીઓ (procurements), અને મધ્ય–૨૦૨૬ માં નાગરિકોની ફરિયાદોમાં થયેલો વધારો) અને પ્રોજેક્ટ ટ્રેકરમાં ડેટા–હાઇજીનની ખામીઓ (જૂના સ્ટેટસ, ડુપ્લિકેટ એન્ટ્રીઓ, ખૂટતા બજેટ, ફાઇબર–એસેટની વિસંગતતાઓ) સામે આવી છે. આને સપોર્ટ કરવા માટે એક મલ્ટિ–શીટ રિવ્યૂ વર્કબુક (લાઈવ ડેશબોર્ડ, રેડ–ફ્લેગ ટ્રેકર, ફૂલ પ્રોજેક્ટ પાઇપલાઇન, સર્વિસ–ટ્રેન્ડ અને ડિજિટાઇઝેશન–પ્રાયોરિટી વ્યૂઝ) બનાવવામાં આવી છે, અને ચેટબોટ ચેનલને ઉચ્ચ–પ્રભાવશાળી, ઝડપથી વિકસતી નાગરિક–સંવાદ ચેનલ તરીકે ઓળખવામાં આવી છે જે સતત રોકાણ માટે યોગ્ય છે.

ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી:

- પ્રોજેક્ટ–પાઇપલાઇન અને રેડ–ફ્લેગ ટ્રેકર્સની માલિકી લેવી અને તેને અપ–ટુ–ડેટ રાખવા; ખરીદી અને કોન્ટ્રાક્ટ–સતતતાના જોખમોને સમાપ્ત કરવા માટે વ્યવસ્થિત સમીક્ષા બેઠકો ચલાવવી. અંતરાયના તફાવતો તરીકે ઓળખાયેલી સૌથી વધુ વોલ્યુમ ધરાવતી કાગળ–આધારિત નાગરિક સેવાઓ (ઝૂ ટિકિટિંગ, જન્મ પ્રમાણપત્રો, લગ્ન નોંધણી) નું ડિજિટાઇઝેશન કરવું. ચેટબોટ ચેનલને ટકાવી રાખવી અને તેનો વિસ્તાર કરવો તથા આગામી ડિજિટાઇઝેશન અંતરાયોને ઓળખવા માટે સેવા–વ્યવહાર (ટ્રાન્ઝેક્શન) ના ડેટાનું વિશ્લેષણ કરવું. CCTV AMC અને લીઝ્ડ લાઇન–નેટવર્ક ટ્રાન્ઝિશન જોખમોના નિવારણમાં સહયોગ આપવો.

પબ્લિક ટ્રાન્સપોર્ટ અને મેટ્રો મલ્ટિ–મોડલ ઈન્ટિગ્રેશન – ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ / સુરત સીટીલિંક લિમિટેડ

- ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ) અને સુરત સીટીલિંક લિમિટેડ (SSSL) ના ડી ફેક્ટો મેનેજિંગ ડિરેક્ટર તરીકે, આ ચાર્જ સિટી બસ અને BRTS સિસ્ટમના રોલ–આઉટ, આગામી ફેઝ–૧ મેટ્રો (ભટાર – ડ્રીમ સિટી કોરિડોર – ૭ સ્ટેશનો), જેનું FY27 માં ગો–લાઇવ અપેક્ષિત છે, તેના માટે ફીડર–નેટવર્ક પ્લાનિંગ, ફેઝ–૧ BRTS - ફેઝ–૨ ડ્રીમ સિટી કોરિડોર પ્લાનિંગ (ભારત સરકારને રિપોર્ટમાં સાતત્ય ચાર્જિંગ, BRTS પ્રાયોરિટી રૂટ્સ સાથે ફોલ–બેક ઓટો–રિક્ષા સિસ્ટમ, ડેપો માટે ઇ–બસ ઇન્ડક્શન માટે દરખાસ્ત), ફેઝ–૧ BRTS

	રૂટ્સ પર હાલમાં ચાલી રહેલો રિપોર્ટ અને હવે તમામ ૩૮ મેટ્રો રૂટ્સ (AFCS, ITMS/AVLS, ટ્રાન્ઝિટ હાર્ડવેર) સુધી વિસ્તરણ અને ৬৪ સાઇટ્સ/૮ ઝોનમાં પે એન્ડ પાર્ક એસ્ટેટ રિવ્યૂ પણ ચાલુ છે. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી:** • ફેઝ–૧ ફીડર–પ્લાનિંગ મેથડોલોજી (ડિમાન્ડ મોડેલ, રૂટ ડિઝાઇન, ટ્રાન્સફર એન્કર્સ) ને ફેઝ–A ઓપનિંગ પહેલા બંને કોરિડોરના તમામ ૩૮ મેટ્રો સ્ટેશનો સુધી વિસ્તારવી ટેકનોલોજી–કોન્ટ્રાક્ટ રિન્યુઅલ નિર્ણયો (AFCS, ITMS/AVLS, ટ્રાન્ઝિટ હાર્ડવેર) અને PWC-સંચાલિત ITMS/AFCS તથા ટ્રાફિક–સિગ્નલ ખરીદીઓ (procurements) માં સહયોગ ઈ–બસ ઇન્ડક્શન વિવાદના નિવારણમાં મદદ કરવી અને રૂટ ૧૭A ના ઇલેક્ટ્રિક–વ્હીકલ શેડ્યુલિંગને આખરી ઓપ આપવો. કેપિટલ–ફંડિંગ (CER) પ્રસ્તાવ અને પે એન્ડ પાર્ક એસ્ટેટ રેશનલાઇઝેશન (તાર્કિકરણ) માં સહયોગ આપવો.		
૪૩	**હાઈસ્પીડ રેલવે કોરિડોર અને વડોદરા સિટી સ્ક્વેર વિકાસ– સંકલિત શહેરી ગતિશીલતા, શહેરી પરિવર્તન અને આર્થિક વિકાસ** પ્રોજેક્ટની સ્થિતિ:– DPR એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. **સમસ્યાનું નિવેદન** • HSR સ્ટેશનનો વિકાસ વડોદરા માટે મહત્વપૂર્ણ પરિવર્તનકારી તક ઊભી કરે છે, પરંતુ આ રોકાણનો મહત્તમ લાભ મેળવવા માટે આસપાસના વિસ્તારના પરિવહન, શહેરી વિકાસ, જાહેર સ્થળો અને આર્થિક પ્રવૃત્તિઓનું સંકલિત આયોજન જરૂરી છે. • કાળા ઘોડા સર્કલ, અમૃત રેલવે સ્ટેશન, HSR સ્ટેશન અને પંડ્યા બ્રિજને જોડતો કોરિડોર વિવિધ પરિવહન વ્યવસ્થાઓ તથા મહત્વપૂર્ણ શહેરી સ્થળોને જોડે છે. ટ્રાફિક પરિભ્રમણ, મુસાફરોના ઇન્ટરચેન્જ, પાર્કિંગ, પગપાળા અવરજવર, પ્રથમ અને અંતિમ માઇલ કનેક્ટિવિટી તથા મુખ્ય સ્થળો સુધીની પહોંચ માટે સંકલિત આયોજન જરૂરી છે. • હાલના શહેરી પર્યાવરણમાં પગપાળા સુવિધાઓ, જાહેર સ્થળો, માર્ગોની ગુણવત્તા, લેન્ડસ્કેપ, સર્વસમાવેશક સુલભતા તથા વડોદરાની સાંસ્કૃતિક અને વારસાગત ઓળખને વધુ મજબૂત કરવાની તક રહેલી છે. • HSR રોકાણનો ઉપયોગ વાણિજ્યિક વિકાસ, MICE, હોસ્પિટાલિટી, પ્રવાસન, TOD તથા ખાનગી રોકાણ માટેની તકો ઊભી કરવા તેમજ Land-Value Capture અને મહાનગરપાલિકાની આવક વધારવા માટેની યોગ્ય વ્યવસ્થાઓ	વડોદરા મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા

વિકસાવવા કરી શકાય છે.

પ્રોજેક્ટ વિઝન

- HSR રોકાણની પરિવર્તનકારી ક્ષમતાનો ઉપયોગ કરીને વડોદરા માટે સંકલિત શહેરી, ગતિશીલતા અને આર્થિક વિકાસ વિસ્તારનું નિર્માણ કરવું, જેમાં HSR વિસ્તારને સુગમ કનેક્ટિવિટી, જીવંત જાહેર સ્થળો, મજબૂત સાંસ્કૃતિક ઓળખ અને રોકાણ આધારિત આર્થિક વિકાસ સાથે શહેરના ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવે

પ્રોજેક્ટના ઉદ્દેશો

- સંકલિત શહેરી વિકાસ: પરિવહન માળખા, જાહેર સ્થળો, વાણિજ્યિક વિકાસ અને સહાયક શહેરી માળખાનું સંકલન કરતું આયોજન માળખું વિકસાવવું.
- સુગમ બહુ–માધ્યમ કનેક્ટિવિટી: HSR, રેલવે, GSRTC અને સ્થાનિક પરિવહન વ્યવસ્થાઓ વચ્ચેના ઇન્ટરચેન્જમાં સુધારો કરવો તથા પ્રથમ અને અંતિમ માઇલ કનેક્ટિવિટી પર ભાર મૂકવો.
- પગપાળા કેન્દ્રિત વિકાસ: પગપાળા અવરજવર, સાયકલિંગ, સર્વસમાવેશક સુલભતા, ક્રોસિંગ, પાર્કિંગ તથા પિક–અપ/ડ્રોપ–ઓફ સુવિધાઓમાં સુધારો કરવો.
- આર્થિક વિકાસ અને રોકાણ: HSR રોકાણના આધારે વાણિજ્ય, હોસ્પિટાલિટી, MICE, પ્રવાસન અને ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહિત કરવું.
- જાહેર સ્થળો અને શહેરની ઓળખ: વડોદરાની સાંસ્કૃતિક અને વારસાગત ઓળખને પ્રતિબિંબિત કરતો વિશિષ્ટ શહેરી કોરિડોર અને સિટી સ્ક્વેર વિકસાવવો.
- નાણાકીય સ્થિરતા: Land-Value Capture, જમીનનું મોનેટાઈઝેશન, PPP તથા આવક ઊભી કરવાના અન્ય માધ્યમોની ઓળખ કરવી.

પ્રોજેક્ટના મુખ્ય ઘટકો

- સંકલિત HSR પ્રિસિન્ક્ટ અને મલ્ટીમોડલ હબ: HSR સ્ટેશન, અમૃત રેલવે સ્ટેશન, GSRTC બસ સ્ટેશન, જાન મહેલ અને સ્થાનિક પરિવહન વ્યવસ્થાઓને સંકલિત પરિભ્રમણ, ઈન્ટરચેન્જ તથા પગપાળા જોડાણો દ્વારા એકીકૃત કરવું.
- ૧.૫ કિ.મી. આઇકોનિક કમ્પ્લીટ સ્ટ્રીટ: સુધારેલ ફૂટપાથ, સાયકલિંગ સુવિધા, લેન્ડસ્કેપિંગ, ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સસ્ટેનેબલ ડ્રેનેજ, લાઈટિંગ, વે–ફાઈન્ડિંગ, વેન્ડિંગ તથા જાહેર સુવિધાઓ સાથે કોરિડોરનો વિકાસ.
- વડોદરા સિટી સ્ક્વેર: કાર્યક્રમો, પ્રદર્શનો, ઉત્સવો, બજારો,

	સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તથા જાહેર પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ નાગરિક અને સાંસ્કૃતિક જાહેર સ્થળનો વિકાસ. • આર્થિક અને MICE વિકાસ: કન્વેન્શન અને એક્ઝિબિશન સુવિધાઓ, હોસ્પિટાલિટી, ઓફિસ, રિટેલ, ડાઇનિંગ, પ્રવાસન અને વાણિજ્યિક પ્રવૃત્તિઓ માટે રોકાણલક્ષી તકો ઊભી કરવી, જેમાં TOD આધારિત તકોનો પણ સમાવેશ થાય. • Land-Value Capture અને આવક નિર્માણ: વાણિજ્યિક વિકાસ, જમીન મોનેટાઈઝેશન, પ્રીમિયમ FSI/વિકાસ હકો, પાર્કિંગ, જાહેરાત, કાર્યક્રમો તથા આવક ઊભી કરવાના અન્ય માધ્યમોનું મૂલ્યાંકન. **CM ફેલોની ફરજો અને મુખ્ય જવાબદારીઓ(મુખ્ય ડિલિવરેબલ્સ)** • DPR સમીક્ષા અને પ્રોજેક્ટ સુવિધા: એમ્પેનલ્ડ કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવનાર DPRની સમીક્ષા અને પ્રોજેક્ટ સુવિધામાં VMCને સહાય કરવી તથા પ્રોજેક્ટના ઉદ્દેશો સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવી. • ટ્રાફિક અને મલ્ટીમોડલ મૂલ્યાંકન: ટ્રાફિક સર્વે, જંકશન, પાર્કિંગ, મુસાફરોની અવરજવર, પગપાળા ગતિશીલતા અને પરિભ્રમણના મૂલ્યાંકનની સુવિધા અને સમીક્ષા કરવી તથા કનેક્ટિવિટી અને ઇન્ટરચેન્જમાં સુધારાઓ ઓળખવામાં સહાય કરવી. • સંકલિત શહેરી વિકાસ સંકલન: HSR, રેલવે, GSRTC, જાન મહેલ, સિટી સ્ક્વેર અને ૧.૫ કિ.મી. કોરિડોરના સંકલનની સમીક્ષા કરવી, જેમાં ગતિશીલતા, જાહેર સ્થળો અને સુલભતા પર ધ્યાન કેન્દ્રિત કરવું. • હિતધારક અને આંતર–સંસ્થાકીય સંકલન: VMCના વિભાગો, રેલવે/NHSRCL, GSRTC, ટ્રાફિક પોલીસ, પરિવહન અને આયોજન સત્તાધિકારીઓ, યુટિલિટી વિભાગો તથા અન્ય હિતધારકો સાથે સંકલન કરવામાં સહાય કરવી તથા મંજૂરીઓ અને આંતર–સંસ્થાકીય મુદ્દાઓનું ટ્રેકિંગ કરવું. • આર્થિક, નાણાકીય અને PPP સુવિધા: વાણિજ્યિક, MICE, TOD અને રોકાણની તકો, Land-Value Capture, આવકના માધ્યમો, નાણાકીય વ્યવહાર્યતા તથા PPP/ખાનગી ક્ષેત્રની ભાગીદારીના મૂલ્યાંકનમાં સહાય કરવી. • પ્રોજેક્ટ મોનિટરિંગ અને નિર્ણય સહાય: કન્સલ્ટન્ટના ડિલિવરેબલ્સ, માઇલસ્ટોન અને સમયમર્યાદાનું મોનિટરિંગ કરવું; ડેશબોર્ડ અને એક્શન મેટ્રિક્સ જાળવવા; નિર્ણય સહાય નોંધો અને પ્રગતિ અહેવાલો તૈયાર કરવા તથા પ્રોજેક્ટના તબક્કાવાર અમલીકરણ અને આયોજનમાં સહાય કરવી. **અપેક્ષિત પરિણામો અને પ્રોજેક્ટની મુખ્ય અસર**		

	• શહેરના પ્રવેશદ્વારમાં સુધારો: ઉચ્ચ ગુણવત્તાવાળા આગમન અનુભવનું નિર્માણ કરવું તથા વડોદરાની આધુનિક, સુગમ રીતે જોડાયેલી અને રોકાણલક્ષી શહેર તરીકેની ઓળખને મજબૂત કરવી. • સંકલિત શહેરી પર્યાવરણ: સંકલિત શહેરી ડિઝાઇન અને માળખાકીય સુવિધાઓ દ્વારા HSR પ્રિસિન્કટની ગુણવત્તા, સલામતી, સુલભતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવો. • રોકાણ અને આર્થિક સંભાવના: કોરિડોરની આસપાસ ખાનગી રોકાણ, વાણિજ્યિક પ્રવૃત્તિઓ, MICE, હોસ્પિટાલિટી, પ્રવાસન અને સહાયક વ્યવસાયો માટેની તકો ઊભી કરવી. • મૂલ્ય નિર્માણ: વધેલી જમીન અને વિકાસની સંભાવનાનો ઉપયોગ મહાનગરપાલિકાની આવક ઊભી કરવા તથા લાંબા ગાળાની નાણાકીય સ્થિરતાને સહાયરૂપ બનાવવા કરવો. • અમલીકરણ માળખું: તબક્કાવાર અમલીકરણ, હિતધારક સંકલન, નાણાકીય વ્યવસ્થા અને પ્રોજેક્ટ અમલીકરણ માટે સ્પષ્ટ માળખું પૂરું પાડવું, જેથી સૂચિત કામગીરીનું વ્યવસ્થિત અમલીકરણ સુનિશ્ચિત કરી શકાય.		
૪૪	**"Transformation of Primary Schools under Gandhinagar Municipal Corporation into Centres of Excellence in Primary Education"** **પ્રોજેક્ટની પૃષ્ઠભૂમિ** પ્રાથમિક શિક્ષણ બાળકના સર્વાંગી વિકાસનો પાયો છે. માત્ર શાળામાં પ્રવેશ અને હાજરી પૂરતી ન રહેતાં વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન, ગણનાત્મક ક્ષમતા, સમજશક્તિ, સર્જનાત્મકતા, સંવાદ કૌશલ્ય, જીવન કૌશલ્ય તથા ડિજિટલ સાક્ષરતા જેવી ક્ષમતાઓનો વિકાસ થાય તે જરૂરી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ઉપલબ્ધ માનવ સંસાધન, શૈક્ષણિક માળખું, ટેકનોલોજી, સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓ તથા અન્ય સુવિધાઓનો વધુ અસરકારક અને પરિણામલક્ષી ઉપયોગ કરી શકાય તે માટે data-driven school improvement model વિકસાવવાની જરૂરિયાત છે. આ પ્રોજેક્ટનો મુખ્ય અભિગમ એ રહેશે કે દરેક શાળાની વર્તમાન સ્થિતિનું baseline assessment કરવામાં આવે અને તેના આધારે શાળાવાર સુધારણા યોજના તૈયાર કરવામાં આવે. **મુખ્ય સમસ્યા (Problem Statement)** હાલની વ્યવસ્થામાં પ્રાથમિક શાળાઓની કામગીરીનું મૂલ્યાંકન વિવિધ પરિમાણોના આધારે અલગ–અલગ રીતે થતું હોઈ શકે છે. પરંતુ તમામ શાળાઓ માટે એકસમાન School Performance Framework હેઠળ નીચેના પાસાઓનું સંકલિત મૂલ્યાંકન કરી શકાય તેવી વ્યવસ્થા વિકસાવવાની જરૂરિયાત છે: વિદ્યાર્થીઓની મૂળભૂત શૈક્ષણિક ક્ષમતા, વાંચન, લેખન અને ગણિતીય ક્ષમતા,	ગાંધીનગર મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા

	વિદ્યાર્થી હાજરી અને ગેરહાજરી, Learning outcomes, શિક્ષકની ઉપલબ્ધતા અને ક્ષમતાઓ, શિક્ષણ પદ્ધતિઓ, ICT અને digital learningનો ઉપયોગ, શાળાની ભૌતિક સુવિધાઓ, Library, laboratory તથા activity-based learning, વિદ્યાર્થી–શિક્ષક અનુપાત, વાલીઓની ભાગીદારી, વિદ્યાર્થીઓની સહ–અભ્યાસિક સિદ્ધિઓ, શાળા વ્યવસ્થાપન,વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ remedial અને enrichment activities. આથી ઉપરોક્ત તમામ પરિમાણોને એકસાથે આવરી લેતું School Excellence Framework વિકસાવવાનો આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ રહેશે. **પ્રોજેક્ટનો મુખ્ય હેતુ (Aim of the Project)** ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાયુક્ત, પરિણામલક્ષી, ટેકનોલોજી આધારિત અને બાળક–કેન્દ્રિત શિક્ષણ વ્યવસ્થા વિકસાવી પસંદગીની શાળાઓને Centre of Excellence in Primary Education તરીકે વિકસાવવી તથા તે માટે replicable model તૈયાર કરવું. **પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશો** School Baseline Assessment, Learning Outcome Improvement, Model School Development, Technology Integration, Teacher Capacity Building, Best Practices **પ્રોજેક્ટનો વ્યાપ (Scope of the Project)** • Phase-I - Baseline Study: GMCની પ્રાથમિક શાળાઓની હાલની સ્થિતિનો અભ્યાસ, વિદ્યાર્થી સંખ્યા, હાજરી, શિક્ષક સંખ્યા અને ઉપલબ્ધ સુવિધાઓનું mapping, Learning outcome assessment, Infrastructure gap assessment, Digital infrastructure assessment, Library અને learning resourcesનું assessment, Parent/community participation assessment. • Phase-II - Data Analysis: શાળાવાર ઉપલબ્ધ માહિતીનું સંકલન કરી ૧૨ મુખ્ય સૂચકાંકોનું વિશ્લેષણ કરવામાં આવશે (Student Attendance, Learning Outcomes, Literacy Level, Numeracy Level, Teacher Availability, Teacher Training, Digital Learning, Infrastructure, Library & Reading, Sports & Co-curricular, Health & Nutrition, Parent Participation) અને દરેક શાળાનું School Performance Profile તૈયાર કરવામાં આવશે. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી** • Baseline Survey: પસંદગીની શાળાઓનું baseline assessment કરવું. • Data Collection & Analysis: માહિતીનું સંકલન અને વિશ્લેષણ કરવું. • School Performance Dashboard: ડેશબોર્ડ/મોડેલ તૈયાર		

	કરવું. • Gap Analysis: Current Status → Gap → Intervention → Expected Outcome ના આધારે gap analysis કરવું. • School Improvement Categorisation: શાળાઓને સ્પર્ધાત્મક ranking આપવાને બદલે Foundation, Improvement, Development, Advanced, અને Centre of Excellence Potential જેવી શ્રેણીઓમાં વર્ગીકૃત કરવાની ભલામણ કરવી. • Model School: પસંદગીની શાળામાં મોડેલનું pilot implementation કરવું. • Best Practices Documentation: સફળ પદ્ધતિઓનું ડોક્યુમેન્ટેશન કરવું. • Policy Recommendation: "Primary School Excellence Policy/Framework" માટે ભલામણો રજૂ કરવી. **અપેક્ષિત પરિણામો (Expected Outcomes)** ટૂંકા ગાળાના પરિણામો (Short-term): Baseline database, school-wise performance profiles, learning/infrastructure gap identification, teacher training needs, Centre of Excellence Model Design. લાંબા ગાળાના પરિણામો (Long-term): શાળાઓમાં મોડેલનું અમલીકરણ, શૈક્ષણિક પરિણામો અને હાજરીમાં માપી શકાય તેવો સુધારો, શિક્ષકોની ક્ષમતાવૃદ્ધિ, ડિજિટલ લર્નિંગ, વાલી અને સમાજની ભાગીદારીમાં વધારો. **માપી શકાય તેવા લક્ષ્યાંકો (Measurable Targets)** પસંદગીની GMC પ્રાથમિક શાળાઓનું ૧૦૦% baseline assessment. દરેક શાળા માટે School Performance Profile. Learning outcome grade-wise baseline. Gap Analysis Report. Centre of Excellence માટે વિગતવાર Model Framework. ઓછામાં ઓછી એક Pilot School માટે transformation plan. Teacher capacity-building training framework. School Performance-Dashboardનું prototype. Best Practicesનું documentation. GMC Primary Education Excellence Policy/Action Plan.		
૪૫	**શહેરી કચરાનું રીસાયકલીંગ – પ્રવાહી અને ઘન કચરો** **પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ (Aim of the Project):** • ઘન કચરા વ્યવસ્થાપન: મહાનગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતા ઘન કચરાના કલેક્શન, ટ્રાન્સપોર્ટેશન અને પ્રોસેસિંગ સિસ્ટમનું એનાલિસિસ કરી ઘન કચરા વ્યવસ્થાપનને વૈજ્ઞાનિક, પર્યાવરણલક્ષી અને ટકાઉ	જુનાગઢ મહાનગરપાલિકા	મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા

	પદ્ધતિથી વ્યવસ્થાપન તથા મહત્તમ પુનઃઉપયોગ/રીસાયકલિંગ થઈ શકે તેવું બનાવવું. • સો.વે.મે. રૂલ્સ ૨૦૨૬ નું અમલીકરણ: સો.વે.મે. રૂલ્સ ૨૦૨૬ નું પાલન થાય તે માટે નિયમોના અમલમાં રહેલી ખામીઓનું એનાલિસિસ કરી અને સમયબદ્ધ ફોલો–અપ સિસ્ટમ વિકસાવવી જેથી સમયમર્યાદામાં રૂલ્સનું અમલીકરણ થઈ શકે. • ડિજિટલ ફરિયાદ પોર્ટલ: પોર્ટલ પર આવતી વિવિધ ફરિયાદોનું એનાલિસિસ કરવું જેથી નાગરિકોની સુવિધા વધુ ઝડપી બનાવી શકાય. • ડિજિટલ મોનીટરીંગ: વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત વેસ્ટ કલેક્શન, ટ્રાન્સપોર્ટેશન, પ્રોસેસિંગનું વધુ અસરકારક મોનીટરીંગ થઈ શકે તે માટે સિસ્ટમ વિકસાવવી. **ઈન્ટીગ્રેટેડ ડેશબોર્ડ:** • વેસ્ટ કલેક્શન અને ટ્રાન્સપોર્ટેશનના મોનીટરીંગ માટે હયાત સિસ્ટમ સાથે સીટીઝનની વેસ્ટ કલેક્શન માટે આવતી ફરિયાદોનું ઈન્ટીગ્રેશન કરવું. વેસ્ટ કલેક્શનની સેવા વધુ ઝડપી બનાવી શકાય અને ફરિયાદો ઘટાડી શકાય. **ઘન કચરા વ્યવસ્થાપનના અન્ય પ્રશ્નોનું વિશ્લેષણ:** • ઘરે થી જ કચરાના સેગ્રીગેશન, ઓન સાઈટ વેટ વેસ્ટ પ્રોસેસિંગ, બલ્ક વેસ્ટ જનરેટરો માટેનું ઓનસાઈટ વેટ વેસ્ટ પ્રોસેસિંગ કરે તે માટે જરૂરી એનાલિસિસ કરવું. **ફેલો પાસેથી અપેક્ષિત કામગીરી અને ટેક્નોલોજીનો ઉપયોગ:** • વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમમાં હયાત જી.પી.એસ. મોનીટરીંગ સિસ્ટમનો અભ્યાસ કરી જરૂરી સૂચનો / સુધારાઓ સૂચવવા. • ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત વેસ્ટ કલેક્શન & ટ્રાન્સપોર્ટેશન, વેસ્ટ સિગ્રીગેશન અને વેસ્ટ પ્રોસેસિંગમાં અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી મળતમ વેસ્ટ નું રી–યુઝ–રિસાયકલિંગ થાય અને મીનીમમ વેસ્ટ ડમ્પસાઈટ ખાતે નિકાલ થાય તે માટે ગેપ એનાલિસીસ તેમજ જરૂરી સૂચનો પૂરા પાડવા. **અપેક્ષિત પરિણામો:** • ઘન કચરા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવી શકાય.		

	શહેરની સ્વચ્છતા, પર્યાવરણ અને જાહેર આરોગ્ય સંબંધિત વ્યવસ્થામાં સુધારો. • નાગરિકોને આપવામાં આવતી સેવામાં વધારો, ફરિયાદોમાં ઘટાડો તેમજ સિસ્ટમમાં સુધારો. • વેસ્ટ મેનેજમેન્ટમાં નાગરિકોની ફરજો / જવાબદારીઓ પ્રત્યે વધુ સજાગતા લાવી શકાશે.		

વિભાગ/ખાતાના વડા પરિશિષ્ટ-૨માં દર્શાવેલ વિષય/પ્રોજેક્ટ ની વિગતો સિવાય અન્ય કોઈ વિષય/પ્રોજેક્ટની કામગીરી ફેલો પાસેથી લેવા ઈચ્છે તો સરકારશ્રીની મંજૂરી લઈને ફેલોને સદર પ્રોજેક્ટ/વિષયની કામગીરી સોંપી શકશે. [18]

[18] તા.૧૮/૧૧/૨૦૨૪ના ઠરાવથી જોગવાઈ ઉમેરવામાં આવેલ છે.

(પરિશિષ્ટ–૩)

ફેલોની તાલીમ

સુશાસન નીતિ–નિર્માણને વધારવાના ઉદ્દેશ્યથી ફેલોશિપ પ્રોગ્રામના અમલીકરણની સુવિધા માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ, **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** વચ્ચે જરૂરી MOU કરવાના રહેશે.

કાર્યક્રમની વિગતો: સીએમ ફેલોશિપ પ્રોગ્રામ

સમયગાળો : બે અઠવાડિયા

સ્થળ : સ્પીપા, અમદાવાદ

સહભાગીઓ: કાર્યક્રમ દીઠ ૪૭, જો કે વાસ્તવિક જરૂરિયાત સમયસર નક્કિ કરવામાં આવશે.

ફેલોશિપ પ્રોગ્રામમાં સ્પીપાની ભૂમિકા:-

સ્પીપાની ભૂમિકા નીચે મુજબ છે :

તાલીમ પ્રદાતા: SPIPA ફેલોને તાલીમ આપશે.

વહીવટી સમર્થન: SPIPA કાર્યક્રમની સરળ કામગીરીમાટે વ્યાપક વહીવટી સમર્થન આપશે.

ઓરિએન્ટેશન પ્રોગ્રામ: SPIPA ફેલોને પ્રોગ્રામના ઉદ્દેશ્યો, અપેક્ષાઓ અને સંસ્થાકીય માળખાથી પરિચિત કરવા માટે એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરશે.

તાલીમનો સમયગાળો: ફેલો સ્પીપા દ્વારા આયોજિત એક સપ્તાહના તાલીમ કાર્યક્રમમાંથી પસાર થશે અને આ તાલીમ સંભવતઃ શાસન, નીતિ–નિર્માણ અને સેવા વિતરણના વિવિધ પાસાઓને આવરી લેશે.

ફેલોશિપ પ્રોગ્રામની સફળતા અને અસરકારકતાને સુનિશ્ચિત કરવા માટે તાલીમ, વહીવટી સહાય અને અભિગમ પ્રદાન કરીને પ્રોગ્રામમાં SPIPA ની સહભાગીતા એક મૂલ્યવાન પરિમાણ ઉમેરે છે.

➢ **ફેલોશિપમાં Knowledge Partner (નોલેજ પાર્ટનર) ની ભૂમિકા**

Knowledge Partner (નોલેજ પાર્ટનર) ફેલોની પસંદગી અને તાલીમ સાથે સંકળાયેલા કાર્યક્રમમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. **Knowledge Partner (નોલેજ પાર્ટનર)**, એક શૈક્ષણિક ભાગીદાર તરીકે, ફેલોને મેન્ટરશિપની એક્સેસ પ્રદાન કરશે. આ સંદર્ભમાં **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** ની ભૂમિકાઓ અને જવાબદારીઓની ઝાંખી નીચે મુજબ છે :

- **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** દ્વારા વ્યક્તિગત નિવેદનનું મૂલ્યાંકન
- પસંદગી સમિતિ (SC): **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** ના નિષ્ણાત પેનલિસ્ટ તરીકે સમિતિનો એક ભાગ છે. આ સમિતિ ફેલોની અંતિમ ભલામણ માટે જવાબદાર રહેશે.
- તાલીમ કાર્યક્રમ

➢ સમયગાળો: તાલીમ કાર્યક્રમ એક સપ્તાહ(દિન–૦૫).

➢ સત્રો: દરરોજ ચાર સત્રો રહેશે. દરેક ૧ કલાક અને ૧૫ મિનિટ.

- ➢ અધ્યાપન પદ્ધતિ: પ્રોગ્રામ ઇમર્સીવ શિક્ષણ માટે "કેસ પદ્ધતિ" નો ઉપયોગ કરે છે

- ફેલો મૂલ્યાંકન:

- ➢ **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** તેમના કાર્યકાળ દરમિયાન ફેલોના મૂલ્યાંકનમાં પણ સામેલ રહેશે. મૂલ્યાંકન પ્રક્રિયામાં સંભવતઃ કાર્યક્રમ દરમિયાન ફેલોની સહભાગિતા, યોગદાન અને એકંદર વિકાસ સંબંધિત માપદંડોનો સમાવેશ થાય છે.

પુરસ્કાર પ્રમાણપત્ર:

- ➢ ફેલોનો કાર્યકાળ પૂર્ણ થયા પછી, **Knowledge Partner (નોલેજ પાર્ટનર)** ફેલોશિપ પ્રમાણપત્ર આપવા માટે ગુજરાત સરકાર સાથે સહયોગ કરશે.

-ફેકલ્ટી સંશાધનો

નોલેજ પાર્ટનર દ્વારા નામનિર્દિષ્ટ કરવામાં આવનાર વરિષ્ઠ ફેકલ્ટી સભ્ય નોલેજ પાર્ટનર તરફથી મુખ્ય ભૂમિકા ભજવશે. [19]

[19] તા.૨૬/૧૦/૨૦૨૬ના સુધારા ઠરાવથી સુધાર્યા મુજબની જોગવાઈ ઉમેરવામાં આવે છે.

(with General Administration Department G.R. No- GAD/MSM/e-file/1/2023/7162/ARTD2 dated.24.11.2023)

ANNEXURE-4

UNDERTAKING

I…………………………………………………Age.......Residence:…………..

………………………………………………….solemnly affirm & declare on Oath that:

I have been offered to join fellowship under the Govt. of Gujarat Sardar patel good governance C.M's Fellowship Program. I hereby abide myself that during the fellowship and attachment with my allotted Head of the department or during the interaction with the C.M's office and even after the completion of my fellowship program, I shall not divulge or disclose any information which comes to my knowledge during this period.

I hereby also state that I have carefully read the guideline of Sardar patel good governance C.M's fellowship and I am agree with the Terms and conditions of it.

I hereby also state that neither myself nor any of my family members are involved with any political or unlawful organization.

I have also been made to understand that this Affidavit can be and shall be used against me for legal proceedings as and when I breach the above undertaking.

In testimony I hereby sign and execute the affidavit before notary..... ....in my full conscious and without any pressure or coercion at my own will on _____ day of month of 2023

____

Notary

Day/Date_____________